

# સપ્ટેમ્બર

## ૨૦૨૧

## તમામ માહિતી સાથે

Most IMP
Current Affairs

Crack GPSC

www.crackgpsc.com

# સપ્ટેમ્બર ૨૦૨૧

## (૧ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧)

## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ**

(ડે. કલેક્ટર)

પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

**material**



# Most Imp Current Affairs

**1 સપ્ટેમ્બર**

- અમેરિકાએ 31 ઓગસ્ટ પહેલાં અફઘાનિસ્તાનમાં 20 વર્ષથી ચાલી રહેલ યુદ્ધને સમાપ્ત કરવાની ઘોષણા કરી.
- ભુવનેશ શેઠ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર EOUs અને SEZs (EPCES)ના નવા અધ્યક્ષ નિયુક્ત.
- ટોક્યો પેરાલિમ્પિકમાં સુમિત અંતીલે મેન્સ જેવલીન થ્રો F64માં ગોલ્ડ જીત્યો. સુમિતે 68.55 મીટરનો થ્રો ફેંકીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો. દેવેન્દ્ર ઝાઝરિયાએ મેન્સ મેન્સ જેવલીન થ્રોમાં સિલ્વર જીત્યો.
- શાંતિ લાલ જૈન ઇન્ડિયન બેંકના MD અને CEO નિયુક્ત.
- ટોક્યો પેરાલિમ્પિકમાં યોગેશ કથુનિયાએ મેન્સ ડિસ્કસ થ્રોમાં સિલ્વર જીત્યો.
- પી. ઇનિયાને પેરીસમાં નોઇસીલ ઇન્ટરનેશનલ ચેસ ઓપન 2021નું ટાઇટલ જીત્યું.
- ભારતીય બેડમિન્ટન ખેલાડી મેરાબા લુવાંગ મેસમે યોનેક્સ લાતવિયા ઇન્ટરનેશનલ ફ્યુચર સિરીઝ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં મેન્સ સિંગલનો ખિતાબ જીત્યો.
- SBIના પૂર્વ ગવર્નર રજનીશ કુમાર HSBC એશિયાના સ્વતંત્ર ડિરેક્ટર નિયુક્ત.
- ફોર્બ્સ મેગેઝીનના અહેવાલ મુજબ વિશ્વના 42% અબજપતિઓ એશિયામાં છે, વિશ્વનાં ટોપ 10 શહેરો પૈકી ભારતના એકમાત્ર મુંબઈમાં 48 ધનિકો.
- એલન મસ્કની કંપની ટેસ્લા ઇલેક્ટ્રિક કાર બાદ હવે 'ટેસ્લા બોટ' નામનો રોબોટ બનાવશે.
- વડાપ્રધાન મોદીએ 80મા મન કી બાત કાર્યક્રમમાં નવું સૂત્ર 'સબ ખેલે, સબ ખીલે' આપ્યું.
- ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા ભારતીય કુશ્તીને વર્ષ 2032ના ઓલિમ્પિક માટે દત્તક લેવામાં આવશે.

**2 સપ્ટેમ્બર**

- ફિલિપ્સ કંપનીએ 7000 રૂપિયાની કિંમતનું 'ફ્રેશ એર' નામનું હવાના પ્રદૂષણથી બચાવતું માસ્ક બનાવ્યું.
- LICએ વીમા એજન્ટ્સની સરળતા માટે 'ANANDA' (આત્મ નિર્ભર એજન્ટ્સ ન્યુ બીઝનેસ ડિજિટલ એપ) લોન્ચ કરી.
- સર્ચ એન્જિન yahooએ ભારતમાં પોતાની સમાચાર વેબસાઇટ્સ બંધ કરવાનો નિર્ણય કર્યો.
- અલ્જિરિયાએ મોરોક્કો સાથેના તમામ રાજનૈતિક સંબંધો રદ કર્યા.
- પંજાબ રાજ્ય સરકારે ખેડૂત અંદોલન દરમ્યાન મૃત્યુ પામેલા 104 ખેડૂતો અને મજૂરોના સ્વજનને સરકારી નોકરી આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી.

- ભંવર સિંહ સમોરને રાજસ્થાની ભાષાનો સાહિત્ય અકાદમી પુરસ્કાર-2020 આપવામાં આવ્યો.
- નેધરલેન્ડની મહિલા ખેલાડી ફ્રેડરિક ઓવરડિક એક જ T20માં 7 વિકેટ લેનાર પ્રથમ ખેલાડી બની.
- અફઘાનમાંથી વિદાય લેનાર સૌથી છેલ્લો અમેરિકન સૈનિક મેજર જનરલ ક્રીસ ડોનાહ્યુ છે.
- ગોવા યુનિવર્સિટીનાં સંશોધક દિકાંશ પરમાર (મૂળ સુરતના) માત્ર એક ઇંચની નાની ગરોળીની શોધ કરી, જેને 'ગોઅન સ્લેન્ડર ગેકો' નામ આપ્યું.
- ગુજરાત સરકારે 2 સપ્ટેમ્બરથી 6 સપ્ટેમ્બર સુધી 'ફાર્મ ફ્રેશ કમલમ અને ફળ મહોત્સવ-2021'નું આયોજન કર્યું, જેનો હેતુ કમલમ (ડ્રેગન ફ્રૂટ) તથા શાકભાજીમાં આવેલ વૈવિધ્ય અંગે ખેડૂતોને માહિતગાર કરવાનો અને તેનાં સીધા વેચાણનો છે.
- પોલીયોગ્રસ્ત થનાર અને પ્રથમ વખત ઓલિમ્પિકમાં ભાગ લેનાર સિંહરાજ અધાનાએ મેન્સ 10 મીટર એર પિસ્ટલ SF1 ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતના મરિયપ્પન થંગાવેલુએ હાઇજમ્પ ઇવેન્ટમાં 1.86 મીટરનાં જમ્પ સાથે સિલ્વર મેડલ જીત્યો, જ્યારે 1.83 મીટરના જમ્પ સાથે શરદ કુમારે બ્રોન્ઝ મેડલ જીત્યો.
- ટોક્યો પેરાલિમ્પિકમાં મેન્સ જેવલીન થ્રોમાં સુંદર સિંહ ગુર્જરે બ્રોન્ઝ મેડલ જીત્યો.
- અલાબામા, મિસિસિપિ, ફ્લોરિડા અને લ્યુશિયાના વિસ્તારમાં 'ઈડા' નામનું વાવાઝોડું ત્રાટક્યું.
- અફઘાનિસ્તાન પર તાલીબાનોનો અધિકાર થયાં બાદ દોહા ખાતે ભારતના રાજદૂત દીપક મિત્તલે તાલીબાની નેતા શેર મોહમ્મદ અબ્બાસ સ્ટેનકજઇ સાથે પ્રથમ વખત મુલાકાત કરી.

**3 સપ્ટેમ્બર**

- 9 જજિસની નિમણૂક બાદ સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસની કુલ સંખ્યા 33 થઇ. 2027માં મહિલા જજ બીવી નાગરત્ના ચીફ જસ્ટિસ બને તેવી શક્યતા.
- ચીનમાં 18 વર્ષની નીચેની વયના બાળકોને સપ્તાહમાં માત્ર ત્રણ કલાક ઓનલાઇન ગેમ રમવાની મંજૂરી. વધતાં જતા ગેમિંગનાં વ્યસન તથા દુષ્પ્રભાવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો.
- BRICS ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના યુવા નેતાઓના અધ્યક્ષ અવિ મિત્તલ ડેફિક કાઉન્સિલ ઓફ મહારાષ્ટ્રના માનદ મહાસચિવ નિયુક્ત.
- ફિનટેક પેયુએ ભારતના પ્રથમ પેમેન્ટ ગેટવે બિલડેસ્કનું અધિગ્રહણ 4.7 બિલિયન ડોલરમાં કર્યું.
- હરેકૃષ્ણ આંદોલન તરીકે જાણીતા ISCKON (ઇન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણ કોન્શિયસનેસ)ના સ્થાપક ભક્તિવેદાંત સ્વામી પ્રભુપદજીની 125મી જયંતી નિમિત્તે વડાપ્રધાન મોદીએ 125 રૂપિયાનો સ્મારક સિક્કો બહાર પાડ્યો.
- ઓલિમ્પિક બ્રોન્ઝ વિજેતા ભારતીય હોકી ટીમના સભ્ય વિવેક સાગર પ્રસાદને મધ્યપ્રદેશમાં DSPનાં હોદ્દા પર નિયુક્ત કરવામાં આવશે.
- અલ્હાબાદ હાઇકોર્ટે ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરીને ગૌરક્ષાને હિંદુઓનો મૂળભૂત અધિકાર બનાવવાની ટિપ્પણી કરી.
- RBIએ KYC સંબંધી સૂચનાઓના પાલનમાં બેદરકારી માટે એક્સિસ બેંકને 25 લાખ રૂપિયાનો દંડ કર્યો.

- ઓગસ્ટ માસમાં 25% ગ્રોથ અને 7500 કરોડ રૂપિયાના GST કલેક્શન સાથે ગુજરાત ભારતમાં બીજા ક્રમે અને મહારાષ્ટ્ર 15,175 કરોડ રૂપિયાના કલેક્શન સાથે પ્રથમ ક્રમે.
- ભારતના પ્રથમ પ્લેટીનમ રેટેડ સિટી તરીકે ગાંધીનગરના GIFT સિટીને માન્યતા મળી.
- ભારતીય રેલવે માર્ચ 2024 સુધીમાં 102 'વંદે ભારત' ટ્રેનો ચલાવશે.
- SBIએ સ્થાનિક અને પ્રવાસીઓની સુવિધા માટે શ્રીનગરનાં દાલ સરોવર પર ફ્લોટિંગ (તરતું) ATM શરૂ કર્યું.
- ઓડીસામાં જન્મેલ ન્યુરોસર્જન ડૉ. બસંત કુમાર મિશ્રાને ન્યુરોસર્જરીમાં પ્રતિષ્ઠિત AANS (અમેરિકન એસોસિએશન ઓફ ન્યુરોલોજિકલ સર્જન્સ) ઇન્ટરનેશનલ લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો. આ એવોર્ડ મેળવનાર તેઓ પ્રથમ ભારતીય બન્યા.
- રાબોબેંકના ગ્લોબલ ડેરી ટોપ20 રિપોર્ટમાં અમૂલ ડેરી 18મા ક્રમે.
- હિમાચલ પ્રદેશ કોરોના વિરૂદ્ધ 100% રસીકરણ પૂર્ણ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું.
- શ્રીલંકાએ અનાજ અને ખોરાકની અછતના કારણે ખાદ્ય કટોકટી જાહેર કરી.
- TV રિયાલીટી શો બીગબોસ-13 વિજેતા સિદ્ધાર્થ શુક્લાનું નિધન.
- BBCનાં પ્રથમ હિંદી સમાચાર વાચક રજની કૌલનું નિધન.

**4 સપ્ટેમ્બર**

- લદ્દાખમાં લેહને પેંગોગ તળાવ સાથે જોડતા વિશ્વના સૌથી ઊંચા મોટરેબલ રોડનું લદ્દાખનાં સાંસદ જમ્યાંગ ત્સરિંગ નામગ્યાલે ઉદઘાટન કર્યું.
- બાંગ્લાદેશનાં વેક્સિન વિજ્ઞાનિક ડૉ. ફિરદોસી કાદરી રેમન મેગ્સેસે એવોર્ડથી સન્માનિત પાંચ વિજેતાઓમાંથી એક. અન્ય ચાર મેગ્સેસે વિજેતાઓ મુહમ્મદ અમઝદ સાકીબ (પાકિસ્તાન), રોબર્ટો બેલોન (ફિલીપિન્સ), સ્ટીવન મુંસી (અમેરિકા) અને વોચડોક (ઇન્ડોનેશિયા) છે.
- પરસારામ પટ્ટાભિ કેશવ રામાચાર્યુલુએ રાજ્યસભાના નવા મહાસચિવ તરીકે કાર્યભાર સંભાળ્યો.
- જે. બી. મહાપાત્રા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (CBDT)ના અધ્યક્ષ નિયુક્ત.
- IIT-રોપડે વિશ્વનું પ્રથમ 'પ્લાન્ટ બેઝ્ડ' સ્માર્ટ એર પ્યોરીફાયર વિકસાવ્યું.
- અડીદાસે પોતાના 'સ્ટે ઇન પ્લે' અભિયાન માટે મીરાબાઇ ચાનુને નિયુક્ત કર્યા.
- આસામ કેબિનેટે આદિવાસીઓની ભાવનાઓને ધ્યાનમાં રાખીને ઓરાંગ નેશનલ પાર્કમાંથી રાજીવ ગાંધીનું નામ હટાવવાનો નિર્ણય કર્યો.
- મોહમ્મદ આરીફ વિપ્રોનાં મધ્ય પૂર્વના કન્ટ્રી હેડ અને MD નિયુક્ત.
- સંજય સિંહ ફ્રાંસિસી બેંક BNP પરિબાસના ભારત માટે CEO નિયુક્ત.
- ટાઇમ્સ હાયર એજ્યુકેશન (THE) વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ-2022માં UKની ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રથમ ક્રમે. ઓક્સફર્ડ સતત છઠ્ઠા વર્ષે પ્રથમ ક્રમે. આ રેન્કિંગમાં IISc-બેંગ્લોર ભારતની ઊંચા રેન્ક વાળી સંસ્થા છે.

- ઇન્ડિયા ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશન (ITPO)ના અધ્યક્ષ અને MD એલ. સી. ગોયલનો કાર્યકાળ એક વર્ષ માટે વધારવામાં આવ્યો.
- બ્રાઝિલના પેરાસ્વિમર ડેનિયલ ડાયસે ટોક્યો પેરાલિમ્પિકમાં ત્રણ બ્રોન્ઝ મેડલ મેળવ્યા. આ સાથે પેરાલિમ્પિકના ઈતિહાસમાં 14 ગોલ્ડ સાથે 27 મેડલ્સ જીતનાર એથ્લીટ બન્યો.
- કોલંબોમાં રમાયેલ શ્રીલંકા-સાઉથ આફ્રિકાની વન-ડે મેચમાં એક પણ નો બોલ કે વાઈડ બોલ વગર આફ્રિકાના બોલર એડનમાર્કરામે 16મી ઓવરમાં સાત બોલ નાખ્યા.
- CMIE (સેન્ટર ફોર મોનિટરીંગ ઇન્ડીયન ઈકોનોમી)ના અહેવાલ મુજબ ઓગસ્ટ-2021માં રાષ્ટ્રીય બેરોજગારીનો દર 1.37%થી વધીને 8.32% થયો.
- યુરોપિયન યુનિયનના ડેટા પ્રાઇવસીના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ આયરલેન્ડમાં વ્હોટ્સએપને 1950 કરોડ રૂપિયાનો દંડ.
- બાંગ્લાદેશમાં મહિલા ઉધોગ સાહસિકો માટે ભારત દ્વારા સોફ્ટ સ્કિલ ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે.
- 'પાણી બચાવવા માટે પાણી બચાવો' અભિયાન અંતર્ગત ગોવા લોકોને મફત પાણી આપનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું.
- રિલાયન્સ રિટેલે જસ્ટ ડાયલનું અધિગ્રહણ કર્યું. જસ્ટ ડાયલના VSS મણી MD અને CEO તરીકે બિઝનેસ ટૂ બિઝનેસ' સર્ચ એન્જિનનું નેતૃત્વ ચાલુ રાખશે.
- ચંડીગઢ રેલવે સ્ટેશન FSSAI (ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ્સ ઓથોરીટી ઓફ ઇન્ડિયા) દ્વારા 5-સ્ટાર 'ઈટ રાઈટ સ્ટેશન' પ્રમાણપત્ર મેળવનાર ભારતનું પાંચમું રેલવે સ્ટેશન બન્યું. આ પહેલા આનંદ વિહાર ટર્મિનસ (દિલ્હી), છત્રપતિ શિવાજી ટર્મિનસ (મુંબઈ), સેન્ટ્રલ રેલવે સ્ટેશન (મુંબઈ) અને વડોદરા રેલવે સ્ટેશનને મળેલ છે.

**5 સપ્ટેમ્બર**

- BRICS દેશો દ્વારા સ્થાપિત ન્યુ ડેવલપમેન્ટ બેંક (NDB)એ UAE, ઉરૂગ્વે અને બાંગ્લાદેશને નવા સભ્યો તરીકે જોડ્યા.
- પત્રકાર યોજનાના પ્રવર્તમાન દિશાનિર્દેશોની સમીક્ષા માટે પ્રસાર ભારતી બોર્ડના સભ્ય અશોકકુમાર ટંડનની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી.
- ડિફેન્સ એક્સ્પો-2022 ગુજરાતમાં યોજાશે.
- ભારત અમેરિકા અને ચીન બાદ વિશ્વની ત્રીજી સૌથી મોટી યુનિકોર્ન/સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ બન્યું.
- મનીષ નરવાલે ટોક્યો પેરાલિમ્પિકમાં 50 મીટર મિક્સ્ડ પિસ્ટલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- વર્તિકા શુક્લા એન્જિનિયર્સ ઇન્ડિયા લિ.ના પ્રથમ મહિલા CMD બન્યાં.
- પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ.એ 'એસોસિએશન ફોર ટેલેન્ટ ડેવલપમેન્ટ (ATD)-2021 બેસ્ટ એવોર્ડ' જીત્યો. વિશ્વની 71 સંસ્થાઓમાં 8મા ક્રમાંક સાથે આ એવોર્ડ જીતનાર પાવરગ્રીડ એકમાત્ર PSU છે.
- વિશ્વના દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટીયાનો રોનાલ્ડોએ ઇન્ટરનેશનલ ફૂટબોલમાં હાઈએસ્ટ (111) ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો.

- અતુલ ભટ્ટ રાષ્ટ્રીય ઇસ્પાત નિગમ લિ. (RINL)ના અધ્યક્ષ અને MD નિયુક્ત.
- FSSAIએ ઈ-કોમર્સ પ્લેટફોર્મને ડેરી પ્રોડક્ટ્સ લિસ્ટમાંથી વનસ્પતિ આધારિત પ્રોડક્ટ્સને દૂર કરવાનો નિર્દેશ કર્યો.
- જળવિદ્યુત પ્લાન્ટ બનાવનાર સતલુજ જલ વિદ્યુત નિગમ (SJVN) લિ. 'બેસ્ટ ગ્રોથ પરફોર્મન્સ પાવર'ની શ્રેણીમાં 'ડન એન્ડ બ્રાડસ્ટ્રીટ કોર્પોરેટ એવોર્ડ-2021'થી સન્માનિત.
- ભારત પ્લાસ્ટિક પેક્ટ લોન્ચ કરનાર પ્રથમ એશિયન દેશ બન્યો. આ નવા પ્લેટફોર્મ WWF દ્વારા કન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (CII)ની મદદથી વિકસાવવામાં આવ્યું. આ પ્લેટફોર્મ સર્ક્યુલર પ્લાસ્ટિક સિસ્ટમની રચના માટે રાષ્ટ્રીય સ્તરે પ્રમુખ ઉદ્યોગોને એક સાથે લાવશે અને એક સર્ક્યુલર સિસ્ટમને પ્રોત્સાહન આપશે.
- નવરચિત કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખે સ્નો લેપર્ડને પોતાનું રાજ્ય પશુ અને બ્લેક નેક્ડ ક્રેનને રાજ્ય પક્ષી જાહેર કર્યું.
- HDFC લાઇફ ઇન્સ્યોરન્સ કંપની એક્સાઇડ લાઇફ ઇન્સ્યોરન્સનું અધિગ્રહણ કરશે.
- જાપાનના વડાપ્રધાન યોશીહિદે સુગાએ રાજીનામું આપવાની જાહેરાત કરી.
- ટોક્યો પેરાલિમ્પિકમાં અવની લેખારાએ 50 મીટર રાઇફલ થ્રી પોઝીશન SH1માં બ્રોન્ઝ જીત્યો.
- હરવિંદર સિંહે ટોક્યો પેરાલિમ્પિકમાં રિકર્વ આર્ચરીમાં બ્રોન્ઝ જીત્યો.
- અફઘાનિસ્તાનની નવ રચિત સરકારના પ્રમુખ તરીકે મુલ્લા બરાદર નિયુક્ત. ધાર્મિક નેતા હેબતુલ્લા અખુનઝાદા ઇસ્લામ ધર્મની બાબતો અને શાસન પર ધ્યાન કેન્દ્રિત કરવાની જવાબદારી સંભાળશે. અફઘાન સરકારમાં 12 મુસ્લિમ વિદ્વાનોની સલાહકાર પરિષદ સાથે કુલ 25 મંત્રાલયોની રચના કરવામાં આવી. અફઘાન સરકારે જમ્મુ-કાશ્મીરમાં કોઈ પણ દખલગીરી ન કરવાની પણ ઘોષણા કરી.
- 5 સપ્ટેમ્બર: રાષ્ટ્રીય શિક્ષક દિવસ. ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસને 1962થી ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર બનનાર તેઓ પ્રથમ ભારતીય હતા.
- 5 સપ્ટેમ્બર: આંતરરાષ્ટ્રીય દાન દિવસ. એગ્નેસ ગોંકશા બોજાક્ષિયુ એટલે કે નોબલ વિજેતા મધર ટેરેસાની પૂણ્યતિથી આંતરરાષ્ટ્રીય દાન દિવસ તરીકે ઉજવાય છે. આરોગ્ય, શિક્ષણ, આવાસ, બાળ-સુરક્ષામાં વધારો કરવા માટે ચેરિટીને પ્રોત્સાહન આપવા માટે 2013થી આ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી.

**6 સપ્ટેમ્બર**

- ભારતે પેરાલિમ્પિક ગેમ્સ 2020 (ટોકયો)માં 5 ગોલ્ડ, 8 સિલ્વર, 6 બ્રોન્ઝ સાથે કુલ 19 મેડલો સાથે પુર્ણાહૂતિ કરી.
- 162 દેશોમાં મેડલ ટેલીમાં ભારત 24મા ક્રમે.
- આ વર્ષે ભારતના 54 પેરા એથ્લેટિકોએ 9 અલગ અલગ રમતોમાં ભાગ લીધો જેમાં બેડમિન્ટન અને તાઇક્વોન્ડો (પંચ અને કીક પ્રકારની એક કુસ્તી) માં સૌપ્રથમ પ્રદાર્પણ કર્યું હતું.
- ભારતે 1968માં પ્રથમ વાર પેરાલિમ્પિકમાં ભાગ લીધો હતો બાદમાં 2016માં રિયો પેરાલિમ્પિક (12 મેડલ) અને 2020 માં ટોકયો પરાલિમ્પિકકમાં ભાગ લીધો.

- **ભારતને મળેલા ગોલ્ડ મેડલો.**
  - ✓ અવની લેખરા - મહિલા 10 મીટર એર રાઈફલ સ્ટેન્ડિંગ SH
  - ✓ પ્રમોદ ભગત - પુરૂષ સિંગલ્સ SL3 બેડમિન્ટન
  - ✓ કૃષ્ણા નાગર - પુરૂષ સિંગલ્સ SH6 બેડમિન્ટન
  - ✓ સુમિત એન્ટિલા - મેન્સ જ્વેલિન થ્રો F64
  - ✓ મનીષ નરવાલ - 50 મીટર પિસ્તોલ SH1
- **ભારતને મળેલા સિલ્વર મેડલો.**

  (1) ભાવના પટેલ - મહિલા સિંગલ્સ ક્લાસ 4 ટેબલ ટેનિસ

  (2) સિંહરાજ અધાના - મિશ્ર 50 મીટર પિસ્તોલ SH1

  (3) યોગેશ કથુનીયા - પુરૂષ ડિસ્ક થ્રો F56

  (4) નિષાદ કુમાર - મેન્સ હાઇ જમ્પ T47

  (5) મરિયપ્પન થંગાવેલુ - મેન્સ હાઇ જમ્પ T63

  (6) પ્રવીણ કુમાર - મેન્સ હાઇ જમ્પ T63

  (7) દેવેન્દ્ર જાજરિયા - મેન્સ જ્વેલિન થ્રો F46

  (8) સુહાસ યથીરાજ - બેડમિન્ટન મેન્સ સિંગલ્સ - SL
- **ભારતને મળેલા બ્રોન્ઝ મેડલો.**

  (1) અવની લેખરા - મહિલા 50 મીટર રાઇફલ 3 પોઝિશન SH

  (2) હરવિંદર સિંહ -પુરૂષોની વ્યક્તિગત રિકર્વ તિરંદાજી

  (3) શરદકુમાર - મેન્સ હાઇજમ્પ T63

  (4) સુંદરસિંહ ગુર્જર - મેન્સ જ્વેલિન થ્રો F46

  (5) મનોજ સરકાર - મેન્સ સિંગલ્સ બેડમિન્ટન SL3

  (6) સિંહરાજ અધાના - પુરૂષ 10 મીટર એર પિસ્તોલ SH1
- ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા (DCGI)એ કોવિડ-19 વેક્સિન કોર્બેક્સના બે ક્લિનિકલ ટ્રાયલ માટે બાયોલોજિકલ Eને મંજૂરી આપતાં દવા બનાવનાર ભારતીય કંપનીઓ બાળકો અને કિશોરોમાં પોતાની કોવિડ-19 રસીનો અભ્યાસ શરૂ કરી શકશે.
- કેન્દ્ર સરકારના NeGD (નેશનલ ઈ-ગવર્નન્સ ડિવિઝન)એ ભારતના સાયબર કાયદાઓનો અસરકારક રીતે અમલ કરાવવા માટે પોલીસ અધિકારીઓ અને સાયબર સેલ્સને તાલીમ આપવાના હેતુથી નેશનલ લો યુનિવર્સિટી (દિલ્હી) અને નેશનલ લો ઇન્સ્ટીટ્યુટ યુનિવર્સિટી (ભોપાલ) સાથે સમજૂતી કરાર કર્યા. NeGDના અધ્યક્ષ અભિષેક સિંઘ છે.

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી

**Quality એટલે Crack GPSC**

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

ક્લાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય ક્લર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

Crack GPSC

76000 51070

ક્રેક GPSC

- સોલાર પાર્ક યોજના હેઠળ ભારત સરકારે 45 સોલાર પાર્ક બનાવવાની મંજૂરી આપી, જેની મદદથી સરકાર 37 GW ઊર્જા ઉત્પન્ન કરશે. ભારત 175 GW પુન:પ્રાપ્ય ઊર્જા ઉત્પાદિત કરવા માટે વિશ્વનો સૌથી મોટો 'સ્વચ્છ ઊર્જા કાર્યક્રમ' ચલાવે છે.
- પાકિસ્તાને અફઘાનિસ્તાન સાથેની 2640 કિલોમીટર લાંબી દૂરંદ રેખા પર 2017માં ફેન્સિંગ કરવાનું કાર્ય શરૂ કરેલ છે, જેનો વિરોધ અફઘાન લોકો કરી રહ્યા હોવાનો તાલીબાનનો મત છે.
- નાણા મંત્રાલયે જાહેર ક્ષેત્રના કર્મચારીઓ માટે EPFમાં 2.5 લાખ અને સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે 5 લાખ રૂપિયા સુધીની બચતને કરમુક્ત જાહેર કરી.
- ભારતનું પ્રથમ ન્યુક્લિયર મિસાઈલ ટ્રેકિંગ જહાજ INS ધ્રુવ લોન્ચ કરવામાં આવશે, જે દુશ્મનોની ન્યુક્લિયર મિસાઈલને ટ્રેક કરવાની ક્ષમતા ધરાવે છે. અત્યાર સુધી ફ્રાન્સ, અમેરિકા, બ્રિટન, રશિયા અને ચીન પાસે આ ટેકનોલોજી હતી.
- દિલ્હી વિધાનસભા અને લાલ કિલ્લાને જોડતી ઈ.સ. 1912માં નિર્મિત સુરંગ મળી આવી, જે રાજધાનીને કોલકાતાથી દિલ્હીમાં સ્થળાંતરિત કર્યા બાદ બનાવવામાં આવી હતી અને તેનો ઉપયોગ સ્વતંત્રતા સેનાનીઓને કોર્ટમાં લઇ જવા માટે કરવામાં આવતો.
- નોર્વેના વેલ્થ ફંડે ભારતની ONGC કંપનીને પોતાના લિસ્ટમાંથી દૂર કરી.
- TRAI (ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઇન્ડિયા)ના નવા આદેશ અનુસાર કોઈ પણ કંપની મોબાઈલ નંબર પોર્ટ કરવા માટે ગ્રાહકોને વિવિધ ટેરિફ ઓફર્સ આપી શકશે નહિ.
- જાપાનના રાજા નારહિતોના ભાઈ રાજકુમાર આકિશીનોની દીકરી રાજકુમારી માકો રાજવંશ છોડીને સામાન્ય નાગરિક અને તેના પ્રેમી કોમુરો સાથે લગ્ન કરશે, જે માટે તેણે રાજપરિવાર તરફથી મળનાર રૂપિયા 9.10 કરોડનું વળતર પણ નકાર્યું.
- મારુતિ સુઝુકીએ સુરક્ષાના મુદ્દા અંતર્ગત 2018થી 2020 સુધીમાં બનેલ સિઆઝ, અર્ટીગા, બ્રેઝા, એસક્રોસ, એક્સેલ-6 મોડલ્સના પેટ્રોલ વર્ઝનની કુલ 1,81,754 કાર પરત ખેંચી.
- આસામનું એકમાત્ર રામસર સ્થળ દીપર બીલ વન્યજીવ અભયારણ્ય પર્યાવરણ સંવેદનશીલ ક્ષેત્ર ઘોષિત કરાયું. પક્ષીહ અભયારણ્ય હોવાની સાથે તે રાજ્યનું સૌથી મોટું મીઠા પાણીનું સરોવર પણ છે.
- ઝુઓલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા એનિમલ ડિસ્કવરી 2020 દ્વારા પ્રકાશિત અહેવાલ અનુસાર ભારતમાં જીવજંતુઓની 557 નવી પ્રજાતિઓ સાથે કુલ જીવજંતુઓની પ્રજાતિની સંખ્યા 1,02,718 થઇ. શોધાયેલ નવી પ્રજાતિઓમાં સૌથી વધુ પ્રજાતિઓ કર્ણાટક રાજ્યમાં શોધવામાં આવી.
- ઓડીસા રાજ્યમાં આવેલ ભારતના સૌથી મોટા ખારા પાણીના સરોવર ચિલ્કા લેકમાં જોવા મળતી ઇરાવડી ડોલ્ફિનને ઇન્ડિયન વાઈલ્ડલાઈફ દ્વારા લુપ્તપ્રાય પ્રજાતિ તરીકે સૂચિત કરવામાં આવેલ છે.
- અમેરિકન ડેટા ઇન્ટેલિજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટન્ટના ગ્લોબલ લીડર્સ એપ્રૂવલ રેટિંગમાં વડાપ્રધાન મોદી 70% સાથે વિશ્વમાં પ્રથમ સ્થાને. બીજા ક્રમે 64% સાથે મેક્સિકોના પ્રેસીડેન્ટ લોપેઝ એબ્રાડોર છે. અમેરિકાના બાઇડેન 48% સાથે પાંચમા ક્રમે.
- ટોક્યો પેઓલિમ્પિકની ક્લોઝિંગ સેરેમનીમાં ગોલ્ડન ગર્લ 'અવની લેખારા' ધ્વજવાહક બનશે.

- કુપોષણ સામેની લડાઈમાં સરકાર સપ્ટેમ્બર માસને 'પોષણ માસ' તરીકે ઉજવશે. ઓગસ્ટ માસમાં ઉત્તરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર બાદ ચોથા ક્રમે ગુજરાત સૌથી વધુ કુપોષિત બાળકોનો જન્મદર ધરાવે છે.
- આસામમાં હિંસાને રોકવા માટે અમિત શાહની હાજરીમાં કાર્બી-આંગલોંગ કરાર થયા.
- જર્મનીમાં રેલવે કર્મચારીઓએ 3.2% વેતનવૃદ્ધિની માંગણી સાથે દેશવ્યાપી હડતાલ કરી.
- તાલીબાન શાસન બાદ પ્રથમ વખત કાબૂલ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ક્રિકેટ મેચ યોજાઇ.
- બ્રિટનમાં NHS (નેશનલ હેલ્ધ સ્કિમ) અંતર્ગત લોહીમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટાડતી 'ઇન્ક્લિસિરીન' દવા શોધવામાં આવી.
- WHO એ કોવિડ-19 ના 'મ્યુ' વેરિઅન્ટને 'Variant if intores' જાહેર કર્યું. મ્યુ વેરિએન્ટને B1621 વૈજ્ઞાનિક નામ આપ્યું છે તથા આ વેરિએન્ટ એન્ટિબોડીઝ ખતમ કરી દેતો હોવાના પ્રાથમિક પુરાવાઓ મળ્યા છે. આ નવા પ્રકારના વેરિએન્ટમાં સંક્રમણમાં વધારો અને રોગપ્રતિકારકતામાં ઘટાડો તીવ્ર જોવા મળ્યો છે. જાન્યુઆરીમાં કોલંબિયામાં 'મ્યુ' ની પ્રથમવાર ઓળખ થઇ હતી અને વિશ્વના અડધાથી વધુ કેસ યુનાઇટેડ સ્ટેટસમાંથી મળી આવ્યા. ધ સ્ટેટસ ટાઇમ્સમાં અહેવાલ મુજબ દ.આફ્રિકામાં શોધાયેલ બીટા વેરિએન્ટની જેમ જ આ વેરિઅન્ટ પણ વેક્સિનની કોઇ પણ તિવ્રતાને ઘટાડવામાં સક્ષમ છે.
- સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયા G-20 ની સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકમાં સામેલ થયા. આ બેઠકમાં મનસુખ માંડવિયાએ Covid-19 સામે લેવાયેલા પગલાઓ તથા Indo-Brazil (ભારત અને બ્રાઝિલ વચ્ચે)ના આરોગ્ય ક્ષેત્રે થયેલા કરારોની ચર્ચા કરી.

  વિશેષતઃ માંડવિયાએ નેનો યુરિયા બાબતે થયેલા સંશોધન અને ટીબી સામે લડવા માટે ભારતે બ્રાઝિલને કરેલ મદદની ચર્ચા મહત્વની ગણાય છે.
- કેન્દ્રીય મંત્રી ઇરાનીએ અમેઠી ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે PMMV - PM માતૃવંદના સપ્તાહનું ઉદ્ઘાટન કર્યું. કાર્યક્રમનો મૂળ હેતુ ગર્ભવતી મહિલાઓના સ્વાસ્થ્ય અને દેખભાળ બાબતની જાણકારી આપવાનો હતો. આ કાર્યક્રમ હેઠળ અમેઠીના 42,000 લાભાર્થીઓને રૂ.14.52 કરોડની સહાય અપાઇ.
- ડિજિટલ FD (ફિક્સ ડિપોઝીટ) લોન્ચ કરવાના હેતુથી ઇકિવશન સ્મોલ ફાઇનાન્સ બેંક અને ગુગલ પે વચ્ચે કરારો થયા. આ કરાર બાદ વપરાશકર્તા ગુગલ પે પર આ પ્રકારની FD કરી શકશે આ માટે વપરાશકર્તા બેંક ખાતુ ખોલાવ્યા વિના માત્ર 2 મિનિટની અંદર ગુગલ પે પરથી FD કરી શકશે. આ FD અંતર્ગત વાર્ષિક 6.35% વ્યાજ આપવામાં આવશે. FD પાકતી મુદતે વ્યાજ અને મુદ્દલ ગુગલ પે દ્વારા સીધા જ ગ્રાહકના બેંક ખાતામાં જમા થવાની સુવિધા અપાય છે.
- આયુષ મંત્રાલયે 'આયુષ આપકે દ્વાર' નામનું અભિયાન શરૂ કર્યું. આ અભિયાનની શરૂઆત કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે મુંબઇથી કરી હતી. અભિયાનનો મૂળ ઉદ્દેશ્ય એક વર્ષમાં 75 લાખ ઘરોમાં ઔષધિય વનસ્પતિ, તજ, ગિલોઇ (ગળો), તુલસી, સર્પગંધા, આમળાની સમાવેશ કરવાનો છે. આ વનસ્પતિ વિતરણ માટે આયુષ મંત્રાલય NMPB- નેશનલ મેડિસિનલ પ્લાન્ટસ બોર્ડ, CCRA - સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રીસર્ચ ઇન આયુર્વેદિકની મદદ લેશે.
- Plastic Pact લાગુ કરનાર એશિયાનો પ્રથમ દેશ ભારત. સમગ્ર કાર્યક્રમ બ્રિટિશ હાઇ કમિશનર એલેકઝાન્ડર એલિસ દ્વારા શરૂ કરાયો છે જેનો મૂળ હેતુ પ્લાસ્ટિકના ઉપયોગને બંધ કરી તેનો પ્રદૂષણથી

વાતાવરણ અને અર્થતંત્રને દૂર રાખવાનો છે. આ સિસ્ટમ હેઠળ વસ્તુનું પેકિંગ 100% પ્લાસ્ટિક મુક્ત અથવા 50% રિસાયકલ થઇ શકે તેવા પ્લાસ્ટિકના ઉપયોગ પર ધ્યાન આપશે.

- વર્લ્ડ સોશિયલ પ્રોટેક્શન રિપોર્ટ 2020-22 પ્રકાશિત થયો જે ILO - આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠને બહાર પાડ્યો. આ અહેવાલ મુજબ વિશ્વની અડધીથી વધુ વસ્તીને સામાજિક સુરક્ષાઓ મેળવવામાં અભાવ જણાયો. આ રિપોર્ટ અનુસાર 84% વસ્તી સાથે મધ્ય એશિયા અને યુરોપના લોકોની સ્થિતિ આ બાબતે સારી જણાઇ છે જ્યારે એશિયા, પેસેફિક અને આરબ દેશોની સ્થિતિ નબળી જોવા મળી. દૂનિયાના ચારમાંથી એક બાળક સામાજિક સુરક્ષાના જ લાભો મેળવે છે. જ્યારે વિકલાંગોમાં આ રેશિયા 3 માંથી 1 વ્યક્તિનો છે.
- ભારતની સૌથી મોટી ધિરાણકર્તા બેંક સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ATI-Aditional Tier બોન્ડસ હેઠળ રૂ. 4000 કરોડ એકત્ર કર્યાની જાહેરાત કરી. ATI બોન્ડને 'કાયમી બોન્ડ' તરીકે પણ ઓળખવામાં આવે છે જે અંતર્ગત બોન્ડની પાકતી તારીખ હોતી નથી પરંતુ વ્યાજના દર આધારે તેની લે-વેચ થતી હોય છે.
- વતન પ્રેમ યોજના : ગુજરાત રાજ્ય સરકારે વર્ષ - 2022 સુધી વતન પ્રેમ યોજના લાગુ કરી છે જે હેઠળ વિદેશમાં રહેતા ભારતીયો તેમના મૂળ ગ્રામ્ય વિસ્તારમાં વિકાસ કામો માટે સહાય આપશે. આપેલી સહાય આવકવેરામાંથી બાદ આપવાની જોગવાઇ પણ કરાઇ છે. આ યોજના હેઠળ વિશ્વમાં વસતા ગુજરાતના વતનીઓ 60% રકમ આપશે તો રાજ્ય સરકાર 40% નું અનુદાન આપશે. રાજ્ય સરકાર યોજના હેઠળ પ્રથમ અગ્રતા ગ્રામ્ય શાળાના ઓરડા નવિનીકરણને આપી આ પ્રકારના ગામની યાદી વેબ પોર્ટલ પર મૂકશે.
- શિક્ષક દિન નિમિત્તે રાષ્ટ્રપતિ દ્વારા 44 શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર અપાયો જેમાં ગુજરાતના બે શિક્ષકો (1) વનિતાબેન રાઠોડ (રાજકોટ) અને (2) અશોકભાઇ પરમાર (ભૂજ)નો સમાવેશ થાય છે.

**7 સપ્ટેમ્બર**

- UAE - સંયુકત આરબ અમિરાતે ઔધોગિક વિકાસ માટે પાંચ અબજ દિરહામ (1.36 અબજ ડોલર)ના રોકાણ સાથે 50 નવી યોજનાઓ ઘડી જે અંતર્ગત વિદેશી કામદારોને કંપનીના સ્પોન્સર વિના ગ્રીન વીઝા મળી શકશે.
- માઇક્રોસોફ્ટ ઇન્ડિયાએ ભારત ટેક સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા 'ઇન્વેસ્ટ ઇન્ડિયા' સાથે જોડાણ કર્યું. આ માટે ખેતી, ડિફેન્સ, આઇટી સાથે જોડાયેલ સ્ટાર્ટઅપ કંપની સાથે તે કામ કરશે.
- એમેઝોને 2019માં એક્ટર ડાયરેક્ટર સેમ્યુઅલ જેક્શનના અવાજમાં Alexa લોન્ચ કર્યા બાદ ભારતમાં અમિતાભ બચ્ચનના અવાજ સાથે તે લોન્ચ કર્યું આ માટે એક વર્ષના રૂ. 149 ગ્રાહકે ચૂકવવા માટે Alexa introduce me to Amitabh Bachchan બોલવું પડશે.
- ગુગલે 2013ની સાલમાં અધિકૃત કરેલ Waze એપની મદદથી ગૂગલ મેપમાં રસ્તામાં આવતા કુલ ટોલનાકા અને તેની કુલ કિંમતની જાણકારી આપતી ટેકનોલોજી લોન્ચ કરશે.
- વિપુલ મિત્રા ગુજરાત IAS એસોસિએશનના નવા પ્રમુખ બન્યા.
- ઇજિપ્તના 27 વર્ષના એન્જિનિયર મહમૂદ એલ. કોમીએ ઇલુ રણ વિસ્તારમાં સૌર ઊર્જાથી સંચાલિત હવામાંથી પાણી બનાવતો રોબોટ મૂક્યો. મહમૂદના દાવા મુજબ આ રોબોટ મંગળ પર પણ પાણી બનાવી શકે છે.
- નાણા મંત્રી નિર્મલા સિતારમને વૃદ્ધો કે જે માત્ર પેન્શન અને તેનું વ્યાજ ધરાવે છે અને જેમની ઉંમર 75 વર્ષથી વધુ છે તેમને IT રિટર્ન ફાઇલ કરવામાંથી મુક્તિ આપી.
- ભારતમાં કમલમ ફળ (ડ્રેગન ફળ)ના ઉત્પાદનમાં 35% સાથે ગુજરાત પ્રથમ ક્રમે.

- આસામ સરકારે બ્રહ્મપુત્રા નદી કિનારે આવેલ રાજીવ ગાંધી નેશનલ પાર્કનું નામ બદલીને 'ઓરંગ નેશનલ પાર્ક' કર્યું.
- મહારાષ્ટ્રની ઉદ્ધવ ઠાકરે સરકાર વિજ્ઞાન ક્ષેત્રે વિદ્યાર્થીઓને આગળ લાવવા 'ભારત રત્ન રાજીવ ગાંધી સાયન્સ ઇનોવેશન સિટી' બનાવશે.
- અશોક બિલ્ડકોનના MO સતીશ પારેખે IRF (ઇન્ટરનેશનલ રોડ ફેડરેશન) ઇન્ડિયાના અધ્યક્ષ તરીકે પદભાર સંભાળ્યો. IRF જીનિવા સ્થિત સંસ્થા છે જે વિશ્વભરમાં સારા અને સુરક્ષિત રસ્તાઓના નિર્માણનું કાર્ય કરે છે.
- ગુજરાત સરકારે કર્મચારીઓ અને પેન્શનરોને મોંઘવારી ભથ્થામાં 11% નો વધારો કરતાં ભથ્થુ 28% થયું.
- ઝાયડસે કેડિલાએ બનાવેલી ડાયાબિટીસની દવા 'સિટાગ્લીટરીન'ને USFDA (યુનાઇટેડ સ્ટેટ્સ ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન) એ મંજૂરી આપી.
- રવિના ટંડન IAIrની બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત. IAIr એલઇડી TV, મોબાઇલ તથા મોબાઇલ એસેસરીજ બનાવતી ઇલેક્ટ્રોનિક કંપની છે.

**8 સપ્ટેમ્બર**

- ❖ IREDA - ઇન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેંટ એજેન્સી લિમિટેડએ TANGEDCO - તાલિમનાડુ જનરેશન એન્ડ ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ સાથે હરિત ઊર્જા (Green Energy) ક્ષેત્રે કરાર કર્યા.
  - ✓ આ MOU અંતર્ગત IREDA બિડ પ્રોસેસ મેનેજમેન્ટ ટેકનિકલ સુવિધાહઓ, ફાયનાન્સ સબંધિત માહિતી અને ભવિષ્યના રોકાણ ક્ષેત્રે ટેંગેડકો (TANGEDCO)ને મદદ કરશે.
  - ✓ ટેંગેડકો આગામી સમયમાં 20,000 મેગાવોટ બેટરી સંગ્રહિત સૌર ઊર્જા, 3000 મેગાવોટ હાઇડ્રો ઇલેક્ટ્રીક પ્રોજેક્ટ અને 2000 મેગાવોટ ગેસ આધારિત પાવર પ્લાન્ટ ક્ષેત્રે પોતાનું રોકાણ કરી ગ્રીન એનર્જી ક્ષેત્રે પ્રદાન કરશે.
  - ✓ સમગ્ર પ્રોજેક્ટ્સમાં IREDA, નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે સૌથી મોટું ધિરાણ (રૂ.1,32,500 કરોડ) પ્રદાન કરશે.
  - ✓ IREDAના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર - શ્રી પ્રદિપકુમાર દાસ.
  - ✓ ટેગેડકોના ચેરમેજ અને મેનેજીંગ ડિરેક્ટર - શ્રી રાજેશ લાખોણી
  - ✓ તમિલનાડુના CM - એમ. કે. સ્ટાલિન.
- ❖ NGT (Natinal Green Tribunal) એ ઉત્તરપ્રદેશના ધામપુર સ્થિત ખાંડ ઉધોગ મિલને 20 કરોડનો દંડ ફટકાર્યો.
  - ✓ ધામપુર સ્થિત ખાંડ ઉધોગના ચાર એકમો સતત પર્યાવરણીય કાયદાઓનું ઉલ્લંઘન કરતા હોવાના કારણે આ દંડ લદાયો.
  - ✓ NGTના મત મુજબ પર્યાવરણ અને વિકાસની પ્રવૃતિઓ વચ્ચે યોગ્ય સંતુલન જ યોગ્ય પ્રગતિ આપી શકે.
  - ✓ સમગ્ર મામલે આદિલ અન્સારીએ ટ્રીબ્યુનલ સમક્ષ અરજી દાખલ કરી હતી જેના પરિણામે NGT એ આ પગલું ભર્યું.
- ❖ મણિપુરના મુખ્યમંત્રીએ 'ગો ટુ હિલ્સ 2.0' અભિયાન શરૂ કર્યું.
  - ✓ આ અભિયાનનો મૂળ હેતુ વહીવટને લોકો સુધી પહોંચાડી વિકાસનાં કાર્યો કરી સરકાર અને લોકો વચ્ચેના સબંધો મજબૂત બનાવવાનો છે.
  - ✓ અભિયાન હેઠળ સરકારે કૃષિ, બાગાયત, આરોગ્ય, સમાજ કલ્યાણ અને શિક્ષણમાં સુધારાઓ લાવવા પ્રયાસ કરાશે. ઉપરાંત મુખ્યમંત્રીએ ચુરાચંદપુર જિલ્લા હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર અને પીએસએ ઓક્સિજન પ્લાન્ટ શરૂ કર્યો.

- ✓ સમગ્ર કાર્યક્રમ માટે રાજ્ય સરકારે 51.52 કરોડ રૂપિયાની સહાય જાહેર કરી છે.

❖ આનંદ કુમારને સારાભાઇ અધ્યાપક વૈજ્ઞાનિક રાષ્ટ્રીય માનદ પુરસ્કાર 2021 અપાયો.

- ✓ આનંદ કુમાર 'સુપર 30' ના સ્થાપક છે જેમને NCTS - રાષ્ટ્રીય અધ્યાપક વૈજ્ઞાનિક પરિષદ દ્વારા આ પુરસ્કાર અપાયો.
- ✓ આ પુરસ્કાર તેમના ગણિત વિષયને સરળ બનાવવા તથા વંચિત વિધાર્થીઓને IITની પરીક્ષામાં ઉતીર્ણ થવા માટે અપાયેલા શિક્ષણ માટે અપાયો.
- ✓ આનંદ કુમારને આ સાથે NCTS (Natinal Council of Teacher Scientist) ના આજીવન સભ્ય તરીકેની નિમણૂક પણ આપવામાં આવી.

❖ UNDPએ 'યૂથકનેકટ સાહેલ ફોરમ-2021' લોન્ચ કર્યું.

- ✓ UNDP એ આ માટે YCA (Youth connect Africa) OSSDS (Office of the Spacial Coordinator for development in the Sahel) અને The Generation unlimited initiative in the Sahel સાથે ભાગીદારી કરી.
- ✓ આ કાર્યક્રમની થીમ 'યુથ રિબ્રાન્ડીંગ ધ સાહેલ' છે.
- ✓ સાહેલીયન ફોરમ યુવાનોને સ્થાનિક વિક્ષેપો, નવીનતાઓ અને હકારાત્મક કાર્યોમાં પરિવર્તન લાવવા પ્રાદેશિક નેતાગિરી પ્રદાન કરશે.
- ✓ સાહેલની 65% વસ્તી 35 વર્ષથી નાના યુવાનોની હોવા છતાં વિકાસની બાબતમાં યુવાવર્ગનું પ્રદાન ખૂબ ઓછું જોવા મળતાં આ પ્રકારનો કાર્યક્રમ હાથ ધરાયો છે.
- ✓ સાહેલએ ઉત્તરમાં સહારા અને દક્ષિણમાં સુદાનિયન સવાન વચ્ચે આવેલું આફ્રિકાનું બાયોગ્રાફિક ક્ષેત્ર છે.

❖ NTPC - ONGC અને NIIF સાથે ભાગીદારી કરશે.

- ✓ NTPC બંને સાથે મળી પવન ઊર્જા તથા અન્ય પૂન: પ્રાપ્ય ઊર્જા માટેના વિકાસનું કામ હાથ ધરશે.
- ✓ આ ભાગીદારી હેઠળ 2016 થી 2024 વચ્ચે 1 ટ્રિલિયન રૂપિયાની ભાગીદારીથી રૂપિયાની ભાગીદારીથી 2032 સુધીમાં 130 GW (ગીગાવોટ) વીજળી ઉત્પાદનનો લક્ષ્યાંક રહેલો છે.
- ✓ NTPC - Natinal Thermal Power Corporation NIIF - National Investment and Infrastrctur Fund
- ✓ ONGC - Oil and Natural Gas Corporation
- ✓ NTPC ના ચેરમેન - ગુરદિપસિંહ

❖ વર્લ્ડ યુનિવર્સિરી રેન્કીંગ્સમાં ભારતની એકપણ યુનિ.ને પ્રથમ 300 માં સ્થાન નહિ.

- ✓ ટાઇમ્સ હાયર એજ્યુકેશન દ્વારા આ રેન્કિંગ અપાયું.
- ✓ વિશ્વની ટોચની 1000 સંસ્થાઓ ભારતની કુલ 35 યુનિવર્સિટીને સ્થાન મળ્યુ છે.
- ✓ આ યાદીમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીએ સતત છઠ્ઠા વર્ષે. પ્રથમ ક્રમ જાળવી રાખ્યો છે.
- ✓ ભારતની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ (300 થી 350) IIT રોપર અને JSS એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન એન્ડ રિસર્ચને (351 થી 400) નું સ્થાન મળ્યું.
- ✓ પારદર્શિતાના મામલે ચિંતા વ્યક્ત કરતાં IIT - મુંબઇ, કાનપુર, દિલ્હી, ખડગપુર, રૂરકી, ગુવાહાટી અને મદ્રાસે સતત બીજા વર્ષ આ રેન્કિંગનો બહિષ્કાર કર્યો છે.

❖ ભારતીય સેનાએ આલ્ફા ડિઝાઇન સાથે કરાર કર્યા.

- ✓ સ્કાય સ્ટ્રાઇકર નામક સશસ્ત્ર ડ્રોન બનાવતી બેંગલુરુ સ્થિત આલ્ફા ડિઝાઇન કંપની સાથે ભારતીય સેનાએ કરાર કર્યા.

- ✓ આલ્ફા ઇઝરાયેલની એલ્બિત સિક્યોરિટી સિસ્ટમ્સ સ્ફોટક સામગ્રી સાથે લડી શકતાં ડ્રોનનું નિર્માણ કરશે.
- ✓ આ માટે સેના 100 સશસ્ત્ર ડ્રોન માટે રૂ. 100 કરોડનો ખર્ચ કરશે.
- ✓ આ પ્રકારનાં ડ્રોન 'સ્યુસાઇડ ડ્રોન' તરીકે ઓળખાય છે.

------------ કરન્ટ ઇન શોર્ટ ----------------

- SBM બેંકે મોબાઇલ આધારિત ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવા માટે Onr card સાથે ભાગીદારી કરી.
- ચંદ્રયાન-2 એ ચંદ્ર ની કક્ષાની ફરતે ચારેબાજુ 9000 થી વધુ પરિક્રમા પૂર્ણ કરી.
- ઇસરોએ ચંદ્રયાન-૨ના અંતરિક્ષમાં બે વર્ષ પૂર્ણ થવા પર બે દિવસ માટે 'ચંદ્ર વિજ્ઞાન કાર્ય શાલા-ચીરા'નું આયોજન કર્યું.
- ભારતની પેટ્રોનેટ LNG, ONGC બંને સાથે મળી રશિયાની નોવાટેક કંપનીના પ્રવાહી ગેસ પ્રોજેક્ટ આર્ટિકલ LNG-2 ના શેર ખરીદવા વાટાઘાટો કરશે.
- કેરળની હાઇકોર્ટે કેન્દ્ર સરકારને કોવિશિલ્ડ રસીનો બીજો ડોઝ 30 દિવસ પછી આપવાનો નિર્દેશ કર્યો.

**9 સપ્ટેમ્બર**

- ❖ બેંક ઓફ ઇન્ડિયાએ MAS ફાયનાન્સ (માસ ફાયનાન) સાથે ભાગીદારી કરી.
  - ✓ આ ભાગીદારી સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધોગોને લોન આપવા માટે કરવામાં આવી છે.
  - ✓ MAS ફાયનાન્સ MSME (સુક્ષ્મ, લઘુ, મધ્યમ ઉધોગો)ને લોન પૂરી પાડશે.
  - ✓ MAS ફાયનાન્સ તેની જ પેટા કંપની MRHMFL - Mas Rural Housing & Mortgage Finance Ltd. ની મદદથી MSME ટુ વ્હીલર, સેકન્ડ હેન્ડ કાર, કોમર્સીયલ વાહનો, હોમ લોન ક્ષેત્ર ધિરાણ આપવા માટે છેલ્લા 2 દાયકાથી વધુ સમયથી કાર્યરત છે.
- ❖ ભારતીય વેપાર સંવર્ધન પરિષદે ખેતીની અયાત- નિકાસ માટે ઓનલાઇન પ્રમાણપત્ર કાર્યક્રમ શરૂ કર્યો.
  - ✓ આ કાર્યક્રમ માટે TPCI (ટ્રેડ પ્રમોશન કાઉન્સીલ ઓફ ઇન્ડિયા)એ વાણિજ્ય મંત્રાલયની IIFT (ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન ટ્રેડ) સાથે ભાગીદારી કરી.
  - ✓ આ પ્રમાણપત્ર માટે છ મહિનાનો કોર્સ શરૂ કરાશે જે નિકાસકારોને કૃષિ વેપારના વિવિધ પાસાઓ પર વ્યવહારિક સમજ આપશે.
  - ✓ કોરોના સમયમાં કૃષિ એકમાત્ર એવું ક્ષેત્ર છે જેની નિકાસના વાર્ષિક દરમાં 17.34% નો વધારો જોવા મળ્યો. આ સાથે વર્ષ 2020-21માં 42.25 અબજ ડોલરની નિકાસ થઇ હતી.
  - ✓ IIFTના વાઇસ ચાન્સેલર - મનોજ પંત
  - ✓ TPCIના ચેરમેન - વિવેક અગ્રવાલ
- ❖ એડોબી (Adobe) કંપનીએ IBMના પૂર્વ કાર્યકારી પ્રતિભા મહાપાત્રાને ભારતના ઉપાધ્યક્ષ નિયુક્ત કર્યા.
  - ✓ પ્રતિભા મહાપાત્રા એડોબ એક્સપિરિયન્સ ક્લાઉડ, એડોબ ક્રિએટિવ ક્લાઉડ, એડોબ ડોક્યુમેન્ટ ક્લાઉડનું ભારતમાં સંચાલન કરશે. અને પોતાના કાર્યનું રિપોર્ટીંગ APS (એશિયા પેસિફીક) પ્રમુખ સિમોન ટેટને કરશે.
- ❖ ચીને પૃથ્વીના અવલોકન માટેનો ઉપગ્રહ 'Gaofen -5-02 સફળતાપૂર્વક લોન્ચ કર્યો.
  - ✓ આ ઉપગ્રહનો ઉદ્દેશ્ય ચીનની જમીન, પાણીના સુધારા માટે અવલોકનનો છે.
  - ✓ આ ઉપગ્રહને ચીનના શાંક્સી પ્રાંતના તાઇયુઆન સેટેલાઇટ લોન્ચ સેંટર પરથી માર્ચ - 4C રોકેટ દ્વારા લોન્ચ કરાયો.
  - ✓ આ ઉપગ્રહ હાઇપરસ્પેક્ટ્રલ પ્રકારનો ઉપગ્રહ છે જે વ્યાપક રીતે પર્યાવરણીય દેખરેખ માટે ઉપયોગી થશે.

- ✓ આ ઉપગ્રહ અને લોન્ચ વ્હિકલનું નિર્માણ ચાઇના એરોસ્પેસ સાયન્ચ એન્ડ ટેક, કોર્પોરેશન દ્વારા શાંઘાઇ એકેડેમી ઓફ સ્પેસફ્લાઇટ ટેકનોલોજીની મદદથી વિકસાવવામાં આવ્યા.
- ✓ લોન્ચ માર્ચ કેરિયર રોકેટ શ્રેણીનું આ 387મું ફ્લાઇટ મિશન હતું.

❖ PMGDTSHA અભિયાન

- ✓ ઇલેક્ટ્રોનિક્સ તથા IT રાજ્ય મંત્રી રાજીવચંદ્ર શેખરે ડિજિટલ ગામડાઓમાં 100% ડિજિટલ સાક્ષરતા માટે આ અભિયાન શરૂ કર્યું.
- ✓ PMGDTSHA અભિયાન - પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન.
- ✓ આ અભિયાન હેઠળ ગ્રામીણ નાગરિકો કે જેમાં ખાસ કરીને મહિલાઓ અને વંચિત સમુદાયો માટે ત્રણ દિવસીય સર્ટિફિકેશન ડ્રાઇવ ચલાવવામાં આવશે.
- ✓ ભારત સરકારે ફેબ્રુઆરી 2017માં તેનો ડિજિટલ સાક્ષરતા કાર્યક્રમ PMGDTSHA શરૂ કર્યો હતો. જેનો ઉદ્દેશ્ય ગ્રામ્ય વિસ્તાર, રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશમાં 6 કરોડ લોકોને ડિજિટલ રીતે સાક્ષર બનાવવાનો હતો. જે હેઠળ 40% કાર્ય પૂર્ણ થયું છે.

❖ એશિયન ડેવલપ્મેન્ટ બેંક (ADB) અને ભારત સરકારે મહારાષ્ટ્રના ગ્રામ્ય અર્થવ્યવસ્થાને વેગ આપવા 300 મિલિયન ડોલરની સહાય માટે હસ્તાક્ષરો કર્યા.

- ✓ આ લોન સહાયથી મહારાષ્ટ્રમાં ચાલી રહેલ 'મહારાષ્ટ્ સંપર્ક સુધારા પરિયોજના' માટે 34 જિલ્લાઓના અંદાજે 1100 ગ્રામ્ય રસ્તા અને 2900km લંબાઇના 230 પુલો બનાવવામાં મદદ મળશે.
- ✓ સમગ્ર પ્રોજેક્ટમાં બાંધકામ અને જાળવણીના ક્ષેત્રે ઉચ્ચ રોજગારી પ્રદાન કરવાની વ્યવસ્થા છે જેમાં 25% જેટલું મહિલાઓનું યોગદાન હશે.
- ✓ મહિલા કામદારો માટે તેમની ક્ષમતાના આધારે લિંગ ક્રિયા યોજના (Gender Action Plan) તૈયાર કરાયો જે હેઠળ અર્ધકુશળ અને અકુશળ શ્રમનો લાભ મેળવી શકાશે.
- ✓ આ કરારમાં હસ્તાક્ષર કરનારા...

  (૧) રજતકુમાર મિશ્રા - નાણા વિભાગના અધિક સચિવ

  (૨) ટેકઓ કોનિશી - ADB ના ભારતના ડિરેક્ટર

❖ સંસ્કૃત સાધના પુરસ્કાર - ત સાધના પુરસ્કાર - 2018

- ✓ સંસ્કૃત કવિ. ડૉ. હર્ષદેવ માધવને મહાકવિ કાલિદાસ સંસ્કુત સાધના પુરસ્કાર - 2018થી નવાજ્યા.
- ✓ મહારાષ્ટ્ર સરકારે 2018, 2019, 2020 માટે જાહેર કરાયેલ કાલિદાસ સંસ્કુત સાધના પુરસ્કારમાં પસંદ કરાયેલ 48 કવિઓમાં ક્માં ડૉ. માધવન એકમાત્ર ગુજરાતી છે અને તેઓ ભાવનગર જિલ્લાના વરતેજના વતની છે.
- ✓ જર્મન લેખક બિએટ ગુટાડીએ ભારતના સાત સંસ્કૃત નવલકથાને રિલેબિયન નામે જર્મન અનુવાદમાં પ્રકાશિત કરી તેમાં ડૉ. માધવનની અને ઋતુરાજ જાનીની વાર્તાઓ સમાવિષ્ટ હતી.

❖ હરિયાણા સરકારની 'પ્રાણવાયુ દેવતા યોજના'

- ✓ આ એક પેન્શન યોજના છે. જે હેઠળ 75 વર્ષથી વધુ અયુષ્ય ધરાવતા વૃક્ષોની દેખરેખ કરનારાઓને વર્ષે રૂ. 2500ની સહાય અપાશે.
- ✓ હરિયાણાના અંબાલા ખાતેના વન સંરક્ષણ વિભાગ પાસે આ યોજના હેઠળના 55 વૃક્ષોનું લિસ્ટ બનાવાયુ છે.

- ✓ આ યોજના થકી વૃક્ષો કાપવા પર પ્રતિબંધ હવા અને પર્યાવરણનું શુદ્ધિકરણ, નાના ખેડૂતો અને જમીન વિહોણા મજૂરોને લાભ જેવી પ્રવૃતિઓ થશે.

❖ મોલ્બિયો ડાયગ્નોસ્ટિક્સને નિપાહ વાયરસ પરીક્ષણ માટે DGCI એ મંજુરી આપી.

- ✓ આ માટે મોલ્બિઓ ટ્રેનેટ પ્લેટફોર્મની મદદથી રીઅલ - ટાઇમ PCR પ્લેટફોર્મ ઉભું કરશે.
- ✓ નિપાહ વાયરસ જિનેટિક પ્રકારનો રોગ છે જે સ્પર્શથી, શ્વસનથી ફેલાય છે.
- ✓ તાજેતરમાં કેરળના કોઝિકોડ જિલ્લામાં ત્રણ વર્ષના લાંબા સમય બાદ નિપાહનો કેસ જોવા મળ્યો.
- ✓ પ્રાણીઓથી મનુષ્યમાં ફેલાતો આ વાયરસ સૌ પ્રથમ 1998-99માં મલેશિયા અને સિંગાપોરમાં જોવા મળ્યો હતો. ચામાચીડિયા (Fruit bats)ને આ વાયરસના ફેલાવાનો કુદરતી સ્ત્રોત મનાય છે.

------------ કરન્ટ ઇન શોર્ટ ---------------

- મધ્યપ્રદેશ સરકારે વાંસ ઉધોગને પ્રોત્સાહન આપવા 2.77 કરોડનું અનુદાન જાહેર કર્યું.
- અરૂણ કુમાર સિંહ BPCL (ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ)ના અધ્યક્ષ નિયુક્ત થયા. તેઓ BPCL અને GAIL ઇન્ડિયા લિમિટેડના સિટી ગેસ ઉધોગના પણ અધ્યક્ષ છે.
- ટાટા AIA લાઇફ ઇન્સ્યોરન્સે નિરજ ચોપડાને બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કર્યા.
- બેંક ઓફ વડોદરા (બરોડા)એ સેવિંગ, રોકાણ, લોન અને ખરીદી ક્ષેત્રે વધારો લાવવા વન સ્ટોપ ડિજીટલ પ્લેટફોર્મ 'બોબ વર્લ્ડ' શરૂ કર્યું.
- વડાપ્રધાનની અધ્યક્ષતાવાળી આર્થિક બાબતોની સમિતિએ MSP વધારી 2015 રૂા. પ્રતિ ક્વિંટલ કરી. આ વધારામાં 40 રૂા. નો વધારો થયો.
- UAFમાં આયોજિત થનાર T-20 મેચમાં પૂર્વ સુકાની મહેન્દ્રસિંહ ધોની ભારતીય ટીમના મેન્ટરની ભૂમિકા ભજવશે તથા તેઓ કોચ રવિ શાસ્ત્રી સાથે કામ કરશે.
- કેનેડાની 19 વર્ષીય લેલા ફર્નાન્ડેઝ યુએસ ઓપન ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટની સેમીફાઇનલમાં પહોંચનાર 2005 બાદની યંગેસ્ટ પ્લેયર.
- ઉત્તરાખંડના રાજ્યપાલ બેબી રાની મૌર્યએ રાજીનામું આપ્યું.

**10 સપ્ટેમ્બર**

❖ PM SVANIDHI યોજના

- ✓ કેન્દ્ર સરકારે 223 શહેરોના 8 લાખથી વધુ સ્ટ્રીટ વેંડર (ફેરિયાઓ)ને ડિજિટલ પેમેન્ટ સુવિધા લાગુ કરાવવા માટે આ યોજના તૈયાર કરી.
- ✓ આ યોજનાનો હેતુ ફેરિયાઓને ડિજિટલ પેમેન્ટ સ્વિકારવા તથા હેન્ડલ કરતા કરવાનો છે.
- ✓ આ યોજના હેઠળ Phone Pe, Bharat Pe, Mswipe તથા Aceware જેવા ઉપભોક્તાઓ સાથે મળી UPI QR કોડ સાથે વેન્ડર્સને 45 દિવસની ખાસ ડ્રાઇવ હેઠળ માહિતી આપશે.
- ✓ કેન્દ્રીય ગૃહ નિર્માણ અને શહેરી બાબતોના અહેવાલ મુજબ આ યોજના હેઠળ અત્યાર સુધીમાં 45.5 લાખ અરજીઓ પ્રાપ્ત થઇ.
- ✓ PM SVANIdhi = PM Street Vendor's Atma Nirbhar Nidhi.

❖ નાગરિક ઉડ્યન મંત્રાલયે MRO સેવાની નવી નીતિ જાહેર કરી.

- ✓ M = Maintenance, R = Repair, O = Oreahaul એટલે કે જાળવણી, સમારકાર અને સંપૂર્ણ સમારકામ માટે ઉડ્ડયન મંત્રાલય ખુલ્લા ટેન્ડર દ્વારા કાર્ય કરશે.
- ✓ આ માટે આ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓને હવેથી 3 થી 5 વર્ષના ટૂંકા ગાળાના બદલે 30 વર્ષ માટે જમીન ફાળવણી કરશે.
- ✓ સમગ્ર જાહેરાતનો હેતુ ભારતને 'વૈશ્વિક MRO હબ' બનાવવાનો છે. આ યોજના હેઠળ AAT (એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા)ની વર્તામાન લીઝ આપવાની પધ્ધતિને બદલી આ ક્ષેત્રે જાહેર હરાજી કરવામાં આવશે.
- ✓ સમગ્ર કાર્ય માટે કુલ આઠ એરપોર્ટ બેગમપેટ (તેલંગાણા), ભોપાલ (મ.પ્રદેશ), ચેન્નાઇ (તામિલનાડુ), ચંદીગઢ, દિલ્હી, જુહુ (મહારાષ્ટ્ર), કોલકત્તા (પ. બંગાળ) અને તિરૂપતિ (આંધ્રપ્રદેશ)નો સમાવેશ કરાયો.

❖ માઇક્રોસેફ્ટ, OYO સાથે મળી હોસ્પિટાલિટી ક્ષેત્રે સંયુક્ત રીતે કાર્ય કરશે.

- ✓ સમગ્ર જોડાણ અંતર્ગત ઓયો માઇક્રોસોફ્ટ સાથે મળીને નાના અને મધ્યમ હોટેલોને ક્લાઉડમાં જોડશે.
- ✓ ઓયો પ્રવાસીઓ માટે સ્માર્ટરૂમ વિકસાવશે જે અંતર્ગત પ્રવાસીને આવવા- જવા માટે ડિજિટલી રજીસ્ટ્રેશન તથા સ્માર્ટ ચેક ઇન - આઉટની સુવિધા ઉપરાંત ગ્રાહક પોતે જ પોતાનું KYC જોડી શકવાની સુવિધા આપશે.
- ✓ Microsoft Indiaના પ્રેસિડેન્ટ = અનંત મહેશ્વરી
- ✓ OYO ના Globle CEO = અભિનવ સિન્હા

❖ ગૂગલે GNI  સ્ટાર્ટઅપ ઇન્ડિયા લેબની સ્થાપના કરી.

- ✓ GNI = ગૂગલ ન્યુઝ ઇનિશિએટિવ
- ✓ GNI સ્ટાર્ટઅપ ઇંડિયા લેબ એ દેશમાં સ્થાનિક પત્રકારોના સંગઠન માટેનો સમૂહ છે જે સ્થાનિક વંચિત સમુદાયોનું ઉચ્ચ ગુણવત્તાયુક્ત રિપોર્ટિંગ કરવાને સમર્થન આપે છે.
- ✓ આ લેબ અંતર્ગત GNI ઇકોસ (એક વૈશ્વિક ઇનોવેશન લેબ) અને DIGI HUB ન્યુઝ ઇંન્ડિયા ફાઉન્ડેશન સાથે મળીને 4 માસનો શૈક્ષણિક કોર્સ પત્રકારત્વ ક્ષેત્રે શરૂ કરશે.
- ✓ સમગ્ર કાર્યક્રમમાં તમામ ભારતીય ભાષાઓમાં પ્રકાશિત થતાં સમાચારો માટે અરજી કરી શકાશે.

❖ ભારતને મળી MRSAM ઇન્ડો ઇઝરાયેલ મિસાઇલ

- ✓ DRDO એ IAI (ઇઝરાયેલ એરોસ્પેસ ઇન્ડસ્ટ્રીઝ) સાથે મળીને સરફેસ- ટૂ- એર MRSAM મિસાઇલ વિકસાવી જે ભારતને મળેલી પ્રથમ ઇન્ડો ઇઝરાયેલ મિસાઇલ છે.
- ✓ MRSAM = Medium Range Surface to Air Missile
- ✓ MRSAM દુશ્મન વિમાનો અને વ્યુહાત્મક રીતે આવતી મિસાઇલ સામે રક્ષણ આપે છે. જેથી 'નેટવર્ક સેન્ટ્રીક કોમ્બેટ એર ડિફેન્સ સિસ્ટમ' તરીકે પણ ઓળખાય છે.
- ✓ આ મિસાઇલ બનાવટમાં DRDOએ એ 20.30% યોગદાન આપી મિસાઇલ પ્રોપલ્ઝન સિસ્ટમ, ડ્યુઅલ પલ્સ મોટર, તથા ઇલેક્ટ્રીક વાયરીંગનું કામ કર્યું છે. જ્યારે IAI એ 70.80% ના યોગદાન સાથે રડાર સિસ્ટમને બનાવ્યુ છે જે સમગ્ર મિસાઇલનું હાર્ટ (હ્રદય) માનવામાં આવે છે.

- ✓ ભારતના રક્ષામંત્રી - રાજનાથસિંહ

❖ આઇસલેન્ડમાં હવામાંથી સીધો જ કાર્બન ડાયોક્સાઇડ ($CO_2$) એકત્રિત કરતો વિશ્વનો મોટો પ્લાન્ટ શરૂ કરાયો.

- ✓ સ્વિસ સ્ટાર્ટઅપ - ક્લાઇમેવર્કસ AG એ આઇસલેન્ડના કાર્બફિક્સ સાથે મળીને આ પ્લાન્ટ વિકસાવ્યો જે દર વર્ષે 4000 ટન $CO_2$ નું શોષણ કરશે.
- ✓ ક્લાઇમવર્કસ  AG $CO_2$ ના સ્ટોરેજની તકનીકી ધરાવે છે.
- ✓ $CO_2$ ને એકત્ર કરી તેને પૃથ્વીના નીચેના ભાગે જમા કરવામાં આવશે અને આ જમા કરાયેલ $CO_2$ ભવિષ્યમાં ખનીજ તરીકે મેળવી શકાશે.

❖ ભારત અને ડેનમાર્કે વિન્ડ ઊર્જા ક્ષેત્રે સેંટર ઓફ એક્સેલન્સ ઓન ઓફશોર વિન્ડ લોન્ચ કર્યું.

- ✓ નવીનીકરણીય ઊર્જા મંત્રાલયે 2030 સુધીમાં ઓફશોર વિન્ડ એનર્જી ક્ષેત્રે 30 GW ઊર્જાના વધારાનું લક્ષ્ય આપ્યુ.
- ✓ સમગ્ર કાર્યક્રમનો હેતુ UN ની ક્લાઇમેન ચેન્જ પરની આંતર સરકારી પેનલે આપેલા ભવિષ્યના સંકેતો કે જેમાં હવામાનની ઘટનાઓ ભારત અને દ.એશિયમાં જીવન, આજીવિકા અને વ્યવસાયોને થનાર અસરો ઘટાડવાનો અને તેના પર વિચાર વિમર્શ કરવાનો છે.
- ✓ સમગ્ર પ્રોજેક્ટ મુખ્યત્વે ચાર બાબતોને કેન્દ્રીત કરશે. (૧) આયોજન (૨) નાંણાકીર માળખાની શરતો (૩) સપ્લાય ચેઇન અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર (૪) પરીક્ષણ
- ✓ કેન્દ્રીય નવીન અને નવીનત્તમ ઊર્જા મંત્રી, ભારત - આર. કે. સિંહ
- ✓ આબોહવા, ઊર્જા અને ઉપયોગિતા મંત્રી, ડેનિશ - ડેન જર્ગેનસેન

❖ ફુડ પ્રોસેસિંગ સપ્તાહ - 2021

- ✓ ભારત સરકારના ફૂડ પ્રોસેસિંગ ઉધોગ મંત્રાલયે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે 6 થી 12 સપ્ટેમ્બર 'ફુડ પ્રોસેસિંગ સપ્તાહ' ઉજવવાની જાહેરાત કરી.
- ✓ કેન્દ્રીય ફુડ પ્રોસેસિંગ ઉધોગ મંત્રી - પશુપતિ કુમાર પારસ રાજ્ય ફુડ પ્રોસેસિંગ ઉધોગમંત્રી - પ્રહલાદસિંહ પટેલ
- ✓ આ કાર્યક્રમ હેઠળ કુલ 5 પ્રોજેક્ટ્સનું ઉદ્દઘાટન કરાયું જેમાં આસામ (૧), ગુજરાત (૩), કર્ણાટક (૧)
- ✓ ગુજરાતમાં ઉદ્દઘાટિક પ્રોજેક્ટ્સ

  (૧) Athos collagen - સુરત (CEFPPC યોજના હેઠળ)

  (૨) વસંત મસાલા - ગાંધીનગર (BFL યોજના હેઠળ)

  (૩) Phonix Froen - આણંદ (શીત સાંકળ યોજના હેઠળ)

- BFL - Backward and Forward Linkage
- CEFPPC - Creation Expansion of Food Processing & Preservation Capacity

❖ પોર્ટુગલમાં ભારતીયોનો કામ માટે મંજૂરી

- ✓ ભારત સરકાર અને પોર્ટુગલ સરકાર વચ્ચે થયેલા કરાર મુજબ પોર્ટુગલમાં કામ કરવા માટે ભારતીયોની ભરતી કરવામાં આવશે.
- ✓ આ હસ્તાક્ષરથી યુરોપીયન યુનિયનના સભ્ય રાષ્ટ્રમાં ભારતીય સ્થળાંતર શ્રમિકો માટે નવા મુકામો ઉમેરાશે.
- ✓ આ કરાર મુજબ ભારતીય શ્રમિકોને મોકલવા - સ્વીકારવા માટે સંસ્થાકિય પધ્ધતિ અમલમાં મુકાશે અને કરાર પૂર્ણ થયા બાદ શ્રમિકોની ભરતી ઔપચારિક વ્યવસ્થા લાગુ કરાશે.

------------ કરન્ટ ઇન શોર્ટ ----------------

- યેલ યુનિ.ના ભારતવંશી અમેરીકી પ્રોફેસર કેવિન શેક અને તેમની ટીમે 'પોર્ટેબલ પોઇન્ટ ઓફ કેર એમઆરઆર સિસ્ટમ' નામના લકવા જેવા રોગના દર્દી માટે પોર્ટેબલ MAI (મેગ્નેટિક રેઝોનન્સ ઇમેજિંગ) મશીન વિકસાવ્યું.
- અમેરિકાની જનરલ મોટર્સ બાદ બીજી કંપની ફોર્ડ પણ ભારતમાં સાણંદ અને ચેન્નઇ પ્લાન્ટ બંધ કરશે. સાણંદ ખાતે માત્ર એન્જિનનું ઉત્પાદન શરૂ રાખશે.
- કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયે ઇન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક - NIRF જાહેર કર્યો જેમાં મેનેજમેન્ટ ક્ષેત્રે IIM - અમદાવાદ પ્રથમ સ્થાને, જ્યારે ઓલઓવર કેટેગરીમાં દેશની ટોચની - 10 સંસ્થાઓમાં ગુજરાતની એક પણ નહિ. ટોચની - 50  સંસ્થામાં IIT ગાંધીનગર એક માત્ર.
- રાજસ્થાનના બાડમેર નજીક નેશનલ હાઇવે પર પ્લેન લેન્ડિંગ થઇ શકે તેવી 'ઇમરજન્સી ફિલ્ડ લેન્ડિંગ સ્ટ્રિપ' બનાવાઇ આ સ્ટ્રિપ પર એરફોર્સનું પ્રથમ હરક્યુલસ અને સુખોઇ વિમાનનું સફળ લેન્ડિંગ કરાયું ભારત હજુ આવી 12 સ્ટ્રિપ બનાવવા વિચારી રહ્યું છે.
- કેન્દ્રિય ઉડ્યન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ઉડાન યોજના હેઠળ નવાં ચાર એરપોર્ટ બનાવવાની જાહેરાત કરી જેમાં ગુજરાતના કેશોદ ઉપરાંત ઝારખંડના દેવધર, મહારાષ્ટ્રના ગોંદિયા અને સિંધુદુર્ગ તથા ઉત્તરપ્રદેશના કુશીનગર એરપોર્ટનો સમાવેશ થાય છે. ઉપરાંત હિમાચલ પ્રદેશમાં ચાર અને ઉત્તરાખંડમાં બે નવા હેલિપેડ પણ બનશે.
- ઓસ્ટ્રેલિયાના વિદેશમંત્રી મેસિસ પેન અને સંરક્ષણ મંત્રી પીટર ડુટોન ભારતની મુલાકાતે.
- અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બોક્સિંગ રીંગમાં કોમેન્ટરી કરતા જોવા મળશે.
- ઓડિસાની 'માંડાભેંસ'ને રાષ્ટ્રીય સ્તર પર માન્યતા (Indigenous Tag) આપવામાં આવી.
- પશ્ચિમ બંગાળ સરકારે કર્મચારીના પારિવારિક પેંશનમાં 3600 રૂ.માંથી વધારો કરી 9000 રૂ. કરવાનો નિર્ણય લીધો.
- DSLSA (Delhi State Logal Searvices Authority) એ જેલના કેદીઓ માટે કાનૂની સહાય પરિયોજના શરૂ કરી જેનો ઉદ્દેશ્ય જેલના કેદીઓને સજા પૂર્ણ થયા બાદ કાનૂની ક્ષેત્રે ક્લેરિકલ નોકરી મેળવવા મદદરૂપ થવાનો છે. આ માટે શરૂઆતમાં કમ્પ્યુટર અને ડેટા ઓપરેટરની તાલીમ અપાશે.

## 11 સપ્ટેમ્બર

- BRICS સંમેલન.
  - ✓ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ BRICS સંમેલન 2021નું વર્ચ્યુઅલી આયોજન થયું.
  - ✓ BRICS = બ્રાઝિલ, રશિયા, ઇન્ડિયા, ચીન, દક્ષિણ આફ્રિકા
  - ✓ વર્ષ 2021માં આયોજિત BRICS સંમેલને તેની 15 મી વર્ષગાંઠની ઉજવણી કરી તથા આ વર્ષે થીમ : "બ્રિક્સ@15 : ઇન્દ્રા બ્રિક્સ કો-ઓપરેશન ફોર કન્ટિન્યુટિ, કોન્સોલિડેશન અને કન્સેન્સસ" રાખવામાં આવી.
  - ✓ આ વર્ષની બેઠકનો મુખ્ય મુદ્દો ત્રાસવાદ સામેની લડાઇ હતી જે માટે તમામ સભ્ય દેશોએ 'દિલ્હી ઘોષણાપત્ર કાઉન્ટર ટેરરિઝ્મ એક્શન પ્લાન'ને મંજૂરી આપી હતી.
  - ✓ BRICSની સ્થાપના ની સ્થાપના 2006માં થઇ હતી.
  - ✓ BRICSના વડાઓ -

    (1) બ્રાઝિલના રાષ્ટ્રપતિ - બોલસોનારો

    (2) રશિયાના રાષ્ટ્રપતિ - વ્લાદિમીર પુતિન

    (3) ભારતના વડાપ્રધાન - નરેન્દ્ર મોદી

    (4) ચીનના રાષ્ટ્રપતિ - શી જિનપિંગ

    (5) દ. આફ્રિકાના રાષ્ટ્રપતિ - સીરિલ રામાફોસા

- ગુજરાતના સુરતમાં રાજ્યનું પ્રથમ CFC સેન્ટર સ્થપાશે.
  - ✓ CFC - Common Facility Centre
  - ✓ સુરતના ઇચ્છાપોર જ્વેલરી પાર્કમાં CFCની સ્થાપના કરવા માટે કેન્દ્ર સરકારે GEem & Jewellary Export Promotion Council (GJEPC) એ મંજૂરી આપી.
  - ✓ CFCની સ્થાપનાથી સુરતમાં જ્વેલરી બનાવટ તેમજ હીરા ઉદ્યોગ ક્ષેત્રને નવી ટેકનોલોજી પ્રાપ્ત થશે અને તેના આધારે ઉત્પાદનની વૈશ્વિક નિકાસમાં વધારો થશે.
  - ✓ સુરતમાં 300 થી વધુ જ્વેલર્સ માટે CFC સેન્ટર બનાવાશે જ્યાં નાના અને મધ્યમ વેપારીઓ જઇને પોતાની પસંદગીની ડિઝાઇન તૈયાર કરી શકશે.
  - ✓ હાલ સુરતમાંથી થાઇલેન્ડ, મલેશિયા, યુએસ જેવા દેશોમાં જ્વેલરીની નિકાસ થાય છે.
- PRANA - પોર્ટલ હવાના પ્રદૂષણના નિયંત્રણ માટે
  - ✓ PRANA - Portal for Regulation of Air Pollution in Non - Attainment Cities
  - ✓ કેન્દ્રિય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે NCAP - National Clean Air Programme ના અમલીકરણના ભાગરૂપે આ પોર્ટલ લોન્ચ કર્યું.
  - ✓ એવાં શહેરો કે જે છેલ્લાં 5 વર્ષના સમયગાળામાં રાષ્ટ્રીય હવા ગુણવત્તા સુધારવામાં નિષ્ફળ ગયેલા છે (Non attainment Cities બિનપ્રાપ્તિ શહેરો) તેની હવાના શુદ્ધિકરણ માટે આ પોર્ટલ અમલમાં મૂકાયું.

- ❖ ભારત સરકાર સ્પેન પાસેથી વિમાનો ખરીદશે.
  - ✓ ભારતીય વાયુસેના સ્પેનની એરબસ કંપની પાસેથી 560c - 295mw વિમાનોની ખરીદી કરશે. આ સમગ્ર ખરીદી માટે કેન્દ્ર સરકારે 21 હજાર કરોડનું ફંડ પૂરું પાડ્યું.
  - ✓ ભારત સરકાર આ પ્રોજેક્ટ હેઠળ 56 જેટલા એરક્રાફ્ટ વિમાનો બનાવશે જેમાં 16 એરક્રાફ્ટ સ્પેન પૂરા પાડશે. જ્યારે બાકી 40 વિમાનો Air Bus Petence anol Space - સ્પેન તથા Tata કંપની સાથે મળીને બનાવશે.
- ❖ ભારતના ત્રણ નવા હિટવેવ હોટસ્પોટ જાહેર થયા.
  - ✓ ભારતના મધ્ય, ઉત્તરપશ્ચિમ અને દક્ષિણ - મધ્યના વિસ્તારોને 'ઇન્ટરનેશનલ જર્નર ઓફ ક્લાઇમેટોલોજી' નામની પત્રિકામાં ગંભીર શ્રેણીના હિટવેવ વિસ્તારો જાહેર કર્યા.
  - ✓ હીટવેવના (અત્યંત ગરમી) કારણે છેલ્લા 10 વર્ષના ગાળામાં વિશ્વમાં અનેક મૃત્યુ થયાં. આ વિસ્તારમાં ભારતના પશ્ચિમ બંગાળથી લઇ મધ્ય ભારત અને દક્ષિણ-પશ્ચિમ ભારતના ક્ષેત્રને આવરી લેવાયો છે.
  - ✓ હીટવેવનો સામાન્ય અર્થ મેદાની પ્રદેશમાં તાપમાન 40°C કરતાં વધુ અને પહાડી પ્રદેશમાં 30°C કરતાં વધુ જોવા મળે જેનાથી સ્વાસ્થ્ય, કૃષિ તથા અર્થવ્યવસ્થામાં અનેક ફેરફારો જોવા મળે.
- ❖ રિન્યૂએબલ ઊર્જા માટે જમીનનો ઉપયોગ.
  - ✓ તાજેતરમાં રિન્યૂએબલ એનર્જી એન્ડ લેન્ડ યુઝ ઇન ઇન્ડિયા બાય મિડ સેન્ચ્યુરીએ આપેલા રિપોર્ટ અનુસાર વર્તમાનમાં ઊર્જાનો સાવધાની પૂર્વક કરેલો ઉપયોગ ભારતને ભવિષ્યમાં ઊર્જા ઉત્પાદનના ખર્ચમાં ઘટાડો કરાવશે.
  - ✓ આ રિપોર્ટ IEEFA - ઈન્સ્ટિટ્યુટ ફોર એનર્જી ઇકોનોમિક્સ એન્ડ ફાઇનાન્શિઅલ એનાલિસિસ દ્વારા આપવામાં આવ્યો જે ઊર્જા સંબંધિત બાબતો મુદ્દે સંશોધન કરતી સંસ્થા છે. અને તેનો ઉદ્દેશ્ય ટકાઉ અને નફાકારક ઊર્જા અર્થતંત્રમાં લાવવાનો છે.
  - ✓ ભારત રિન્યૂએબલ ઊર્જા ક્ષેત્રે 2052 સુધીમાં અંદાજે 50,000 થી 75,000 વર્ગ કિલોમીટર ભૂમિભાગનો ઉપયોગ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. (સૌર ઊર્જા ક્ષેત્રે)
  - ✓ ઉપરાંત પવન ઊર્જા ક્ષેત્રે 15,000 - 20,000 વર્ગ કિલોમીટર ભૂમિભાગનો ઉપયોગ કરવાનો લક્ષ્ય ધરાવે છે.
- ❖ MPPTCL દ્વારા સાયબર સુરક્ષા પ્રણાલીની સ્થાપના.
  - ✓ MPPTCL (મધ્યપ્રદેશ પાવર ટ્રાન્સમિશન કંપની લિમિટેડ)
  - ✓ મધ્યપ્રદેશ રાજ્યમાં વિજળીની આપૂર્તિને હેકિંગથી બચાવવા માટે રાજ્ય સરકારે જબલપુરમાં સ્ટેટ લોડ ડિસ્પેચ સેંટરમાં સાયબર સુરક્ષા પ્રણાલી સ્થાપિત કરી.
  - ✓ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર એટલે એવું સ્થળ જ્યાંથી વિજળીને રાજ્યના જિલ્લાઓમાં પહોંચાડવામાં આવતી હોય.
  - ✓ વિજળી ક્ષેત્રને સાયબર હુમલાથી બચાવવા માટેની આ પ્રકારની વ્યવસ્થા કરનારૂ મધ્યપ્રદેશ દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- ❖ કેશોદ એરપોર્ટ (ગુજરાત)નું નવીનીકરણ

- ✓ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કેશોદ એરપોર્ટના નવીનીકરણની મંજૂરી આપી.
- ✓ કેશોદ એરપોર્ટ જૂનાગઢના નવાબ મહંમદ મોહબતખાં ત્રીજાએ પોતાના ખાનગી ઉપયોગ માટે જમીન સંપાદન પ્રક્રિયા દ્વારા વર્ષ 1944-1947 સમયગાળામાં બનાવ્યું હતું.
- ✓ આ હવાઇમથક વર્ષ 2000માં બંધ કરી દેવામાં આવ્યું હતું.

❖ તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા નિમાયેલા નવા રાજ્યપાલો.

- ✓ ઉત્તરાખંડના રાજ્યપાલ બેબી રાની મોર્યએ રાજીનામું આપતાં આ મુજબના ફેરફારો થયા.
  - ઉત્તરાખંડના નવા રાજ્યપાલ - લે. જનરલ ગુરમીતસિંહ (નિવૃત)
  - પંજાબના નિયમિત રાજ્યપાલ - બનવારીલાલ પુરોહિત
  - તમિલનાડુના રાજ્યપાલ - આર. એન. રવિ
  - નાગાલેન્ડના રાજ્યપાલ - પ્રોફેસર જગદીશ મુખી (નાગાલેન્ડ અને આસામ બંનેનો ચાર્જ સંભાળશે.)
- ✓ બંધારણ મુજબ અનુચ્છેદ - 155 રાજ્યપાલની નિમણુક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. ક્યારેય રાજ્યપાલ જે તે રાજ્યનો સ્થાનિક નાગરિક બની શકે નહિ.

------------ કરન્ટ ઇન શોર્ટ ----------------

- રાષ્ટ્રીય અંક કાર્યાલય (NSO)ના લેબર કોર્સ સર્વેક્ષણ અહેવાલ અંતર્ગત ઓક્ટોબર- ડિસેમ્બર 2020માં દેશમાં બેરોજગારીનો દર વધીને 10.3% થયો હતો.
- કેન્દ્ર સરકારે DRDO ને AEW & C (એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કન્ટ્રોલ) પ્રકારના આકાશમાં ઉડતા રડારના ઉત્પાદનના પ્રોજેક્ટને મંજૂરી આપી.
- ચીને ભારતની સરહદે તિબેટ અને સિનજીયાંગ પ્રાંતમાં 30 એરપોર્ટનું નિર્માણ કાર્ય શરૂ કર્યું.
- ભારત સરકારના જળ જીવન મિશન અંતર્ગત અપાયેલા પીવાના પાણીના નળ કનેક્શનને આધારકાર્ડ સાથે જોડવામાં આવશે.
- કેન્દ્ર સરકારે મોબાઇલ એપ Cowin પર KYC-VC (નો યોર કસ્ટમર / ક્લાયન્ટ્સ વેક્સિનેશન સ્ટેટસ) નામની નવી સુવિધા શરૂ કરી. જે હેઠળ ઓફિસ મોલ, હોટેલ, દુકાનની મુલાકાત લેનારે વેક્સિન લીધી છે કે નહિ તે જાણી શકાશે.

**12 સપ્ટેમ્બર**

❖ રાજ્ય વિદેશ મંત્રી મિનાક્ષી લેખી પોર્ટુગલ અને સ્પેનની મુલાકાતે.

- ✓ મિનાક્ષી લેખીએ ભારતમાં ચાલી રહેલ આઝાદી કા અમૃત મહોત્સવ બાબતે ચર્ચા કરી ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને ચીન્હિત કરવાનો પ્રયાસ કર્યો.
- ✓ પોર્ટુગલમાં કામ કરવા માટે ભારતીય નાગરિકોની ભરતી અંગે દ્વિપક્ષીય કરારો પર હસ્તાક્ષર કર્યા.
- ✓ ધ લીટલ્સ એન્ડ ઇન્ડિયા પ્રદર્શન (એક્ઝિબિશન)નું ઉદ્દઘાટન થયું.
- ✓ સ્પેનના વિદેશ બાબતના રાજ્ય સચિવ - એન્જેલસ મોરેનો બાઉ.

❖ સરદારધામ ભવનનું ઉદ્દઘાટન.

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના અમદાવાદ સ્થિત સરદારધામ ભવન ફેઝ-2નું વિડિયો કોન્ફરન્સ મારફતે વર્ચ્યુઅલી ઉદ્દઘાટન કર્યું.
- ✓ વડાપ્રધાને કન્યા છાત્રાલયનો શિલાન્યાસ પણ કર્યો.
- ✓ સરદારધામ ખાતે 200 કરોડના ખર્ચે છાત્રાલય, પુસ્તકાલય તથા ગ્રામીણ ક્ષેત્રોમાંથી આવતા છોકરા-છોકરીઓ માટે કારકિર્દી માર્ગદર્શન તાલીમ કેન્દ્રની સુવિધા આપવામાં આવેલ છે.

❖ NFL ના અધ્યક્ષ તરીકે નિર્લેપસિંહ રાયની નિમણૂક

- ✓ NFL - નેશનલ ફર્ટિલાઇઝર્સ લિમિટેડ
- ✓ NFLએ ભારતીય નિગમ સંસ્થા છે જે જૈવિક, રાસાયણિક તથા ઔદ્યોગિક રસાયણોનું નિર્માણ કરે છે.

❖ પંજાબના લુધિયાણામાં રાજ્યની પ્રથમ બ્રેસ્ટ મિલ્ક પંપ બેંક ખોલાઈ.

- ✓ આ પંપ બેંકનો ઉદ્દેશ્ય નવજાત બાળકોને સ્તનપાનમાં થતી મુશ્કેલીઓ તથા ધાત્રીમાતાઓ (સ્તનપાન કરાવતી માતા)ને સ્તનપાન દરમિયાન થતી મુશ્કેલીઓને દૂર કરવાનો છે.
- ✓ જે બાળકો સ્તનપાન માટે અસક્ષમ છે તેમને તેમની માતાનું જ દૂધને સાચવવા માટે કન્ટેનર સ્થાપિત કરવામાં આવ્યું ઉપરાંત તંત્ર દ્વારા બે ઇલેક્ટ્રિક પંપ અને 10 મેન્યુઅલ પંપ, 16 કન્ટેન અને એક જંતુમુક્ત કરતું કન્ટેનર આપવામાં આવ્યું.
- ✓ સ્વાસ્થ્ય વિભાગના નિર્દેશાનુસાર પ્રથમ કલાક અને ત્યારબાદ છ મહિના સુધી સ્તનપાન બાળકના આરોગ્ય અને સ્વસ્થ ભવિષ્ય માટે ઉત્તમ ગણાય છે.
- ✓ ઉદ્દઘાટન કરનાર - આસિ. કમિશ્નર ડૉ. હરજિંદરસિંહ બેદી.

❖ દૈનિક રોજગારી મેળવતા વ્યક્તિઓ માટે 'સાથી કાર્ડ'

- ✓ ફિલ્મ અભિનેતા આદિત્ય ચોપડાએ Covid-19 દરમિયાન હિંદી ફિલ્મ ઉદ્યોગ ક્ષેત્રમાં દૈનિક રોજગારી મેળવતા રોજગારો અને તેના પરિવાર માટે 'સાથી કાર્ડ' લોન્ચ કર્યું.
- ✓ સાથી કાર્ડ અંતર્ગત 'ધ યશ ચોપડા' ફાઉન્ડેશન શ્રમિકોને સ્વાસ્થ્ય વીમો, સ્કૂલ ફી, રાશન તથા વાર્ષિક સ્વાસ્થ્ય ચેકઅપના લાભો પ્રદાન કરશે.
- ✓ જે વ્યક્તિ મુંબઇ દિલ્હી ફિલ્મ ફેડરેશનનો રજિસ્ટર્ડ સભ્ય છે તથા જેની ઉંમર 35 વર્ષ કે તેથી વધુ છે તે આ કાર્ડ માટે હક્કદાર થશે.
- ✓ કાર્ડ ધારકો કાર્ડની મદદથી બે લાખ રૂપિયા સુધીની આરોગ્ય વીમો મેળવી શકશે.
- ✓ તાજેતરમાં પ્રોડક્શન હાઉસે અન્ય એક યોજના 'યશ ચોપડા સાથી પહેલ' અંતર્ગત ઉદ્યોગ ક્ષેત્રની મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને 5000 રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

❖ એક્સિસ બેંક અને ભારત પે વચ્ચે કરાર.

- ✓ ભારત પે POS (પોઇન્ટ ઓફ સેલ) વ્યવસાય તથા ભારત પે સાથે જોડાયેલા વેપારીઓને ક્રેડિટ તથા ડેબિટ કાર્ડ પ્રોવાઇડ કરશે.
- ✓ એક્સિસ બેંક ચુકવણી સ્વિકૃતિ વ્યવસાય ક્ષેત્રની ત્રીજી સૌથી મોટી બેંક છે. જ્યારે ભારત પે POS મશીન ભારત Swaipe 1,00,000 જગ્યાઓ પર સ્થાપિત છે.

- ✓ ભારત પે નાણાકિય વર્ષ 2021 માં અંતભાગમાં POS ટર્મિનલ્સ પર વાર્ષિક 2 અબજ ડૉલરનું વ્યવહારિક મૂલ્ય મેળવવા લક્ષ્ય ધરાવે છે.

❖ 12 સપ્ટેમ્બર :- Saragarhi Day

- ✓ 12 સપ્ટેમ્બર, 1897 ના રોજ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતની સામે ખીણમાં 10,000 અફઘાન સામે બ્રિટિશ ઇન્ડિયા આર્મીના 21 શીખ સૈનિકો દ્વારા લડવામાં આવ્યું હતું.
- ✓ આ દિવસે હવાલદાર ઇશર સિંહની આગેવાની હેઠળ બ્રિટિશ ભારતીય સામ્રાજ્યના 36મી શીખ રેજિમેન્ટના 21 સૈનિકોએ Saragarhiનો બચાવ કર્યો હતો જે પાકિસ્તાનના ખૈબર પુખ્તુનખ્વામાં ફ્રોર્ટ ગુલિસ્તાન અને ફ્રોર્ટ લોકહાર્ટ વચ્ચે આવેલી એક નાની ચોકી હતી.
- ✓ આ યુદ્ધમાં ભાગ લેનાર તમામ 21 સૈનિકોને તે સમયનો સર્વોચ્ચ બહાદૂરી એવોર્ડ 'ઇન્ડિયન ઓર્ડર ઓફ મેરીટ'થી નવાજવામાં આવ્યા હતા.

❖ International Day for South - South Cooperat

- ✓ UN (યુનાઇટેડ નેશન) દ્વારા દર વર્ષે 12 સપ્ટેમ્બરના રોજ આ દિવસ મનાવાય છે.
- ✓ સાઉથ - સાઉથ કોઓપરેશન, દક્ષિણના વિકાસશીલ દેશો વચ્ચે તકનીકી સહયોગ માટે કામ કરે છે.
- ✓ 1978માં BAPA - બ્યૂનસ આયર્સ પ્લાન ઓફ એક્શન અપનાવવાની યાદમાં 138 સભ્યોના દેશોએ આ દિવસ મનાવવાની શરૂઆત કરી.
- ✓ South - South Cooperat નો ઉદ્દેશ્ય વિકાસશીલ દેશોમાં આત્મનિર્ભરતા વધારી તેમની સમસ્યા ઉકેલીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દેશોની ભાગીદારી વધારવાનો છે.

❖ કોલસામાંથી મિથેનોલનું ઉત્પાદન

- ✓ સ્વદેશી બનાવટનું ઉચ્ચ કક્ષાના કોલસામાંથી ગેર આધારિત મિથેનોલ ઉત્પાદન કરતું યંત્ર હૈદરાબાદમાં સ્થાપિત કરવામાં આવ્યું.
- ✓ સમગ્ર પ્રોજેક્ટનું સફળતાપૂર્વક કાર્ય સરકારી માલિકીની એન્જીનીયરિંગ કંપની BHEL (ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડ)એ કર્યું.
- ✓ મિનેલોનનો ઉપયોગ મોટર બળતણ માટે સમગ્ર વિશ્વમાં સ્વચ્છ ઊર્જા મેળવવા માટે થાય છે. વિશ્વભરમાં મોટાભાગનું મિથોલોનનું ઉત્પાદન કુદરતી ગેસમાંથી કરવામાં આવે છે.
- ✓ ભારત કુદરતી ગેસનો અભાવ ધરાવતું હોવાથી તેની આયાત સામે ઘટાડો કરવા ઉચ્ચ કક્ષાના કોલસાની રાખમાંથી મિથેલોન ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ.
- ✓ આ મુદ્દાને ધ્યાને રાખી BHEL એ 1.2 TPD (ટન પ્રતિ દિવસ) ફ્લુઇડાઇઝ્ડ બેડ ગેસીફાયરનો ઉપયોગ કરી કોલસામાંથી 0.25 TPD મિથેલોન બનાવવામાં સફળતા મેળવી છે.

------------ કરન્ટ ઇન શોર્ટ ----------------

- ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું.

- કેન્દ્રના નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ મેડીસિન ફ્રોમ સ્કાય પ્રોજેક્ટનો શુભારંભ કર્યો જે અંતર્ગત નાગરિક આરોગ્ય કેન્દ્રમાં દવાઓનો પુરવઠો ડ્રોન દ્વારા પહોંચાડવામાં આવશે. અગાઉ બ્લુ ડાર્ટ એક્સપ્રેસ દ્વારા આ રીતે સફળતાપૂર્વક દવાઓ પહોંચાડી હતી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીની બનારસ હિંદુ યુનિવર્સિટીના તામિલ અભ્યાસ માટે સુબ્રમણ્યમ ભારતીની એકસોમી (100મી) પુણ્યતિથિ પર ખાસ ચેરની સ્થાપના કરવાની જાહેરાત કરી.
- કોઇનસ્વિચ (Coinswitch) ભારતનું સૌથી મોટું ક્રિપ્ટો પ્લેટફોર્મ બન્યું.
- 9/11 ના આતંકવાદી હુમલાની 20 મી વરસીએ અમેરિકાના ન્યુયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટરની પ્રતિકૃતિ સમાન ભૂરા રંગના બે પ્રકારના પ્રકાશપૂંજ દ્વારા આતંકી હુમલામાં માર્યા ગયેલા 3000 લોકોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી.
- કેરળમાં નિપાહ વાયરસનો સ્ત્રોત જાણવા NIV (નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજી) પૂણે ની ટીમે ફળ ખાનારા ચામાચીડિયાનાં સેમ્પલ કલેક્ટ કર્યાં.
- બ્રિટિશ કંપનીએ કરેલા એક સર્વેમાં કામ કરવાની બાબતમાં સિંગાપોર વિશ્વનો સૌથી આળસુ દેશ, જ્યાં વાર્ષિક સરેરાશ 2238 કલાક જ લોકો કામ કરે છે.

**13 સપ્ટેમ્બર**

- ❖ ભુપેન્દ્ર પટેલ ગુજરાતના 17મા મુખ્યમંત્રી.
  - ✓ ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારના ધારાસભ્ય છે. તેઓએ 2017 ની વિધાનસભાની ચૂંટણીમાં ઘાટલોડિયા વિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર શશીકાંત પટેલને હરાવ્યા હતા.
  - ✓ કોરોના વાયરસ દરમિયાન ભાજપ શાસિત રાજ્યના ચોથા એવા સીએમ કે જેમણે રાજીનામું આપ્યુ.
  - ✓ ભૂપેન્દ્ર પટેલ વર્ષ 2015-2017 દરમિયાન ઔડા (Ahmedabad Urban Development Authority)ના ચેરમેન રહી ચૂક્યા છે. ઉપરાંત તેઓ 2010થી 2015 સુધી AMC ના સ્ટેડિંગ કમિટીના ચેરમેન પણ રહી ચૂક્યા છે.
  - ✓ પાર્ટીના કાર્યકરો અને પોતાના વિસ્તારમાં તેઓ 'દાદા'ના હુલામણા નામથી ઓળખાય છે.
- ❖ મેકોનના અધ્યક્ષ તરીકે સલિલ કુમાર નિયુક્ત
  - ✓ મૅકોન (મેટલર્જિકલ એન્ડ એન્જિનિયરિંગ કન્સલટન્ટ લિમિટેડ) રાંચીની પોતાની સ્વામિત્વ ધરાવતી કંપની છે.
  - ✓ હાલના CMO અતુલ ભટ્ટની RINL (રાષ્ટ્રીય ઇસ્પાત નિગમ લિમિટેડ) ના CMO તરીકે નિયુક્ત થતા તેમના સ્થાને કુમારની નિયુક્તિ કરાઇ.
- ❖ ભારતની સૌથી મોટી ઓપન એર ફર્નરી (છોડ ઉછેરવાની નર્સરી/વાડી) શરૂ થઇ
  - ✓ ઉત્તરાખંડના અલમોરા જિલ્લાના રાણીખેત ખાતે દેશની મોટી નર્સરીનું ઉદઘાટન ફર્નરીના જાણીતા નિષ્ણાંત 'નિલામ્બર કુનેથા' દ્વારા કરવામાં આવ્યું.
  - ✓ કેન્દ્રની વળતર વનીકરણ યોજના CAMPA અંતર્ગત ત્રણ વર્ષના સમયગાળામાં ઉત્તરાખંડ વન અંતર્ગત ત્રણ વર્ષના સમયગાળામાં ઉત્તરાખંડ વન વિભાગે આ ફર્નરી વિકસાવવામાં આવી.

- ✓ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટના સંજીવ ચતુર્વેદીના નિવેદન મુજબ અહીં જવાહરલાલ નહેરૂ ટ્રોપિકલ બોટનિક્સ ગાર્ડન અને રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ, તિરૂવનંતપુરમ સાથે મળી 120 વિવિધ પ્રકારના છોડનો સંગ્રહ કરવામાં આવશે.
- ✓ અહીં ઉગાડવામાં આવનાર ટ્રીફર્ન (Cyathea Spinulosal) ઉત્તરાખંડના રાજ્યના જૈવ વિવિધતા બોર્ડ દ્વારા 'ખતર'ની યાદીમાં મૂકવામાં આવેલછે આ પ્રકારની વનસ્પતિ 'સ્ટાર્ચ' ભરપુર પ્રમાણમાં ધરાવતી હોવાના કારણે ડાયનોસોર તેને બચ્ચાને વધુ પ્રમાણમાં અવડાવતા હતા.
- ✓ વિશેષતઃ હંસરાજ (એડિનન્ટમ વેનસ્ટમ) પ્રકારની ફર્નનો ઉપયોગ તિબેટના લોકો આયુર્વેદિક દવા તરીકે કરે છે.

❖ ગુજરાત સરકારે 30 કેટેગરીમાં પુરસ્કાર આપવાની જાહેરાત કરી.

- ✓ રાજ્ય સરકારે અલગ-અલગ 30 કેટેગરીમાં: પુરસ્કાર આપવાની જાહેરાત કરી.
- ✓ સમગ્ર પુરસ્કારનું સંચાલન ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી કરશે.
- ✓ આ યોજના હેઠળ ત્રણ કેટેગરીમાં પુરસ્કાર અપાશે.
- ✓ (1) પ્રથમ નંબર - 1,00,000 રૂા.
- ✓ (2) બીજો નંબર - 75,000 રૂા.
- ✓ (3) ત્રીજો નંબર - 50,000 રૂા.
- ✓ આ યોજના હેઠળ શૈક્ષણિક, ઔધોગિક, સંસ્થાકીય, વ્યક્તિગત, ઇનોવેશન, રીસર્ચ પ્રોજેક્ટ, ક્લાઇમેન્ટ ચેન્જ ઇમ્પેક્ટ સ્ટડી, જનજાગૃતિ, સ્ટાર્ટઅપ એકમ અને મહિલા સાહસિકોને એવોર્ડ આપશે.

❖ સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ - 2021

- ✓ જળશક્તિ મંત્રાલયના રાજ્યમંત્રી પ્રહલાદ સિંહ પટેલે સ્વચ્છ ભારત મિશન- 20 અંતર્ગત 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ - 2021' અભિયાન શરૂ કર્યું.
- ✓ આ અભિયાન સમગ્ર દેશમાં પેયજળ અને સ્વચ્છતા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યુ.
- ✓ સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ અંતર્ગત નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લેવામાં આવશે.
- જાહેર સ્થળોએ સ્વચ્છતાનું નિરીક્ષણ
- સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણમાં દેશભરના 698 જિલ્લાના 17 હજાર 475 ગામડાઓને આવરી લેવાશે.
- સામાન્ય નાગરિકો, ગ્રામ્ય સ્તરે મોબાઇલ એપનો ઉપયોગ કરી નાગરિકોને ઓનલાઇન પ્રતિસાદ અપાશે.
- સમગ્ર બાબતે નાગરિકોના પ્રતિસાદ આપવા માટે 'ISSG 2021'
- નામની મોબાઇલ એપ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

❖ કવિ સુબ્રમણ્યમ ભારતીની 100મી પુણ્યતિથી

- ✓ તામિલનાડુના મહાન કવિ સુબ્રમણ્યમ ભારતીનો જન્મ 11 સપ્ટેમ્બર 1921ના રોજ થયો હતો.
- ✓ તેમની પ્રખ્યાત કવિતા 'એલારૂમ એલિનેલૈઇ એડુમનલ એરિએઇ' જેનો અર્થ ભારત વિશ્વના પ્રત્યેક બંધનમાંથી મુક્તિ મેળવવાનો રસ્તો દેખાડશે.

- ✓ બનારસ હિંદુ યુનિ.માં તેમની યાદમાં આર્ટસ ફેકલ્ટીમાં તમિલ સ્ટડીઝ પર 'સુબ્રમણ્યમ ભારતી ચેર' ની સ્થાપના કરાશે.

❖ દક્ષિણ કોરિયાના સંશોધકોએ રંગ બદલી શકે તેવા કૃત્રિમ ચામડી વિકસાવી

- ✓ કાચીંડાની જેમ કૃત્રિમ ચામડી વાતાવરણમાં તેના જેવો રંગ ધારણ કરી શકે છે.
- ✓ સીઓલની નોશનલ યુનિ.ના પ્રોફેસર કો સંગ હાન અને તેમની ટીમે આ રીત વિકસાવી છે.
- ✓ કાંચીડા ઉપરાંત કટલ્ફિશ પર પોતની ચામડીનો રંગ બદલી શકે છે.
- ✓ ક્રોમેટોફોરસ નામના તત્વની મદદથી સ્કીમના રંગમાં પરિવર્તન આવશે જેનાથી સ્કીન ચામડી કૃત્રિમ પ્રકાશમાં આવતા તેના જેવો રંગ ધારણ કરી શકશે.

❖ ડાંગમાં ઐતિહાસિક વારસાને ઉજાગર કરતું મ્યુઝિયમ તૈયાર કર્યું.

- ✓ ડાંગ જિલ્લાના વધઇ ખાતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે મ્યુઝિયમ તૈયાર કરવામાં આવ્યું.
- ✓ અહિં ડાંગ જિલ્લાની પ્રાચીન સંગીત કલાના વાદ્યો, પહેરવેશ, ઘરેણાં, અનાજ સંગ્રહ માટેની કોઠીઓ અહીં મૂકવામાં આવશે.
- ✓ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના જિલ્લાના શિક્ષકો તથા જિલ્લા બહારના શિક્ષકો તથા સંશોધનકર્તાઓને અહિં તાલીમ તથા માર્ગદર્શન આપવામાં આવે છે.

------------ કરન્ટ ઇન શોર્ટ ----------------

- 100 મીટરની ઓલિમ્પિક ચેમ્પીયન એલન થોમ્પ્સન હેરાહએ ડાયમંડ લીગ ફાઇનલ્સમાં ગોલ્ડ જીત્યો.
- ઇટાલીએ ગાંજાના નાના પાયા પરના વાવેતરને કાયદેસર બનાવવા નિર્ણય કર્યો.
- કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યાના 30 દિવસમાં જેમના મોત ઘર અથવા હોસ્પિટલમાં થયાં હોય તેમના ડેથ સર્ટિફિકેટમાં 'કોરોનાથી મૃત્યુ' લખવાનો નિર્ણય કેન્દ્ર સરકારે કર્યો.
- મન્નારની ખાડીમાં ઊર્જા ટાપુ બનાવવા માટે તામિલનાડુ રાજ્યએ ડેનમાર્ક સાથે ભાગીદારી કરી.
- આંધ્રપ્રદેશ સરકારના નવા આર્થિક સલાહકાર તરીકે રજનીશ કુમારની નિયુક્તિ.
- IOC (International Olympic Commitiee) એ 2022 સુધી ઉત્તર કોરિયા પર પ્રતિબંધ મૂક્યો. માલવીયા રાષ્ટ્રીય પ્રોધોગિકી સંસ્થા અને MBM કોલેજો જોધપુરે સાથે મળી IIT કાનપુરના શોધકર્તાઓએ કાપડ ઉધોગમાંથી નિકળતા રસાયણયુક્ત પાણીને શુદ્ધ કરી તેની ઝેરી અસર ઘટાડી ઘરેલુ તથા ઉધોગોના ઉપયોગમાં લઇ શકાય તેવું બનાવવાની ટેકનીક વિકસાવી.

**14 સપ્ટેમ્બર**

❖ ડૉ. સગૂન ગુપ્તાને મળ્યો 'ચેન્જ મેકર' એવોર્ડ

- ✓ કાયમી ચેકઅપની તકનીકી માટે જાણીતા અને ભારતના તથા વૈશ્વિક સ્તરે સામાજિક કાર્યકર તરીકે માન્યતા મેળવનાર ડૉ. સગૂનને મહારાષ્ટ્ર રાજ્ય સરકારે 'ચેન્જ મેકર' એવોર્ડ આપ્યો.
- ✓ રાષ્ટ્રીય વન શહીદ દિવસ નિમિત્તે રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ કલા, સાહિત્ય અને સામાજિક ક્ષેત્રે પ્રદાન કરનાર 'ચેન્જ મેકર' એવોર્ડ્સ આપ્યા.

- ✓ ડૉ. સગૂન એસિડ એટેકમાં ઘાયલ થયેલાઓની કાયમી મેમઅપ પદ્ધતિની સારવાર કરવાની મુખ્ય કામગીરી માટે જાણીતા છે.

❖ AMNS તથા NSIC વચ્ચે કરારો થયા

- ✓ AMNS - આર્સેલર મિતલ નિપ્પોન ઇન્ડિયા.
- ✓ ગુજરાત સ્થિત AMNS એ લઘુ ઉધોગ નિગમ (NSIC) સાથે મળી સ્ટિલ ઉત્પાદન ક્ષેત્રે પ્રદાન કરવા કરારો કર્યા.
- ✓ MSME સેગમેન્ટ માટે થયેલા આ કરાર ખાનગી સ્ટીલ કંપની ક્ષેત્રે પ્રથમ MOU છે.

❖ ભારતનું મિશન SAGAR અને ડોર્નિયર વિમાન.

- ✓ ભારતે મિશન SAGAR હેઠળ હિંદ મહાસાગર ક્ષેત્રમાં સમુદ્રી સુરક્ષા વધારવા માટે મોરિશસને ડોર્નિયર વિમાનો સોંપ્યા.
- ✓ SAGAR = Security and growth for all in region
- ✓ SAGAR અભિયાન હેઠળ ભારત તેના સમુદ્રિ પડોશી દેશો સાથે આર્થિક તથા સુરક્ષા ક્ષેત્રે સહકાર તથા સમુદ્રની સુરક્ષા ક્ષેત્રે ક્ષમતાઓના નિર્માણ માટે કામ કરતું અભિયાન છે.
- ✓ ભારત સરકારે 2015માં હિંદ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઇ સુરક્ષાને ધ્યાને રાખી SAGAR શરૂ કર્યું હતું.

❖ ઇઝરાયેલે સીમા-સરહદોના પેટ્રોલિંગ માટે સશસ્ત્ર રોબોટનું અનાવરણ કર્યું

- ✓ આ રિમોટ સંચાલિત રોબોટ ઘુસણખોરોને ઓળખી તેના પર ગોળીબાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- ✓ આ રોબોટ રાજ્ય સરકારની એરોસ્પેસ કંપની REX MKII એ બનાવ્યો છે.
- ✓ આ રોબોટના સમર્થકો કહી રહ્યા છે કે તે સુરક્ષાની દ્રષ્ટિએ યોગ્ય છે જ્યારે અમુક લોકો કહી રહ્યા છે કે આ રોબોટ જીવન- મરણના નિર્ણયો જાતે નક્કી કરી શકવાની ઘટના ખતરનાક હશે.

❖ ભારતનું ગગનયાન મિશન અને ઓસ્ટ્રેલિયા

- ✓ ઓસ્ટ્રેલિયા ભારતના ગગનયાન મિશનને કોકોસ ફિલિંગ ટાપુ દ્વારા ટ્રેક કરીને મદદ કરશે.
- ✓ CII (કોન્ફેડેરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી) દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ પરિષદમાં ઓસ્ટ્રેલિયાની સ્પેસ એજન્સીના અધ્યક્ષ મર્ફેટે જણાવ્યુ કે આકાશ ક્ષેત્રે ઓસ્ટ્રેલિયા ભારત સાથે મળીને કામ કરશે.
- ✓ ભ્રમણકક્ષામાં ઉપગ્રહો જ્યારે પૃથ્વી પરના ગ્રાઉન્ડ સ્ટેશનને માહિતી મેળવી શકવામાં અસક્ષમ બને ત્યારે આ પ્રકારની સ્થિતિમાં કોકોસ કીલિંગ ટાપુ જેવા વિસ્તાર પરથી ડેટા રિલે સેટેલાઇટ ટ્રેકિંગ આ સમસ્યા ઉકેલવામાં મદદરૂપ બને છે.

❖ 14 સપ્ટેમ્બરઃ- રાષ્ટ્રીય હિંદી દિવસ

- ✓ 14 સપ્ટેમ્બર 1949ના દિવસે બંધારણ સભાએ હિંદીને રાજભાષા તરીકે માન્યતા આપી હતી. આથી હિંદી ભાષાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી 14 સપ્ટેમ્બરે રાષ્ટ્રીય હિંદી દિવસ 1953ના વર્ષથી ઉજવાય છે.

- ✓ બંધારણ મુજબ રાજભાષાનો અર્થ બંધારણમાં દર્શાવેલ સરકારી કામકાજ પ્રશાસન, સંસદ અને વિધાન મંડળ તથા ન્યાયતંત્રની કામગીરી માટે માન્ય ભાષા.
- ✓ યાદ રાખો વિશ્વ હિંદી દિવસ 10 જાન્યુઆરી.

❖ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે

- ✓ કુલ 5 રાજ્યમાંથી પસાર થતો 1350 કિમી લાંબો ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ - વે 2023 સુધીમાં તૈયાર થશે.
- ✓ 5 રાજ્યોમાં ગુજરાત (423 km), રાજસ્થાન (374 km), મધ્યપ્રદેશ (245 km), મહારાષ્ટ્ર (171 km) સમાવેશ થાય છે.
- ✓ આ રસ્તા પર માત્ર (ચાર લેનમાં) ઇલેક્ટ્રિક વાહનો માટે ફોરલેન વિસ્તાર નક્કી કરાયેલો હશે.

------------ કરન્ટ ઇન શોર્ટ ----------------

- ✓ ફ્રાન્સમાં રાષ્ટ્રપતિ પદ માટે પેરિસના મેયર સ્પેન હિડાગલેએ દાવેદારી રજૂ કરી તેઓ વર્તમાન રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સામે ચૂંટણી લડશે.
- ✓ ટ્વિટર Super Follows ફીચર લોન્ચ કર્યું જેની મદદથી માઇક્રો બ્લોગિંગ પ્લેટફોર્મ પર ક્રિએટર્સ કન્ટેન્ટ રજૂ કરીને માસિક આવક મેળવી શકશે.
- ✓ અકસ્માતની ઘટનાઓ પોતાના ફાયદા માટે કેવી રીતે ઉપયોગ કરી શકાય તેવી એક્ટર સલમાન ખાનની હિટ એન્ડ રન પર આધારિત ગેમ 'Selmon Bhoi' પર મુંબઇથી સિવિલ કોર્ટે પ્રતિબંધ મૂક્યો.
- ✓ US ઓપનમાં એમ્મા રાદૂકાન ગ્રાન્ડ સ્લેમ જીતનાર પ્રથમ ક્વોલિફાયર બની.
- ✓ ભારતીય ટેબલ ટેનિસ મહાસંઘે મનિકા બત્રા દ્વારા લગાવાયેલ કોચ સૌમ્યદીપ રોય પરના મેચ ફિક્સિંગના આરોપ માટે ચિરંજીવી ચૌધરીની અધ્યક્ષતાએ બે વકીલ મનેન્દ્ર જૈન અને પાર્થ ગૌસ્વામી સાથેની સમિતિ રચી.
- ✓ ઓનલાઇન ફૂડ ડિલિવરી ફ્લેટફોર્મ જોનોરો જોસરી ડિલિવરી સર્વિસ બંધ કરશે.

  ઓગષ્ટ મહિનામાં કસ્ટમર પ્રાઇસ ઇન્ડેક્સ આધારિત ફુગાવાનો દર 30% રહ્યો.

**15 સપ્ટેમ્બર**

❖ ઇકોબ્રીક પ્રોજેક્ટ

- ✓ ગુજરાતની ભાવનગર મહાનગર પાલિકાએ શરૂ કરેલ ઇકોબ્રીક પ્રોજેક્ટની રાષ્ટ્ર કક્ષાએ પસંદગી થઇ.
- ✓ ઇકોબીક પ્રોજેક્ટ હેઠળ અકવાડા લેક ખાતે ટ્રી ગાર્ડ, બેન્ચ, ચાલવાનો રસ્તો, દિવાલ જેવી વસ્તુઓ બનાવાય છે.
- ✓ ભાવનગર પાલિકા આ પ્રોજેક્ટ શરૂ કરનાર ગુજરાતની પ્રથમ મહાનગર પાલિકા.
- ✓ ઇકોબ્રીક પ્રોજેક્ટની પસંદગી બાદ મિનિસ્ટર ઓફ હાઉસિંગ અને અર્બન એફેર્સના કૉફી ટેબલ બુકમાં તેને પ્રકાશિત કરાયો.

- ✓ સમગ્ર દેશમાં અર્બન - નોન - અર્બન 3 હજાર પ્રોજેક્ટ માંથી 10 પ્રોજેક્ટ વિશિષ્ટ પ્રદાન માટે પસંદ કરાયા.
- ✓ પ્રોજેક્ટમાં બનાવવામાં આવેલ અલગ-અલગ વસ્તુઓ સિંગલ યુઝ પ્લાસ્ટિકમાંથી બનાવવામાં આવે છે.

❖ 15 સપ્ટેમ્બરઃ- રાષ્ટ્રીય ઇજનેર દિવસ.

- ✓ ભારતમાં બાંધકામ ક્ષેત્રે જાણીતા ઇજનેર મોક્સગુન્ડમ વિશ્વૈસરૈયાની જન્મજયંતિ ઇજનેર દિવસીથી ઉજવાય છે.
- ✓ વિશ્વેસરૈયા નો જન્મ 1860માં કર્ણાટકમાં થતો હતો અને 1955માં તેમને ભારતરત્નથી સન્માનિત કરાયા હતા.
- ✓ ભારત ઉપરાંત શ્રીલંકા અને તાન્ઝાનિયા પણ આ દિવસ ઉજવે છે.

❖ NIOS ને UNESCO એ આપ્યો 'સાક્ષરતા પુરસ્કાર'

- ✓ NIOS = National Institute of Open School Unesco - United Nations Educational Scientific and Cultrural Organization
- ✓ આ પુરસ્કાર NIOS એ ભારતીય સાંકેતિક ભાષા આધારિત સામગ્રી તથા ઔધોગિક શિક્ષણ પર ધ્યાન કેન્દ્રીત કરી વિકલાંગ વ્યક્તિઓ માટે શિક્ષણના દ્વાર મજબૂત બનાવવા માટે મેળવ્યો.
- ✓ Unesco અને NIOS ઉપરાંત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સાક્ષરતા પુરસ્કાર આઇવોર, ઇજિપ્ત, ગ્વાટેમાલા, મેક્સિકો, દ.આફ્રિકાને પણ આપ્યા.
- ✓ આ પુરસ્કારની વર્ષ 2021ની થીમઃ- સ્પોટલાઇટ સમાવિષ્ટ અંતર અને ડિજિટલ સાક્ષરતા શિક્ષણ.
- ✓ NIOS વતી પુરસ્કાર લેનાર - NIOSના અધ્યક્ષ પ્રોફેસર સરોજ શર્મા.
- ✓ Unesco વતી - નિયામક અને પ્રતિનિધિ એરિક ફાલ્ટે

❖ LEADS 2021 ASEAN સત્ર.

- ✓ જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે FICCI દ્વારા આયોજિત ભારત- ASEAN કનેક્ટીવીટી આધારિત ASEAN સત્રને સંબોધિત કર્યું.
- ✓ LEADS - એશિયા, યુરોપ, આફ્રીકા, અમેરિકા અને પ્રશાંત ક્ષેત્રના નેતાઓનું મંચ છે જ્યાં નેતૃત્વ, આર્થિક પરિવર્તન જેવી બાબતો પર ચર્ચા થાય છે.
- ✓ આ સંબોધન ભારતના પાડોશી દેશો સાથેના સરહદી વિસ્તારમાં નાના અને મધ્યમ કદના ઉધોગોને નવી તકો શોધવા માટે સક્ષમ બનાવવાનો ઉદ્દેશ્ય ધરાવતું હતું.
- ✓ ASEAN - Association of Southeast Asian Nations.

❖ PNB તથા યુનિયન બેંક ઓફ ઇન્ડિયાએ મળ્યો 'રાજભાષા કીર્તિ પુરસ્કાર'

- ✓ PNB (પંજાબ નેશનલ બેંક) અને યુનિયન બેંક ઓફ ઇન્ડિયાને હિંદી ભાષાને પ્રોત્સાહન આપવા બદલ ગૃહમંત્રી અમિત શાહે આ પુરસ્કાર આપ્યો.
- ✓ આ એવોર્ડ સતત ચાર વખત PNBએ મેળવ્યો અને તે પ્રથમ ક્રમાંકે રહી.

- ✓ ઉપરાંત બેંક ઓફ મહારાષ્ટ્ર તથા સિંદ બેંકે પણ હિંદી દિવસે હિંદી ભાષાને પ્રોત્સાહન આપવા માટે પુરસ્કાર મેળવ્યો.

❖ I & B મંત્રાલયે ટેલીગ્રામ એકાઉન્ટ લોન્ચ કર્યું.

- ✓ કેન્દ્રીય સૂચના પ્રસારણ મંત્રાલયે ફેક ન્યુઝની જાણકારી આપવા માટે આ એકાઉન્ટ લોન્ચ કર્યું.
- ✓ આ એકાઉન્ટનું નામ - PIB ફેક્ટ ચેક છે.
- ✓ PIB ફેક્ટ ચેક કેન્દ્ર સરકારની એકમાત્ર ફેક્ટ ચેકિંગ વિભાગ છે. જેની સ્થાપના 2019માં થઇ હતી.

❖ UNDP એ ખેત ઉત્પાદનો સબંધિત રિપોર્ટ આપ્યો.

- ✓ UNDP - યુનાઇટેડ નેશન ડેવલપમેન્ટ પ્રોગ્રામ
- ✓ વિશ્વભરમાં ખેત ઉત્પાદનોને આપવામાં આવેલ કુલ વાર્ષિક સરકારી સહાયમાં 540 બિલિયન ડૉલના 87% ભાગમાં પ્રકૃતિ અને આરોગ્યને નુકશાન થઇ શકે તે પ્રકારના ઉત્પાદનો લેવાયાં.
- ✓ આ અહેવાલ UNDP અને ONEPCON એન્વાયર્મેન્ટ પ્રોગ્રામ લોન્ચ કર્યા જેના હવેના ઉદ્દેશ્ય કૃષિક્ષેત્રના ઉત્પાદનોને ફરીથી ખાધ પ્રણાલીમાં બદલવાનો છે.
- ✓ આ રિપોર્ટના અન્ય ઉદ્દેશ્ય વૈશ્વિક લેવલે ખેત ઉત્પાદનોના આપવામાં આવતા ભાવ પ્રોત્સાહન (સબસિડી)નો વિરોધ કરવાનો પણ છે.

❖ હ્યુમન રાઇટ્સ એન્ડ ટેરરિઝ્મ ઇન ઇન્ડિયા પુસ્તક

- ✓ સુબ્રમણ્યમ સ્વામીએ આ પુસ્તક પ્રકાશિત કર્યું છે.
- ✓ આ બુક બંધારણીય રીતે સર્વોચ્ચ અદાલત દ્વારા બનાવાયેલા પ્રતિબંધો વચ્ચે આંતકવાદનો સામનો માનવ અને મૌલિક અધિકારો સાથે કેવી રીતે કરવો તેના પર આધારિત છે.
- ✓ બુકની થિસિસ - આતંકવાદ રોકવા માટે ભારતને એ રાષ્ટ્રના રૂપમાં ઓળખવાની ક્ષમતામાં વધારો કરવાની છે.
- ✓ ભાજપ સાંસદ સુબ્રમણ્ય મે, 199માં અફઘાનના કંદહારમાં અપહરણ કરાયેલ ઇન્ડિયન એરલાઇન્સના મુસાફરોની બદલાબદલીમાં ત્રણ ખતરનાક આતંકીઓ મસૂદ અઝહર, ઓમાર શેખ અને મુસ્કાક અહમદ ઝરગરને મુક્ત કરવાની ઘટના ભારતની સૌથી ખરાબ આતંકી ઘટના દર્શાવી.

❖ TATA Power, ટાટા મોટર્સમાં BMW નો રૂફટોપ સિસ્ટમ સ્થપાશે.

- ✓ ટાટા મોટર્સે પૂણેમાં વીજ ઉત્પાદન માટે રૂફટોપ લગાવવા TATA Power સાથે કરારો કર્યા.
- ✓ પ્રોજેક્ટથી વાર્ષિક અંદાજે 45 લાખ Kwh ઉર્જા ઉત્પન્ન થશે તથા 35382 કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે.
- ✓ ટાટા પાવર 12.811 GW ઉર્જા ઉત્પાદનનો પોર્ટફોલીયો ધરાવે છે. જે ઊર્જા મુંબઇ, પૂર્વી મુંબઇ, ઓડિશા, અજમેરને પહોંચાડે છે.
- ✓ કંપની 2030 સુધીમાં 100% નવીનીકરણીય ઊર્જાના સ્ત્રોતની ક્ષમતાને પહોંચી વળવાનો લક્ષ્યાંક ધરાવે છે આ પ્રાપ્ત થયેલ ઉર્જાનો ઉપયોગ પોતાના તમામ ઉત્પાદન ક્ષેત્રોમાં તે કરશે.

❖ દૂરદર્શન સ્થાપના દિવસ.

- ✓ 15 સપ્ટેમ્બર 1959ના રોજ દૂરદર્શનની સ્થાપના કરાઇ હતી. જેથી 15 સપ્ટેમ્બર સ્થાપના દિનથી ઉજવાય છે.
- ✓ દૂરદર્શનનો લોગો DD- Eye તરીકે ઓળખાય છે. તથા 2014માં વિજયાલક્ષ્મી છાબરાએ આપેલું નવું ધ્યેય વાક્ય 'દેશ કા અપના ચેનલ' છે.
- ✓ દૂરદર્શનનું પ્રસારણ બ્રોડ કાસ્ટીંગ મિનિસ્ટ્રી ઓફ ઇન્ડિયા અને પ્રસારભારતી દ્વારા થાય છે. તથા દૂરદર્શન એ સંસદના અધિનિયમથી સ્થાપિત વૈધાનિક સ્વાયત સંસ્થા છે.
- ✓ દૂરદર્શન કુલ 21 ચેનલો ઓપરેટ કરે છે. તથા સમગ્ર ભારતમાં તે 46 સ્ટુડિયો ધરાવે છે.

------------- કરન્ટ ઇન શોર્ટ -----------

- UPA સરકારમાં રોડ અને પરિવહન વિભાગ તથા શ્રમ અને રોજગાર પ્રધાન રહી ચૂકેલા કોંગ્રેસના વરિષ્ટ નેતા ઓસ્કર ફર્નાન્ડિઝનુ અવસાન થયું.
- ICEA (ઇન્ડિયા સેલ્યુલર એન્ડ ઇલેક્ટ્રોનિક્સ એસોસિએશન) એ Li આયન આધારિત ઉત્પાદનોના ઉદ્દેશ્ય માટે CDAC (સેંટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કંમ્પ્યુટિંગ) નોઇડા સાથે કરારો કર્યા.
- અસમમાં ડેરી ક્ષેત્રનો વિકાસ કરવા માટે અસમ સરદાર અને NDDB (રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ) સાથે મળીને કંપનીની સ્થાપના કરશે.
- તમિલનાડુ એડમિશન ટુ અંડર ગ્રેજ્યુએટ મેડિકલ ડિગ્રી કોર્સ બિલ, તમિલનાડુ એડમિશન ટુ અંડર ગ્રેજ્યુએટ મેડિકલ ડિગ્રી કોર્સ બિલ, 2012 (NEET-વિરોધી બિલ) શિર્ષક હેઠળ તમિલનાડુ વિધાનસભાએ NEET ની પરિક્ષામાંથી મુક્તિ આપતું બિલ પસાર કર્યું.
- RBI અને સિંગાપુરની મધ્યસ્થ બેંક તેમની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને લિન્ક કરશે. જેનાથી ઓછા ખર્ચે ફંડ ટ્રોન્સફર કરી શકાશે.
- ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ મેળવનાર નીરજ ચોપરાના કોચ જર્મનીના ખેલાડી ઉવે હોનની કોચપદેથી હકાલપટ્ટી.
- યુરોપ અને રશિયાની સરહદ પર ભારત, રશિયા, બેલારૂસ, આર્મેનિયા, કઝાકિસ્તાન, કિર્મિસ્તાન, મોંગોલિયાના લશ્કરે લશ્કરી શક્તિ પ્રદર્શનમાં ભાગ લીધો.
- દક્ષિણ કોરિયાએ બજાર પર પ્રભુત્વ સ્થાપવાનો દુરૂપયોગ કરનાર ગૂગલને રૂ.1307 કરોડનો દંડ કર્યો.
- 15 સપ્ટેમ્બર - આંતરરાષ્ટ્રીય લોકસાહી દિવસ (2008થી).

**16 સપ્ટેમ્બર**

❖ ભારતીય નૌસેના પ્લેસમેન્ટ એજન્સી (INPA) તથા ફ્લિપકાર્ટ વચ્ચે કરારો થયા.

- ✓ આ કરાર હેઠળ ફ્લિપકાર્ટ નૌસેનાના દિગ્ગજ અધિકારીઓની ભરતી કરશે.
- ✓ આ માટે ફ્લિપકાર્ટ 'ફ્લિપમાર્ચ' કાર્યક્રમ હેઠળ કામ કરશે અને નિવૃત નૌસેના અધિકારીઓને કુશળતા મુજબ નોકરી પ્રદાન કરશે.

❖ NITI આયોગ, RMI અને RMI ઇન્ડિયાએ 'શૂન્ય' અભિયાન શરૂ કર્યું.
  - ✓ RMI - રોકી માઉન્ટેન ઇન્સ્ટિટ્યુટ.
  - ✓ શૂન્ય અભિયાન અંતર્ગત શૂન્ય પ્રદૂષણ વિતરણ વાહનોને પ્રોત્સાહન અપવામાં આવશે તથા શહેરી વિસ્તારમાં ઇલેક્ટ્રીક વાહનોને પણ પ્રોત્સાહન અપાશે.
  - ✓ હાલ ઇ-કોમર્સ કંપનીઓ, ફ્લિપ એગ્રીગેટર્સ, ઓરિજિનલ ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ અને લોજિસ્ટિક કંપનીઓ ડિલિવરી માટે ઇલેક્ટ્રિફિકેશન તરફ પ્રયાસો વધારી રહ્યા છે.
  - ✓ ઝોમેટો, બિગબાસ્કેટ, બ્યુકાર્ટ સ્વીગી સહિતની લગભગ 30 કંપનીઓએ અમિતાભ કાંતની અધ્યક્ષતામાં મળેલ કિક-ઓફ મીટિંગમાં ભાગ લીધો અને નીતિ આયોગના આ અભિયાનને ટેકો આપ્યો.
  - ✓ RMI - મેનેજિંગ ડિરેક્ટર - ક્લે સ્ટ્રેન્જર.
  - ✓ NITI આયોગના વડા - નરેન્દ્ર મોદી (હોદ્દાની રૂએ હંમેશા વડાપ્રધાન જ હોય).

❖ ભારત અને ઇતાલવી ગણરાજ્ય વચ્ચે સમજૂતી.
  - ✓ ભારતના NDMA (નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી) અને ઇતાલવી ગણરાજ્યના નાગરિક સુરક્ષા વિભાગ સાથે સમજૂતી થઇ.
  - ✓ બંને રાષ્ટ્રો સાથે મળી આપતિ વ્યવસ્થાપન (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) ક્ષેત્રે નવીનતમ ટેકનોલોજી વિકસાવવા માટે પ્રયાસો કરશે.

❖ SCO ની બેઠક માટે એસ. જયીશંકર તાજિકિસ્તાનની મુલાકાતે.
  - ✓ ભારતના વિદેશ મંત્રી SCO (Shanghai Cooperation Organisation)ની બેઠકમાં ભાગ લેશે.
  - ✓ આ બેઠકમાં જયશંકર ઉપરાંત ઇરાનના વિદેશમંત્રી હોસીન અમીર અબ્દુલ્લાહિયમ અને અન્ય દેશોને તેમને સમકક્ષો ભાગ લઇ દ્વિપક્ષીય મંત્રણા કરશે.
  - ✓ આ બેઠકમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વર્ચ્યુઅલી જોડાશે.
  - ✓ આ સમિટમાં અફઘાનિસ્તાનનો મુદ્દો ચર્ચામાં રહેશે. ઉપરાંત આ વર્ષે SCO તેની 20મી વર્ષગાંઠ ઉજવશે.
  - ✓ SCOનું મુખ્ય મથક - બેજિંગ (ચીન)
  - ✓ SCOની સ્થાપના - 15 જૂન, 2001
  - ✓ SCOની ઓફિશિયલ ભાષા - ચાઇનીઝ અને રશિયન
  - ✓ SCOના આઠ સભ્ય દેશો - ચીન, રશીયા, તાજિકિસ્તાન, કઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, ઉઝબેકિસ્તાન, ભારત, પાકિસ્તાન.

❖ OLA ઇલેક્ટ્રીક વિશ્વની સૌથી મોટી મહિલા ફેક્ટરી.
  - ✓ OLA ગ્રુપના CEO ભાવિશ અગ્રવાલે OLA ઇલેક્ટ્રિકમાં 10,000 મહિલાઓને રોજગારી આપવાની જાહેરાત કરી.
  - ✓ OLA ઇલેક્ટ્રિકે 15 ઓગષ્ટના રોજ તેનું પ્રથમ સ્કુટર OLA S1 લોન્ચ કર્યું હતું.

- ✓ OLA ઇલેક્ટ્રિક સ્કૂટર ઉત્પાદન કરતી કંપની છે. જેણે તામિલનાડુમાં કંપની સ્થાપવા માટે તામિલનાડુ સરકાર સાથે કરારો કર્યા છે. આ ફેક્ટરી ક્રિષ્નાગિરી જિલ્લામાં હોસુર શહેરમાં સ્થિત છે.
- ✓ અમદાવાદના માંડલ તાલુકાના વિઠ્ઠલપુરના હોન્ડાના પ્લાન્ટ કરતાં પણ અહીં વધુ ઉત્પાદન થશે. (OLA 20 લાખ સ્કૂટર, હોન્ડા - 12 લાખ સ્કૂટર)
- ✓ OLA ઇલેક્ટ્રિકમાં રતન ટાટાએ પણ રોકાણ કરેલું છે.

❖ વિશ્વની સૌથી મોટી ગરોળી IUCNની લૂપ્ત પ્રજાતિની યાદીમાં

- ✓ 'કોમોડો ડ્રેગન' વિશ્વની સૌથી મોટી (3 મીટર લંબાઇ, 70 kg વજન) ગરોળી છે.
- ✓ તેનું વૈજ્ઞાનિક નામ - વારાનસ કોમોડોએન્સિસ.
- ✓ આ ગરોળી ઇન્ડોનેશિયાના વર્લ્ડ હેરિટેજમાં સમાવિષ્ટ કોમોડો નેશનલ પાર્ક અને ફ્લોરેસ ટાપુ પર જોવા મળે છે.
- ✓ IUCN (ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર) ના અહેવાલ મુજબ વધતા જતા વૈશ્વિક તાપમાન અને દરિયાઇ ઉંચાઇ કોમોડો ડ્રેગનના અસ્તિત્વ પર પૂર્ણ વિરામ મૂકશે.
- ✓ IUCNની સ્થાપના - 5 ઓક્ટોબર, 1948
- ✓ IUCNનું વડુ મથક - ગ્લેન્ડ સ્વિટ્ઝરલેન્ડ
- ✓ IUCNએ રેડલિસ્ટમાં 9 શ્રેણીઓમાં પ્રજાતિઓને વર્ગીકૃત કરી છે.

❖ ન્યુઝીલેન્ડનું નામ બદલવા માંગ

- ✓ ન્યુઝીલેન્ડની માઓરી પાર્ટીના નેતાએ નવું નામ 'Aotearoa' (ઓટેરીઆ) રાખવાની માંગ કરી.
- ✓ ઔટેરીયા એ માઓરી લોકો ન્યુઝીલેન્ડ માટે શબ્દ વાપરે છે અને તેઓ આ વિસ્તારના સૌથી જૂના રહેવાસી છે.
- ✓ ન્યુઝીલેન્ડ મૂળ રીતે ઝીલેન્ડના ડચ પ્રાંત પછી 'નોવા ઝીલેન્ડિયા' પરથી આવ્યું છે.
- ✓ માઓરી એક સ્થાનિક પોલિટિક્સ પાર્ટી છે જેની સ્થાપના વર્ષ 2004માં કરાઇ હતી.

❖ ડૉ. સંજય જોષી LBSNAA ખાતે પ્રોસેફર તરીકે નિયુક્ત

- ✓ LBSNAA - Lat Bahadur Shastri National Academy of Adminisrtation - મસુરી - ઉત્તરાખંડ ખાતે ભારત સરકારના વિવિધ સેવાઓના અધિકારીઓને (UPSC ના અધિકારી) તાલીમ આપતી સંસ્થા છે.
- ✓ ડૉ. સંજય જોષી હાલ SOU (સ્ટેચ્યુ ઓફ યુનિટી) ખાતે મેજર તરીકે ફરજ બજાવે છે.
- ✓ ડૉ. સંજય બનાસકાંઠાના વડગામ તાલુકાના સીસરાણા ગામના વતની છે અને તેમણે લોહપુરૂષ સરદાર પટેલના જીવન પર Ph.D કર્યું છે.

❖ 16 સપ્ટેમ્બર - આંતરરાષ્ટ્રીય ઓઝોન ($O_3$) દિવસ..

- ✓ વર્ષ 2021ની થીમ:- Monstreal Protocol - Keeping us Our Food and Vaccines Cool (Monstreal Protocol - આપણને આપણા ખોરાક અને રસીને ઠંડી રાખે છે.)

- ✓ આ દિવસ ઓઝોન સ્તર માટે ખતરારૂપ પદાર્થો ને ખતમ કરવા 16 સપ્ટેમ્બર, 1987ના રોજ થયેલા Monstreal Protocolની યાદમાં 2000ની સાલથી UNGA (UN General Assembly) દ્વારા ઉજવવામાં આવે છે.
- ✓ ઓઝોનનું સ્તર પૃથ્વીના સ્ટ્રેટોસ્ફિયરમાં આવેલું છે. જે 90 થી 95% અલ્ટ્રાવાયોલેટ (UV) કિરણો શોષે છે.
- ✓ વર્ષ 2021માં ભારતે કિગાલી પ્રોટોકોલ (કિગાલી - રવાન્ડા)ને સમર્થન આપ્યુ છે જે અંતર્ગત 2045 સુધીમાં HFC (હાઇડ્રોફ્લોરોકાર્બન) ના ઉત્પાદન અને વપરાશમાં 80 - 85% ઘટાડો કરવા પ્રયત્નો હાથ ધરાશે.
- ✓ વર્ષ 2020માં વિએના સંમેલનમાં ઓઝોન દિવસની વર્ષગાંઠ ઉજવાઇ હતી. (થીમ:- જીવન માટે - ઓઝોન: 35 વર્ષ ઓઝોન સ્તર સુરક્ષા.) અને CFC (ક્લોરોફ્લોન) ના ઘટાડા માટે હસ્તાક્ષર થયા હતા.

**UV Rays (IMP For GPSC)**

- ✓ UV - A - કિરણો લાંબી તરંગલંબાઇ ધરાવે છે.
- ✓ UV - B અને UV - C ટૂંકી તરંગલંબાઇ ધરાવે છે.
- ✓ સૂર્ય પ્રકાશમાંથી આવતા UV-A, UV-B અને UV-C કિરણમાંથી UV-C કિરણો ત્વચા સુધી પહોંચતા નથી જ્યારે UV-B ત્વચાના બાહ્ય પડ સાથે અમુક અંશે સંપર્કમાં આવે છે. UV-A કિરણો Ozone ના પડમાં શોષાતા નથી. જેથી ત્વચામાં ઊંડે સુધી અને શરીરના આંતરીક ભાગો સુધી પ્રવેશ કરે છે.
- ✓ UV-B કિરણો ત્વચાના કેન્સર માટે સૌથી વધુ જવાબદાર છે. તથા તે ONA માં પણ ફેરફાર લાવી શકે છે.
- ✓ UV-A કિરણો UV-B જેટલા ગંભીર નથી પરંતુ તે વૃદ્ધત્વ, ચામડી પર કરચલી તથા DNA માં લાંબા ગાળે ફેરફારનું કારણ બને છે. જે આગળ જતાં ત્વચાનું કેન્સર નોતરી શકે.
- ✓ UV - C કિરણો ચામડીને નુકશાન પહોંચાડતા નથી કેમકે તેમનું ઓઝોન લેયરમાં સંપૂર્ણ શોષણ થઇ જાય છે.

--------------- કરન્ટ ઇન શોર્ટ -------------

- ગુજરાત મુખ્યમંત્રી કાર્યાલયમાં અધિક મુખ્ય સચિવ તરીકે પંકજ જોષી તથા CMO સચિવ તરીકે અવંતિકા સિંઘ ઔલખની નિમણુંક કરાઇ તથા OSO (ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી) તરીકે ડૉ. એમ.ડી. મોડિયા અને નૈષધ એન. દવેની નિમણૂક.
- એટલાન્ટાના ઝૂમાં સારસંભાળ રાખનાર કર્મચારીના કારણે 13 જેટલા લોલેન્ડ ગોરિલાને કોરોના થયો.

- અમેરિકાના ટેક્સાસ અને લુઇસિયાના સાગરકાંઠે હરિકેન (વાવાઝોડાનો પ્રકાર) 'નિકોલસ' 120 કિ.મી.ની ઝડપે ત્રાટક્યુ.
- કોકાકોલાએ સોનાલી ખન્નાને કોકાકોલા ઇન્ડિયાના વાઇસ પ્રેસિડેન્ટ નિયુક્ત કર્યા.
- શ્રીલંકાના બોલર લસિથ માલિંગાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી રાજીનામું જાહેર કર્યું. 2014 વર્લ્ડ કપની વિજેતા ટીમ શ્રીલંકાના કેપ્ટન હતા.
- ઇઝરાયેલના ખેલાડી સામે રમવાની ના પાડનાર અલ્જીરીયાના ફેતી નુરિન અને તેના કોચ અમર બેનિખલેખનને આંતરરાષ્ટ્રીય જુડો ફેડરેશને 10 વર્ષ માટે પ્રતિબંધિત કર્યા.
  અમેરિકામાં કોલિફોર્નિયાના સિયેરા નેવાડાના જંગલોમાં લાગેલી ભીષણ આગને કારણે સેકવોઇયા નેશનલ પાર્ક બંધ કરાયું. સકવોઇયા એક વનસ્પતિ પ્રજાતિ છે જેનું થડ 36 ફૂટનો ડાયામીટર ધરાવે છે.

**17 સપ્ટેમ્બર**

❖ PFCએ ભારતનો પ્રથમ યૂરો ગ્રીન બોન્ડ બહાર પાડ્યો.
- ✓ PFC - Power Finance Corporation LTD
- ✓ નવી દિલ્હીની રાજ્ય સંચાલિત વીજ ક્ષેત્રની ધિરાણકર્તા PFC - 300 મિલિયનના યુરો-સંપ્રદાયિત ગ્રીન બોન્ડ લોન્ચ કરનારી પ્રથમ ભારતીય સંસ્થા બની.
- ✓ NBFC (નોન બેન્કિંગ ફાયનાન્સ કોર્પોરેશન) દ્વારા જારી કરાયેલ આ પ્રકારનો પ્રથમ બોન્ડ હોવાનો કંપનીએ દાવો કર્યો છે.
- ✓ PFC ના CMD = R. S. Phillon

❖ બાયજૂસે US આધારિત કોડિંગ પ્લેટફોર્મ ટાઇનકર (Tynker)નું અધિગ્રહણ કર્યું.
- ✓ બાયજૂસે k-12 ક્રિએટિંગ કોડિંગ પ્લેટફોર્મના કરેલા અધિગ્રહણથી ટાઇનકર વૈશ્વિક લેવલે બાળકો, સ્કૂલો, શિક્ષકો તથા કોડિંગ શિખનારાઓ માટે પ્લેટફોર્મ પૂરું પાડશે.
- ✓ ટાઇનકરના પ્લેટફોર્મનો ઉપયોગ 150 દેશોમાં 60 મિલિયનથી વધુ બાળકો અને 1,00,000 શાળાઓ કરે છે. ટાઇનકરની શરૂઆત 2013 માં થઇ હતી.
- ✓ બાયજૂસે આ હસ્તાંતરણનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે બાળકોમાં પ્રોગ્રામિંગ પ્રત્યેની રૂચિ પ્રગટાવવાનો દર્શાવ્યો છે.
- ✓ બાયજૂસના સ્થાપક અને CEO - બાયજુ રવીન્દ્ર
- ✓ ટિન્કરના (ટાઇનકર) સંસ્થાપક - કૃષ્ણાવેદાંતી, શ્રીનિવાસ મંડ્યન અને કેલ્વિન ચોંગ.

❖ ચીને CPTPP વેપાર સમજૂતીમાં ભાગ લેવા આવેદન કર્યું.
- ✓ CPTPP = Comprehe sire and Progressive Agreement for Trans - Pacific Partnership
- ✓ CPTPP એ પ્રશાંત ક્ષેત્રના 11 દેશો વચ્ચે થયેલ મુક્ત વેપાર સમજૂતી છે.
- ✓ CPTPP અગાઉ TPP (ટ્રાન્સ પેસિફિક પાર્ટનરશિપ) તરીકે ઓળખાતું અને ચીનના પ્રાદેશિક પ્રભાવ માટે એક મહત્વપૂર્ણ આર્થિક કાઉન્ટરવેઇટ તરીકે જોવામાં આવતું.

- ✓ CPTPP ના સભ્ય દેશો - ઓસ્ટ્રેલિયા, બ્રુનેઇ દારૂસલામ, કેનેડા, ચિલી, જાપાન, મલેશિયા, મેક્સિકો, ન્યુઝીલેન્ડ, પેરૂ, સિંગાપુર, વિયેતનામ.
- ✓ ચીનના જોડાણ અંગેનો વિચાર આ વર્ષનું અધ્યક્ષ જાપાન કરશે.

❖ સંસ્કુતિ મંત્રાલય પ્રધાનમંત્રીને મળેલ ઉપહારોની ઇ-હરાજી કરશે.
- ✓ વડાપ્રધાનને ભેટ મળેલ ઉપહારોની 17 સપ્ટેમ્બરથી 7 ઓક્ટોબર સુધી ઇ-હરાજી થશે.
- ✓ આ ઉપહારોમાં ઓલિમ્પિક વિજેતાઓના સાધનો, અયોધ્યા રામમંદિરની પ્રતિકૃતિ, ચારધામ, રૂદ્રાક્ષ કન્વેન્શન સેન્ટરની પ્રતિકૃતિ, શિલ્પો, પેઇન્ટિંગ, અંગવસ્ત્રોનો સમાવેશ થાય છે.
- ✓ વર્ષ 2019માં કરાયેલી આવી જ હરાજીમાં લાકડાની બાઇકને 3 લાખ રૂપિયા, અશોક સ્તંભની લાકડાની પ્રતિકૃતિ 13 લાખમાં (મૂળ કિંમત - 4000 રૂા.) હરાજી થઇ હતી.
- ✓ ઇ-હરાજીથી થનાર આવકને 'નનામિ ગંગે મિશન' માટે વાપરવામાં આવશે.

❖ માઇક્રોસોફ્ટ અને HONOR મોબાઇલ વચ્ચે ભાગીદારી
- ✓ માઇક્રોસોફ્ટ તથા ચીનની સ્માર્ટફોન નિર્માતા કંપની HONOR વપરાશકર્તા માટે વિશેષ નવીન તકનીકી લાવવા માટે ભાગીદારી કરી.
- ✓ આ ભાગીદારીના ભાગરૂપે HONOR માઇક્રોસોફ્ટની ક્લાઉડ કમ્પ્યુટિંગ અને A1 ટેકનોલોજીને YOYO સ્માર્ટ સહાયક, સહયોગ સાધનો, અનુવાદ સેવાઓ માટે કામ કરશે.
- ✓ HONOR કંપની 'મેજિકલબુક V14 લેપટોપ' આગામી 26 સપ્ટેમ્બરના રોજ લોન્ચ કરશે જેમાં વિન્ડોઝ 11 અગાઉથી જ ઇન્સ્ટોલ થયેલું હશે.
- ✓ HONOR Device Co.LTD ના CEO - જ્યોર્જ ઝા
- ✓ Microsoft ના ચેરમેન અને CEO - ડૉ. હો. યાંગ.

❖ જમ્મુ કાશ્મીરમાં યૂનાની મેડિકલ કોલેજ અને BUMS અભ્યાસ.
- ✓ જમ્મુ કશ્મીરના ગંદરબલ જિલ્લાના નવાબ બાગ ખાતે તેની પ્રથમ સરકારી યુનાની મેડિકલ કોલેજ અને હોસ્પિટલનું ઉદઘાટન કરાશે.
- ✓ કેન્દ્રીય આયુષ અને બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રીશ્રી સર્બાનંદ સોનોવાલ આ કોલેજમાં BUMS (બેચલર ઓફ યુનાની મેડિસીન એન્ડ સર્જરી) કોર્સનું પણ ઉદઘાટન કરશે.
- ✓ આયુષ મંત્રાલય રૂા.17 કરોડની નાણાકીય સહાયથી J &Kમાં યુનાની મેડિસિનની દવાઓની સ્વદેશી પધ્ધતિઓને પ્રોત્સાહન આપ્વા આ પગલું ભર્યું.
- ✓ J &Kના લે.ગવર્નર - શ્રી મનોજ સિંહા.

❖ મરઘાંના પીછાં અને ઉનના કચરાને પશુ આહારમાં તથા ખાતરમાં તબદીલ કરવાની પદ્ધતિ વિકસાવાઇ
- ✓ ભારતીય વૈજ્ઞાનિકોએ ઉન, પીછાં, માનવ વાળને ખાતર તથા પશુ આહારમાં રૂપાંતરિત કરી ટકાઉ અને સસ્તુ ઉત્પાદન આપતો વિચાર રજૂ કર્યો છે.
- ✓ હાલ ભારતમાં ઉત્પન્ન થતા પીછાં, ઉન, વાળના કચરા ને દાટવામાં કે બાળવામાં આવે છે જે પર્યાવરણીય પ્રદૂષણ માટેનો કારક બને છે. અને ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન કરે છે. આ કચરો એમિનો એસિડ અને પ્રોટિન ઉત્પન્ન કરે છે.

- ✓ એમિનો એસિડ અને પ્રોટિનનો ઉપયોગ ખાતર તથા પશુદાણમાં કરી શકાય છે.
- ✓ આ ટેકનીક ઇન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેકનોલોજી મૂળના પ્રધ્યાપક એ. બી. પંડિત અને તેમના વિધાર્થીઓએ મળીને વિકસાવી છે.

❖ 17 સપ્ટેમ્બર - વિશ્વ દર્દી સલામતી દિવસ

- ✓ મે. 2019 માં યોજાયેલી 72મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં દર વર્ષે આ દિવસ ઉજવવાની જાહેરાત કરાઇ હતી.
- ✓ આ દિવસની ઉજવણીનો ઉદ્દશ સમગ્ર વિશ્વમાં દર્દીઓની સુરક્ષા અંગે જાગૃતિ લાવવાનો છે.
- ✓ વર્ષ 2021 ની થીમ - Safe Material and newborn Care
- ✓ વર્ષ 2020ની થીમ - Safe Health Workers,  Safe Pitied
- ✓ વર્ષ 2019ની થીમ - Patient Safety :- A Global Health Priority.

❖ ઓટો મોબાઇલ અને ડ્રોન ઉધોગ માટે PLI ને મંજૂરી

- ✓ કેન્દ્રીય કેબિનેટે ઓટો, ઓટો પાર્ટસ અને ડ્રોન ઉધોગ માટે રૂ.26,058 કરોડ રૂપિયાની PLI (પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિ સ્કીમ)ને મંજૂરી આપી.
- ✓ PLI સ્કીમ 2021-22 ના બજેટમાં રજૂ કરવામાં આવી જે 13 વિભાગોને લાગુ પડે છે.
- ✓ PLIનો લાભ રેવન્યુ અને રોકાણની શરતોનું પાલન કરતી કંપનીઓને જ મળશે અને આ લાભ થકી ભારતમાં જેતે ક્ષેત્રમાં ઉત્પાદન ક્ષમતા વધારવામાં વધારવામાં આવશે.

❖ ટાઇમની 100 પ્રભાવશાળી વ્યક્તિઓની યાદી

- ✓ ટાઇમ મેગેઝીને 2021ના 100 પ્રભાવશાળી વ્યક્તિઓની આપેલી યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી મમતા બેનરજી, સિરમ ઇન્સ્ટિટ્યુટના અદાર પૂનાવાલાનો સમાવેશ થયો.
- ✓ આ યાદીમાં અન્ય વૈશ્વિક નેતાઓમાં અમેરિકાના પ્રમુખ જો બાઇડેન, ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ, ચીનના રાષ્ટ્પતિ શી જિનપિંગનો સમાવેશ કરાયો.
- ✓ આ યાદીમાં તાલિબાનના સહસ્થાપક મુલ્લા અબ્દુલ ગની બરાદરને પણ સામેલ કરાયા છે.

---------------- કરન્ટ ઇન શોર્ટ -----------------

- વિરાટ કોહલી આગામી T20 બાદ તમામ T20નું કેપ્ટન પદ છોડશે
- કોરિયન ટાપુ પર ઉત્તરકોરિયાના શાસક કિમ જોંગ ઉને મિસાઇલ પરિક્ષણ કર્યા બાદ દક્ષિણ કોરિયાએ પણ કિલર સબમરિનથી બેલેસ્ટિક હુમલો કરતાં બંને દેશ વચ્ચે તણાવો વધ્યા.
- ભારતના પૂર્વ ફૂટબોલર ભબાની રોયનું નિધન થયું તેમણે વર્ષ 1968 માં આંતરરાષ્ટ્રીય ડેબ્યુ કર્યું હતું
- મહેસાણાની દૂધસાગર ડેરીએ દૂધની હોમ ડિલિવરી માટે ડેરી બોય નામના એપ્લિકેશન શરૂ કરી આ પ્રકારની એપ બનાવનાર તે રાજ્યની પ્રથમ ડેરી બનશે. તાજેતરમાં દૂધસાગરનો DURDA (Dudhsagar Research and Development Association) દ્વારા SAGAR X સિમેન (વીર્ય) બનાવ્યુ હતું જે માત્ર

માદા એટલે કે પાડી કે વાછરડીને જ જન્મ આપે છે. દૂધસાગરના સ્થાપકઃ- માનસિંહભાઇ પટેલ, હાલના ચેરમેન - અશોકભાઇ ચૌધરી.

**18 સપ્ટેમ્બર**

- વાણિજ્ય મંત્રી પીયુષ્ ગોયલની G-20 બેઠકમાં હાજરી
  - ✓ G-20 શેરપાની 15 અને 16મી સપ્ટેમ્બરે યોજાનાર ડિજિટલ બેઠકમાં પીયૂષ ગોયેલે હાજરી આપી.
  - ✓ આ બેઠકની અધ્યક્ષતા ઇટાલીના રાજદૂત લુઇગી મેટિઓલેએ કરી હતી.
  - ✓ બેઠકનો મુખ્ય એજન્ડા ડ્રાફ્ટ રોમ ઘોષણા પરની ચર્ચા હતો. જે હેઠળ Covid-19, ટકાઉ વિકાસ, પર્યાવરણ, આબોહવા, ઉર્જા, લિંગ સમાનતા, શિક્ષણ, શ્રમ, રોજગાર, ડિજિટલ અર્થતંત્ર પર ચર્ચાઓ થઇ.
- બેઇજિંગે 2022 વિન્ટર ગેમ માટેનો મોટો (સૂત્ર) જાહેર કર્યું.
  - ✓ 2022માં બેઇજિંગ ખાતે ઓલિમ્પિક અને પેરાલિમ્પિકનું આયોજન થશે.
  - ✓ આ પ્રોગ્રામનું સૂત્ર 'Together for Shared Future' આપવામાં આવ્યું.
  - ✓ આ સૂત્ર માનવજાતના સહિયારા ભવિષ્ય સાથે સમુદાય તરીકે વૈશ્વિક પડકારોને દૂર કરવાની રમતોની શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે.
  - ✓ આ શબ્દો મુખ્યત્વે Covid-19ના કારણે આવેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને વધુ સારી આવતી કાલ વિશ્વને પ્રદાન કરવા સાથે મળીને કામ કરવાની જરૂરિયાત દર્શાવે છે.
- વિશ્વ બેંક દ્વારા ડૂઇંગ બિઝનેસ રિપોર્ટ બંધ કરવામાં આવશે.
  - ✓ વર્ષ 2017માં ચીનની રેકિંગને વધારો આપવા માટે અમુક બેંકોએ દબાણ કર્યા બાદ ડેટાની થયેલી અનિયમિતતાને કારણે વર્લ્ડ બેંકે આ નિર્ણય લીધો.
  - ✓ ભૂતકાળની સમીક્ષાઓ, ઓડિટ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી બેંક દ્વારા બહાર પાડવામાં આવ તો આ રિપોર્ટ બંધ કર્યા બાદ પણ વિશ્વ બેંક ખાનગી ક્ષેત્રોને આગળ વધવા ટેકો આપવા કટિબદ્ધતા દર્શાવી છે.
  - ✓ ડુઇંગ બિઝનેસ - 2020ના રિપોર્ટ મુજબ ઇઝઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગમાં ભારતે 14 સ્થાન આગળ આવી 63મો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.
- મહુઆ ન્યુટ્રાને પ્રોત્સાહન આપવા TRIPED, FITT JRTFED બેવરેજ વચ્ચે કરારો થયા.
  - ✓ FITT = Foundation ફોર ઇનોવેશન એન્ડ ટેકનોલોજી ટ્રાન્સફર.
  - ✓ ઝારખંડ રાજ્યમાં થતા મહુઆ નામના ફૂલોમાંથી બનતું મહુઆ ન્યુટ્રા એક પ્રકારનું પીણું છે હવેથી આ પીણાને તેના સુધારેલા સ્વરૂપમાં દાડમના ફળના રસ સાથે મિશ્ર કરવામાં આવશે.
  - ✓ TRIFED સંસ્થા ઝારખંડના આદિવાસી સમુદાયોના વિકાસ કાર્યો માટે કામ કરતી સંસ્થા છે.
  - ✓ TRIFEDના MD - અનીલવાલી
  - ✓ Rusicaa બેવરેનના MD - સીમન ટુડુ
- જમ્મુ - કશ્મીર ઉપરાજ્ય મનોજ સિન્હાએ 'એન્ડરલાઇન-14571' હેલ્પલાઇન શરૂ કરી.
  - ✓ એન્ડર 14571 વરિષ્ઠ નાગરિકોન માટે જાહેર કરાયેલ રાષ્ટ્રીય હેલ્પલાઇન છે.

✓ આ હેલ્પલાઇન ભાવનાત્મક સારસંભાળ, આરોગ્ય જેવી બાબતોમાં વ્યપિત વૃદ્ધોને મદદ કરવાનું કામ કરશે.

❖ વારણસીની 'સ્પિન યોજના'

✓ KVIC (ખાદી ગ્રામોધોગ આયોગ) દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે 'સેવા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે કુંભાર સમુદાય માટે સ્પિન યોજના જાહેર કરી.

✓ SPIN - સ્ટ્રેન્થેનિંગ ટી પોટેન્શિયલ ઓફ ઇન્ડિયા.

✓ વારાણસીમાં સરકાર દ્વારા 1100 થી વધુ કુંભાર સમુદાયને સશક્ત બનાવવા SFURTI (સ્કીમ ઓફ ફન્ડ ફોર રિજનરેશન ઓફ ટ્રેડિશનલ ઇન્ડસ્ટ્રીઝ સ્કીમ) હેઠળ કુંભારોનું સંગઠન પણ બનાવ્યું છે.

✓ સ્પિન યોજના હેઠળ રજિસ્ટર્ડ કુંભારોને પ્રધાનમંત્રી શિશુ મુદ્રા યોજના હેઠળ બેંક પાસેથી લોન પ્રાપ્ત થશે. તથા સરકાર કારીગરોને તાલીમબદ્ધ કરવા માટેના પ્રયત્નો પણ કરશે.

❖ HPCLની EV ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કરવાની યોજના.

✓ HPCL (હિંદુસ્તાન પેટ્રોલિયમ કોર્પ લિમિટેડ) આવનારા 3 વર્ષમાં 5000 જેટલા EV (Electric Vehicle) ચાર્જીંગ સ્ટેશનની સ્થાપના કરશે.

✓ હાલ HPCL પાસે 85 જેટલાં EV ચાર્જિંગ સ્ટેશનો છે જે પેટ્રોલપંપ સાથે જોડવામાં આવેલાં છે.

✓ હાલ HPCL ના સમગ્ર દેશમાં 19,000 જેટલા ફ્યુલ રિટેલ આઉટલેટ છે.

❖ સંરક્ષણ મંત્રાલયના બે નવા સંકુલનું ઉદ્ઘાટન કરાયું.

✓ વડાપ્રધાન મોદીએ દિલ્હી ખાતે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટના ભાગરૂપે કિસ્તૂરબા ગાંધીમાર્ગ અને આફ્રિકા એવન્યુમાં સંરક્ષણ મંત્રાયલનો સંકુલનું ઉદ્ઘાટન કર્યું.

✓ આ પ્રસંગે વડાપ્રધાને સેન્ટ્રલ વિસ્ટાની નવી વેબસાઇટ પણ લોન્ચ કરી.

✓ આ નવા સંકુલમાં 7000થી વધુ સંરક્ષણ અધિકારીઓ કામ કરી શકે તેવી તથા 1500 કાર સમાય તેવડા પાર્કીંગની સુવિધા ઉપલબ્ધ છે.

❖ 18 સપ્ટેમ્બરઃ- વિશ્વ વાંસ દિવસ

✓ સૌથી ઝડપી વિકાસ પામતું ઘાસ - વાંસ વિશે લોકજાગૃતિ લાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.

✓ 2009 માં બેંકોકમાં આયોજિત 8મી વિશ્વવાંસ કોંગ્રેસમાં WBO (World Bamboo OrganiZation - વિશ્વ વાંસ સંગઠન) દ્વારા અ દિવસની સ્થાપના કરાઇ.

✓ વાંસ એ પોએસી ઘાસનો એક પ્રકાર છે જે બારેમાસ ફુલોથી ભરેલો રહેતો એક વિશિષ્ટ સમુહ છે.

--------- કરન્ટ ઇન શોર્ટ ------

- 18 સપ્ટેમ્બરઃ- આંતરરાષ્ટ્રીય લાલપાંડા દિવસ. આ દિવસ દર વર્ષે સપટેમ્બન ત્રીજા શનિવારે મનાવાય છે. જેની શરૂઆત જેની શરૂઆત 2010 માં રેડ પાંડા નેટવર્ક દ્વારા કરાઇ હતી.

- 18 સપ્ટેમ્બરઃ- આતંરરાષ્ટ્રીય તટવર્તી સફાઇ દિવસ. થીમ 2021 :- કચરો ડબ્બામાં રાખો સમુદ્રમાં નહી. આ દિવસની ઉજવણી ઓશન કન્ઝર્વેન્સી નામક સંસ્થા દ્વારા કરવામાં આવે છે.
- ભારતના વયોવૃદ્ધ ખેલ પ્રશાસક રણધીરસિંહ એશિયા ઓલિમ્પિક પરિષદના કાર્યકારી અધ્યક્ષ બન્યા તેઓ શેખ અહમદ અલ-ફહદ અલ-સબાનું સ્થાન લેશે.
- ઝિમ્બાબ્વેના પૂર્વ કેપ્ટન તથા વિકેટકિપર બ્રેડન ટેલરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ જાહેર કરી.
- પેપ્સિકો કંપની ઉત્તર પ્રદેશના મથૂરામાં તેનું ગ્રીનફીલ્ડ ફૂડ પ્લાન્ટ સ્થાપિત કર્યું. અહીં લેઝની બટેટા વેફર બનાવવામાં આવશે.
- ભારત સરકાર હિંદુસ્તાન કોપર લિમિટેડમાંથી પોતાની 10% ભાગીદારી વેચશે જે 1100 કરોડ રૂપિયાની સાથેનું વેચાણ હશે. કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીના કહેવા મુજબ નવી હોર્ન પેટર્ન મુજબ વાહનમાં તબલા, શંખ, હાર્મોનિયમના અવાજો વાળા હોર્ન લગાવાશે.
- સંરક્ષણ મંત્રાલયે NCC (નેશનલ કેડેટ કોર) ની ઉચ્ચ સ્તરીય વિશેષજ્ઞ સમિતિમાં મહેન્દ્રસિંહ ધોની અને આનંદ મહિન્દ્રાને સામેલ કર્યા.
- આંધ્રપ્રદેશના પ્રકાશમ જિલ્લાના મોતપલ્લી ગામમાંથી 12મી સદીની 3.6 ફૂટ લાંબી, 2.6 ફૂટ પહોળી, 1.6 ઇંચ ઉંચી ગણપતિની પ્રતિમા મળી.
- ઓલ ઇન્ડિયા મહિલા કોંગ્રેસના સ્થાપના દિને રાહુલ ગાંધીએ મહિલા કોંગ્રેસનો નવો લોગો અને ઝંડાનું અનાવરણ કર્યું.
- ગુજરાત હાઇકોર્ટના જસ્ટિસ પરેશ ઉપાધ્યાયની સુપ્રીમ કોર્ટની કોલેજીયમ ભલામણ દ્વારા મદ્રાસ હાઇકોર્ટમાં બદલી.
- GST કાઉન્સિલની ઇન પર્સન બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ ઝોમેટો અને સ્વિગીના ફૂડ પીડઅપમાં 5% GST લાગુ.
- રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો (NCRB)ના રિપોર્ટ મુજબ 2020માં ભારતીય મહિલાઓ વિરૂદ્ધના અપરાધમાં 21% નો ઘટાડો.

## 19 સપ્ટેમ્બર

❖ વર્ષ 2050 સુધીમાં ભારત ત્રીજા નંબરનો મોટો આયાતકાર દેશ બનશે

- ✓ નવીનતમ ગ્લોબલ ટ્રેડ આઉટલુક રિપોર્ટ અનુસાર ભારત 2050 સુધીમાં 5.9% ની ભાગીદારી સાથે ચીન અને અમેરિકા બાદ ત્રીજા નંબરનો આયાત કરનાર દેશ બનશે.
- ✓ આ રિપોર્ટ U.K ના આંતરાષ્ટ્રીય વેપાર વિભાગે બહાર પાડયો છે.
- ✓ હાલમાં ભારત 2.8 % ની સાથે વિશ્વના દેશોમાં 8મા સ્થાને આયાત કરતો દેશ છે.
- ✓ એશિયાના મધ્યમ વર્ગની વધતી જતી ખરીદ શક્તિ વૈશ્વિક આયાતાને વધારશે જેનાથી US અને EU (યુરોપીયન યુનિયન) નો મોટાભાગનો આયાતી ઘટાડો મુખ્યત્વે ફંડ ટ્રાવેલ અને ડિજિટલ સર્વિસ ક્ષેત્રમાં જોવા મળે છે.

❖ હિમાચલની હેન્ડલૂમ ઇ-કોમર્સ દ્વારા વેચાણ થશે.

- ✓ હિમાચલ પ્રદેશની પ્રસિદ્ધ હાથવણાટની સાલ, સ્વેટર,મધ જેવી વસ્તુઓ ઈ-કોમર્સ પ્લેટફોર્મ એમેઝોન,ફ્લિપકાર્ટ તથા સરકારી ઈ-માર્કેટલેસ (Gem) પર ઉપલબ્ધ થશે.
- ✓ રાજ્ય સરકાર 27000 જેટલા સ્વ સહાય સંગઠનો (SHG-self help Group) સંબધતિ 2.80 લાખ મહિલાઓ ને હેન્ડલૂમ ઉધોગ સાથે જોડીને રોજગારીનું સર્જન કરશે. કોમર્સ પ્લેટફોર્મ પર SHG પ્રોડકટસ 'હિમ ઇરા' (Him Ira) બ્રાન્ડના નામે ઉપલબ્ધ થશે.
- ✓ હિમાલય પ્રદેશના ગ્રામીણ વિકાસ મંત્રી - વીરેન્દ્ર કંવર
- ✓ હિમાચલ પ્રદેશની રાજધાની - સિમાલા(ઉનાળામાં),ધર્મશાલા(શિયાળામાં)
- ✓ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી - જયરામ ઠાકુર(BJP)
- ✓ હિમાચલ પ્રદેશના ગવર્નર - રાજેન્દ્ર આર્લેકર

❖ દિલ્હીમાં 'મ્યુજિક બસ'ની શરૂઆત

- ✓ દિલ્હી સરકારે વિધાર્થીઓમાં ઓડિયો પ્રોડકશન, ફિલ્મ નિર્માણ અને ગ્રાફિક્સ ડિઝાઈનિંગમાં શિક્ષણમાં મદદરૂપ થાય તે માટે 'મ્યુજિક બસ'ની શરૂઆત કરી
- ✓ આ ભારતનો પ્રથમ 'મોબાઈલ મ્યુજિક કલાસરૂમ અને રેકોર્ડિંગ સ્ટુડિઓ છે.
- ✓ સમગ્ર પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશય દિલ્હીની સરકારી શાળાના વિધાર્થીઓમાં સંગીત પ્રત્યે લગાવ વધારવાનો છે.
- ✓ મોબાઈલ મ્યુજિક કલાસરૂમ દિલ્હી સરકારની 'સ્કુલ ઓફ સ્પેશ્યાલાઈઝડ એક્સેલન્સ ઇન પર્ફોર્મિંગ એન્ડ વિઝ્યુઅલ આર્ટસમાં' શરૂ કરવામાં આવ્યુ છે.
- ✓ દિલ્હીના મુખ્યમંત્રી= અરવિંદ કેજરીવાલ
- ✓ દિલ્હીના નાયબ મુખ્યમંત્રી= મનીષ સિસોદિયા

❖ આગ્રા-કાનપુરમાં મેટ્રો ટ્રેનની શરૂઆત

- ✓ ઉત્તર પ્રદેશના બે શહેરો આગ્રા અને કાનપુરમાં નવેમ્બર 2021 સુધીમાં મેટ્રો ટ્રેન શરૂ થશે.
- ✓ મુ.મંત્રી યોગી આદિત્યનાથે ગોરખપુરમાં પ્રોટોટાઈપ ટ્રેનના પરીક્ષણ દરમિયાન આ માહિતી આપી. આ પ્રોટોટાઈપ મેટ્રો ટ્રેન(પ્રતિકૃતિ) ગુજરાતના વડોદરામાંથી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.
- ✓ આગ્રામા શરૂ થનાર મેટ્રો રેલ 6 Km ના અંતરમાં હશે.

❖ ભારત-અલસાલ્વાડોર વચ્ચે ત્રીજી વિદેશ કાર્યાલય પરામર્શ યોજાઈ

- ✓ આ પરામર્શમાં ભારતનું નેતૃત્વ પુર્વ સચિવ રિવા ગાંગુલી દાસ અને અલસાલ્વાડોર તરફથી રાજદૂત એડ્રિયાના મારિયા ઈરા દ્વારા કરાંયુ હતું
- ✓ આ બેઠકમાં બંને દેશો વચ્ચે ઉષ્માભર્યા અને મૈત્રીપુર્ણ સંબંધો સાથે આરોગ્ય, વેપાર, પર્યટન, જળચર ઉછેર, ઉર્જા, પરિવહન, ઉડ્ડયન અને માળખાકીય સુવિધા,સંસ્કૃતિ જેવી બાબતોમાં ભાગીદારી વિશે ચર્ચા કરવામાં આવી.

❖ તાલિબાને મહિલા સંબંધિત મંત્રાલયમાં મહિલાઓ માટે પ્રતિબંધ મૂક્યો.

- ✓ અફઘાનિસ્તાનના નવા તાલિબાન શાસકોએ એક સમયે મહિલા બાબતોના મંત્રાલયમાં મહિલાઓ પ્રત્યેના સદગુણોના પ્રચાર અને દુર્ગુણોના નિવારણ માટે મહિલા મંત્રાલયની સ્થાપના કરી હતી.

- ✓ તાજેતરમાં તાલિબાન શાસને સરકારમાં સ્થાયી થતાં જ મહિલાઓના અધિકારોને પ્રતિબંધિત કર્યા. અગાઉ 1990ના દાયકામાં તેમના શાસનના સમયગાળામાં તાલિબાનોએ છોકરીઓ અને મહિલાઓનો શિક્ષણનો અધિકાર નકાર્યો હતો અને તેમને જાહેર જીવનમાંથી પ્રતિબંધ કર્યા હતા.
- ✓ તાલિબાને વર્લ્ડ બેંકના 100 મિલિયન US ડોલરનો સહાયથી ચાલતા મહિલા આર્થિક સશક્તિકરણ અને ગ્રામિણ વિકાસ કાર્યક્રમના તમામ મહિલા કર્મચારીઓને હટાવ્યા હતા.
- ✓ ઉપરાંત તાલિબાને ધો. 7 થી 12 ના વિદ્યાર્થીઓને શાળામાં આવવા આદેશો આપ્યા પરંતુ તેમા મહિલા વિદ્યાર્થીઓનો ઉલ્લેખ કરાયો નથી જે સ્ત્રીઓ પ્રત્યેનો પ્રતિબંધ દર્શાવે છે.

❖ ફ્લિપકાર્ટે ડેવિંટા સાથે પાર્ટનરશિપ કરી

- ✓ ફ્લિપકાર્ટે ગ્રુપના ડિજિટલ B2B માર્કેટલેસ ફ્લિપકાર્ટે હોલસેલે રિટેલર્સને ક્રેડિટ સુવિધા આપવા માટે MSME  પ્લેટફોર્મ ડેવિંટા સાથે જોડાણ કર્યું
- ✓ બંને સાથે મળી MSME તથા કરિયાણા જેવી વસ્તુઓ માટે 'BNPL-બાય નાવ પે લેટર' ક્રેડિટ સુવિધા શરૂ કરશે.
- ✓ ડેવિંટાની સ્થાપના બેંગલુરુમાં ફ્લિપકાર્ટેના પૂર્વ CEO રવિ ગરિકીપતિ તથા US ના રાજ વટ્ટીકુટ્ટીએ કરી હતી
- ✓ ભારતમાં નાના ઉધોગો માટે ધિરાણ મેળવવમાં પડતી મુશ્કેલીને પહોંચી વળવા BPNL નાના વ્યવસાય માલિકોને નાણાકીય સહાયમાં પહોંચી વળવા સરળતાથી ધિરાણ આપે છે.

❖ કોસ્મિક કોંક્રિટ (cosmic concrete)

- ✓ હાલ મંગળ પર ચાલી રહેલ માર્ટિયન કોલોનીના બાંધકામ રિસર્ચ અનુસાર એક ઇંટને મંગળ પર લઈ જવા માટે એક મિલિયન બ્રિટીશ પાઉન્ડનો ખર્ચ થશે.
- ✓ માન્ચેસ્ટર યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ અવકાશયાત્રીનું લોહી, પરસેવો, આંસુ અને બાહ્ય અવકાશની ધૂળનો ઉપયોગ કરી કોંક્રિટ જેવી વસ્તુ બનાવી જે બાહ્ય અવકાશમાં સસ્તા આવાસ બનાવવામાં ઉપયોગી થઇ શકશે.
- ✓ માનવ લોહીમાંથી પ્રોટીન, પેશાબ, પરસેવો અને આંસુના સંયોજનમાં ચંદ્ર અથવા મંગળની જમીનની ધૂળ ભેળવી કોંક્રિટ બનાવાશે.
- ✓ વૈજ્ઞાનિકોના મતે લોહીના પ્લાઝમામાંથી મળતું પ્રોટીન, માનવ સીરમમાંથી આલ્બ્યુમીન, સિમ્યુલેટેડ, ચંદ્ર અથવા મંગળની ધૂળ સાથે ભળી લાઈન્ડર બનાવે છે.

--------- કરન્ટ સંક્ષિપ્તમાં ------

- CBSEC (સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન)એ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વચ્ચે વાંચન સાક્ષરતાને પ્રોત્સાહન આપવા 'પ્રથમ બુક્સ' અને 'સેન્ટ્રલ સ્કેવેર ફાઉન્ડેશન' CCSF સાથે ભાગીદારી માં 'વાંચન મિશન' શરૂ કર્યું.

- પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે રાજ્યપાલ બી. એલ. પુરોહિતને મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું કેપ્ટન કોંગ્રેસ પક્ષના મુખ્યમંત્રી હતા.
- WEF (World Fconomic Forum - વિશ્વ આર્થિક મંચ)ની જાન્યુઆરી 2022 ની બેઠક સ્વિસના રિસોર્ટ શહર દાવોસમાં આયોજિત થશે. જેની થીમ:- વર્કિંગ ટેગેધર રિસ્ટોરિંગ ટ્રસ્ટ'
- જીવ મિલ્ખાસિંહ દુબઇની ગોલ્ડન વિઝા મેળવનાર પ્રથમ ગોલ્ફર બન્યા.
- ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે VSSY (વિશ્વકર્મા શ્રમ સમ્માન યોજના) હેઠળ સિવણ, લુહાર, સોની, કુંભાર જેવા ક્ષેત્રના કામદારોને પ્રશિક્ષણના હેતુથી ટૂલકિટ વિતરણ કરી.
- શેફાલી જૂનેના આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનનાં પ્રથમ મહિલા અધ્યક્ષ (ઉડ્ડયન સમિતિ) બન્યાં.
- ફેસબુક 'નોવી' નામનું વોલેટ લાવશે જેમાં ક્રિપ્ટોકરન્સી સ્ટોર કરી શકાશે.
- અસમના રાજ્યપાલ પો.જગદીશ મુખીને નાગાલેન્ડના રાજ્યપાલ તરીકેનો વધારાનો ચાર્જ સોંપાયો નાગાલેન્ડમાં તેમને ગુવાહાટી હાઇકોર્ટના ન્યાયાધિશ સોંગખુપચૂંગ એ શપથ લેવડાવ્યા.
- પ્લેયર્સની સુરક્ષાને પ્રાધાન્ય આપીને ન્યૂઝિલેન્ડ ક્રિકેટ બોર્ડ પાકિસ્તાન સામે રમાનાર શ્રેણીને શરૂઆત પહેલાં જ રદ કરી.
- ઓડીશાની સૌથી મોટી દૈનિક ' સમાજ ' ના પુર્વ સંપાદક પ્રખ્યાત સાહિત્યકાર અને પત્રકાર મનોરમા મહાપાત્રાનું નિધન. તેમને 1984 સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો.
- ઇકોનોમિક્સ ટાઇમ્સ, ધ હિંન્દુ, UNI ન્યુઝ એજન્સી સાથે કામ કરી ચૂકેલા પ્રખ્યાત પત્રકાર કે. એમ. રોયનું નિધન. સરકાર દ્વારા અપાતો સ્વદેશાભિમાની કેસરી પુરસ્કાર તેમને મળેલો છે.

**20 સપ્ટેમ્બર**

❖ Satoshi Nakamoto ની પ્રતિમાનું અનાવરણ
  - ✓ હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં બિટકોઇનના સ્થાપક Satoshi Nakamotoની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કરાયું
  - ✓ આ પ્રતિમા બુડાપેસ્ટમાં ડેન્યુબ નદી પાસે આવેલા બિઝનેસ પાર્કમાં સ્થાપિત કરાઇ છે.
  - ✓ આ પ્રતિમાની ખાસિયત છે કે તે અરિસાની જેમ પ્રતિબિંબ આપી શકે છે અર્થાત જોનાર વ્યક્તિ પ્રતિમામાં પોતાને જોઇ શકે છે.
  - ✓ હંગેરીના શિલ્પકારો રેખા ગેર્ગેલી અને તમસ મિલીએ આ પ્રતિમા બનાવી છે.
  - ✓ વિશ્વનો પ્રથમ દેશ અલસાલ્વાડોર કે જેણે બિટકોઇનને માન્યતા પ્રાપ્ત ચલણ (બિટકોઇનની શરૂઆત 2008માં) જાહેર કર્યું છે.

❖ CoviShipld ટેક્નોલોજીનો Bicon Biologicsમાં વિલય
  - ✓ રૂ. 5145 કરોડમાં થયેલા આ જોડાણ બાદ બંને કંપનીઓ સાથે મળી નવી રસીઓનું સંશોધન કરશે.
  - ✓ આ વિલિનીકરણથી ભારત બાયોટેક લિ.ને આગામી 15 વર્ષ સુધી દર વર્ષે 10 કરોડ વેક્સિન ડોઝ મળશે.
  - ✓ સિરમ ઇન્સ્ટિટ્યુટ ઓફ લાઇફ સાયન્સને બાયોકોન બાયોલોજિક્સમાં 15% ભાગીદારી મળશે.
  - ✓ બંને કંપની આવનારા સમયમાં HIV, ડેન્ગ્યુની દવાઓ પર કાર્ય કરશે.

❖ અંતરિક્ષમાં ત્રણ ચીની અંતરિક્ષ યાત્રીના 90 દિવસ
  - ✓ ત્રણેય યાત્રીઓએ યાત્રા દરમિયાન બે વાર સ્પેસવોક કરી રેકોર્ડ બનાવ્યો અને હાલ તેઓ પૃથ્વી પર પરત ફર્યા છે.

- ✓ ત્રણેય યાત્રી હેશેંગ, લિયુ બોમિંગ અને તાંગ હોંગબાન CMSA - ચીન મેન્ડ સ્પેસ એજેન્સી - શેનઝોઉ-12 માનવ યુક્ત અંતરિક્ષ યાનમાં સફર ખેડી હતી.
- ✓ ચીને શેનઝોઉ-12 મિશન હેઠળ આ યાત્રા ગોઠવી હતી.

❖ UN મહાસચિવે કૈલાસ સત્યાર્થીને SDG એડવોકેટ નિયુક્ત કર્યા

- ✓ UN મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે નોવોલ શાંતિ પુરસ્કાર વિજેતા કૈલાસ અત્યાર્થીને SOG - સતત વિકાસ લક્ષ્યના એડવોકેટ નિયુક્ત કર્યા.
- ✓ નવા એડવોકેટ ક્વાઇકેટ એક્શન, ડિજિટલ વિભાજન, લૈંગિક સમાનતા, બાળકોના અધિકારો માટે કામ કરશે.
- ✓ હાલ UN જનરલ એસેમ્બલીની 76મી બેઠક ચાલી રહી છે.
- ✓ હાલ UN 17 SDG (Sustaioble Development Gods) પર 2030માં સફળતા મેળવવા કાર્ય કરી રહ્યું છે.
- ✓ શ્રી કૈલાસને 2014માં શાંતિ નોબેલ મળ્યો હતો તથા વર્ષ 1980 થી Bachpan Bachao Andolan તેઓ ચલાવી રહ્યા છે.

❖ એમી એવોર્ડ્સ 2021

- ✓ 19 સપ્ટેમ્બર, 2021 ના રોજ એમી એવોર્ડ્સ 2021ની બેસ્ટ મોકેડી સીરીઝનો પુરસ્કાર અપયો.
- ✓ જેસન સુદેકિસને ટેડ લાસો માટે સર્વશ્રેષ્ઠ હાસ્ય અભિનેતા, જીન સ્માર્ટને હેક્સ માટે શ્રેષ્ઠ હાસ્ય અભિનેત્રીનો પુરસ્કાર અપાયો.
- ✓ ધ ક્રાઉન માટે ઓલિવિયા કોલમનને સર્વશ્રેષ્ઠ નાટક અને જોશ ઓ'કોર્નરને શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર.

❖ IRCTC ની દેશની પ્રથમ સ્વદેશી લગ્ઝરી ક્રુઝ લાઇનર લોન્ચ થઇ.

- ✓ IRCTC - ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝ્મ કોર્પોરેશન.
- ✓ આ ક્રુઝનો ઉપયોગ ગોવા, લક્ષદ્વીપ, શ્રીલંકા જેવા સ્થળની મુસાફરી અર્થે ભારતીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કરાશે.
- ✓ IRCTCએ ભારતની પ્રથમ સ્વદેશી ક્રૂઝના પ્રચાર અને માર્કેટિંગ માટે વોટરવેઝ લેઝર ટુરિઝ્મ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા સંચાલિત Cordelia Cruises સાથે કરારો કર્યા.
- ✓ પ્રથમ તબક્કે ક્રુઝ મુંબઇથી રવાના થશે બાદમાં 2022થી ક્રુઝનું બેઝ સ્ટેશન ચેન્નઇ કરવામાં આવશે.

❖ ગુપ્ત યુગના મંદિરના અવશેષોની પ્રાપ્તિ.

- ✓ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગે ઉત્તર પ્રદેશના એટા જિલ્લાના બિલસર ગામથી 5મી સદીના ગુપ્તકાલીન પ્રાચીન મંદિરના અવશેષો પ્રાપ્ત કર્યા.
- ✓ વર્ષ 1928માં ASI (આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા) એ બિલસરને 'સંરક્ષિત સ્થળ' ઘોષિત કર્યું છે.
- ✓ ખોદકામ દરમિયાન મળેલ બે સ્તંભો પર ગુપ્તયુગના શાસક કુમારગુપ્ત વિશેની લખેલી શંખ લિપિમાં બાબતો મળી આવી.
- ✓ અત્યાર સુધીમાં ગુપ્તકાલીન રચનાનાં માત્ર બે જ મંદિરો દશાવતાર મંદિર (દેવગઢ) અને ભિતરગાંવ મંદીર (કાનપુર) મળ્યા હોવાથી આ નવા મળેલા મંદિરનું મહત્વ વિશેષ પ્રયોજાય છે.
- ✓ શંખલિપિ એબ્રાહિમ લિપિ જેવી લિપિ છે. જેનો ઉત્તર - મધ્ય ભારતમાં 4થી અને 8મી સદી વચ્ચે શિલાલેખોમાં મુખ્યત્વે સહી (હસ્તાક્ષર) કરવા માટે ઉપયોગ થતો.
- ✓ શંખલિપિની પ્રથમ વખત શોધ 1836માં જેમસપ્રિંસેપે ઉત્તરાખંડના બારાહટમાંથી મળેલા ત્રિશૂળ પરથી કરી હતી.

- ✓ કુમારગુપ્તનું ઉપનામ મહેન્દ્રાદિત્ય હતું અને તેણે પોતાના શાસન દરમિયાન અશ્વમેધ યજ્ઞ પણ કર્યો હતો.

❖ Global Methane Pledge - ગ્લોબલ મિથેન પ્લેઝ.

- ✓ અમેરિકી રાષ્ટ્રપતિએ Global Methane Pledgeની જાહેરાત કરી જે આ દાયકાના અંત સુધીમાં મિથેન ઉત્સર્જનમાં ત્રીજા ભાગ સુધી ઘટાડો કરવાનો યુનાઇટેડ સ્ટેટ્સ - યુરોપિયન યુનિયનનો સંયુક્ત પ્રયાસ છે.
- ✓ મિથેન એ હાઇડ્રોકાર્બનનું સ્વરૂપ છે જેમાં એક કાર્બન અણુ અને ચાર હાઇડ્રોજન અણુઓ જોડાયેલા હોય છે. મિથેન - DH4 - મિથેન જ્વલનશીલ (સળગી શકે તેવું) હોવાથી તેનો ઉપયોગ બળતણ તરીકે કરવામાં આવે છે.
- ✓ પશૂધન, ચોખાની ખેતી તથા માનવ પ્રવૃતિઅલથી થતું મિથેન વાયુનું ઉત્સર્જન ગ્રીન હાઉસ વાયુ ઉત્પન્ન કરે છે જે હાનિકારક છે.
- ✓ ભારતે મિથેનના ઉત્સર્જન ક્ષેત્રે 'હરિતધારા' નામનું એન્ટિ - મિથોનોઝેનિક ફીડ સપ્લિમેન્ટ વિકસાવ્યુ છે જે પશુઓ દ્વારા ઉપલેગમાં લેવામાં આવે છે. આ પદ્ધતિ મિથેનનું ઉત્સર્જન 17 થી 20% સુધી ઘટાડે છે તથા દૂધાળા પશુઓમાં દૂધ ઉત્પાદન ક્ષમતા વધારે છે.

------------- કરન્ટ ઇન શોર્ટ ---------

- ઇફ્કો દ્વારા વિશ્વની પ્રથમ શોધ નેનો ખાતરનું અમરેલીમાં પ્રેઝન્ટેશન કરાયું. જેના માટે ઇતિહાસમાં પ્રથમ વખત ખાતર છંટકાવ માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો.
- ગુજરાત હાઈકોર્ટ સ્થાપનાની ડાયમંડ જ્યુબિલી (હિરક જયંતી) ની ઉજવણી કરી.
- પોરબંદરના વિનીશા રૂપારેલને 89 જેટલાં નાના પથ્થરો પર પીંછીઓ વડે પ્રાણી પક્ષીના ચિત્રો દોરવા બદલ એશિયા બૂક ઓફ રેકોર્ડમાં 'ગ્રાન્ડ માસ્ટર' તરીકે સ્થાન મળ્યું
- અદાણી એન્ટરપરાઈઝે પત્રકાર સંજય પુગલિયાનએ તેમના મીડીયા વિભાગના નેતૃત્વ માટે CEO નિયુક્ત કર્યા.
- બ્રિટને વિશ્વનું સૌથી મોટું લોહી પરીક્ષણ કેન્દ્ર શરૂ કર્યું. જ્યાં 50થી વધુ પ્રકારના કેન્સરનું પરીક્ષણ થઇ શકશે.
- દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વેની કામગીરીના ભાગ રૂપે રતલામમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ 160 km ની ઝડપે કારમાં રસ્તાનું પરીક્ષણ કર્યું અને 120 km સુધી મહત્તમ વાહન ઝડપી રાખી શકવાની બાંહેધરી આપી.
- યુરોપિયન સંઘના કોપરનિક્સ એટમોસ્ફિયર મોનિટરિંગ સર્વિસના વિજ્ઞાનીઓએ આપેલા અહેવાલ મુજબ ઓઝોન લેયરમાં દર વર્ષે દક્ષિણ ધ્રુવમાં પડતું છિદ્ર હવે એન્ટાર્કટિકામાં પણ જોવા મળ્યું.
- કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જોલ્ગંગેલ્સ્મા અને વિલ્ટેપ્સ નામક વિશ્વની સૌથી મોંઘી દવા (16 કરોડ રૂા.ને GST માંથી મુક્તિ આપી Viltepso અને Zolgensmq જેવી દવાઓ SMA (Spinal Muscular Atorophy) નામક રોગમાં ઉપયોગમાં લેવામાં આવે છે.
- ભારતીય સમાચાર પોર્ટલ 'ધ વાયર'ને વિયેના સ્થિત ઇન્ટરનેશનલ પ્રેસ ઇન્સ્ટિટ્યુટ દ્વારા સ્થાપિત 2021 ફ્રી, મીડિયા પાયોનિયર એવોર્ડ મળ્યો.
- ભારતીય ક્રિકેટ બોર્ડે (BCCI) તમિલનાડુના પૂર્વ બેટ્સમેન શ્રીધરન ભરતની જુનિયર પસંદગી સમિતિના પ્રમુખ તરીકે તથા ગુજરાતના પથિક પટેલનો વેસ્ટઝોનના પસંદગીકાર તરીકે સમાવેશ કરાયો.

- રાજસ્થાન વિધાનસભામાં રજિસ્ટ્રેશન ઓફ મેરેજિસ એમેન્ડમેન્ટ બિલ પસાર કરાયું જે હેઠળ બાળલગ્નની નોંધણી ફરજિયાત બનાવાય, ઉલ્લેખનીય છે કે આ પ્રકારના કાયદાથી બાળલગ્ન કાયદેસર બનતાં નથી તેવું સંસદીય બાબતોના પ્રધાન શાંતિ ધારીવાલે કહ્યું છે.
- ઇઝરાયેલ વિરૂદ્ધ આંદોલન કરી રહેલા પેલેસ્ટાઇનના આંદોલનકારીઓનું નવું પ્રતીક 'ચમચો'.
- અમેરિકામા આર્ટિસ્ટ સુઝેન બ્રેનન ફસ્ટનબર્ગનોએ 'ટેમ્પરરી આર્ટ ઇન્સ્ટોલેશન ઈન અમેરિકા : ઈન રિમેમ્બન્સ ઓફ અમેરિકન્સ હૂ હેવ ડાઈડ ઓફ કોવિડ-19' અંતર્ગત વોશિંગ્ટન ના નેશનલ મોલ ખાતે 630000 સફેદ ધજાઓ લગાડી મૃતકોને શ્રધાંજલિ આપી.

**21 સપ્ટેમ્બર**

❖ ચરણજીતસિંહ ચન્ની પંજાબના નવા મુખ્યમંત્રી
  - ✓ પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદરસિંહે રાજીનામું આપ્યા બાદ ચરણજીતસિંહ ચન્ની પંજાબના 16મા મુખ્યમંત્રી બન્યા.
  - ✓ ચરણજીતસિંહ ચન્ની પંજાબના પ્રથમ દલિત મુખ્યમંત્રી.
  - ✓ 2017માં તેઓને તકનિકી શિક્ષણ અને ઔધોગિક શિક્ષણ, રોજગાર સર્જન માટે કેબિનેટ મંત્રી તરીકે નિયુક્ત કરાયા હતા.
  - ✓ પંજાબના રાજ્યપાલ - બનવારીલાલ પુરોહિત.

❖ ભારત-ઇન્ડોનેશિયા નૌસેનાનો શક્તિ અભ્યાસ
  - ✓ ભારતની નૌસેનાના જહાજો 'શિવાલિક' અને 'કંદમટ' ઇન્ડોનેશિયાના જકાર્તા ખાતે ઇન્ડોનેશિયાની નૌકાદળ સાથે દ્વિપક્ષીય વ્યાયામ 'સમુદ્ર શક્તિ'ની ત્રીજી આવૃતિમાં ભાગ લેશે.
  - ✓ નૌકાદળનાં જહાજો શિવાલિક અને કદમટ સ્વદેશી રીતે બનાવટનાં અને બિલ્ટ મલ્ટિ-રોલ ગાઇડેડ મિસાઇલ સ્ટીલ્થ ફ્રિગેટ અને એન્ટી સબમરીન કાર્વેટ છે અને ઇસ્ટર્ન નેવલ કમાન્ડ હેઠળ વિશાખાપટ્ટનમ સ્થિત ઇન્ડિયન નેવિના ઇસ્ટર્ન ફ્લીટનો ભાગ છે.
  - ✓ આ કવાયતમાં ભારતનું એન્ટી સબમરીન વોરફેર જે તેની લાંબી રેન્જની સક્ષમતા માટે જાણીતું છે તે પણ ભાગ લેશે.
  - ✓ ઇન્ડોનેશિયા તરફથી KRI બંગ ટોમો, KRI મલાહયાતી અને મેરિટાઇમ પેટ્રોલ અને રિકોનિસન્સ એરક્રાફ્ટ CN-235 ભાગ લેશે.
  - ✓ ભારતની એક્ટ ઇસ્ટ પોલિસી અનુસાર 'સમુદ્ર શક્તિ' કવાયતની શરૂઆત 2018માં થઇ હતી અને હાલ સુધીમાં તેમાં 2 સંસ્કરણો સફળતાપૂર્વક પૂર્ણ કર્યાં છે.
  - ✓ આ કવાયતમાં (ત્રીજી આવૃતિમાં) મુખ્ય એજન્ડા બંને દેશોના નૌકાદળો વચ્ચે દરિયાઇ સહયોગ મજબૂત કરવાનો અને ઇન્ડોપેસિફિકમાં મિત્રતાપૂર્વક સબંધોને મજબૂત બનાવવાનો છે.

❖ રાજ્ય ફૂડ સેફ્ટિ ઇન્ડેક્સ - ત્રીજો જાહેર થયો
  - ✓ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ ભારતીય ખાધ સુરક્ષા અને માનક પ્રાધિકરણ (FSSAI)નો ત્રીજ્યો રાજ્ય ફૂડ ઇન્ડેક્સ જાહેર કર્યો.
  - ✓ FSSAI = Food Safety and Standard Authority of India
  - ✓ SFSI = State Food Safty Index
  - ✓ આ રિપોર્ટ અલગ-અલગ પાંચ બાબતોના આધારે તૈયાર કરાયો છે.

- ✓ આ ઇનડેક્સમાં ગુજરાત રાજ્ય મોટાં રાજ્યોની શ્રેણીમાં પ્રથમ ક્રમાંકે છે અને ત્યાર બાદ કેરળ અને તમિલનાડુ આવે છે.
- ✓ નાના રાજ્યોની શ્રેણીમાં ગોવા પ્રથમ અને ત્યારબાદ મેઘાલય અને મણિપુર આવે છે.
- ✓ કેન્દ્રશાસિત પ્રદેશોમાં દિલ્હી, જમ્મુ-કશ્મીર અને અંદમાન નિકોબારે ટોચનું સ્થાન મેળવ્યુ છે.
- ✓ આ તકે મનસુખ માંડવિયાએ દેશમાં ફૂડ સેફ્ટી ઇકોસિસ્ટમને પૂરક બનાવવા માટે 19 મોબાઇલ ફૂડ ટેસ્ટિંગ વાન (ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ)ની શરૂઆત કરી.

❖ દિલ્હી ઇલેક્ટ્રોનિક સાધનોના ઉપકરણોના વિધુત પ્રદર્શનને માપવા માટેની પ્રયોગશાળા સ્થાપવામાં આવી

- ✓ IIT દિલ્હી (IIT = Indian Institute of Technology) એ ઇલેક્ટ્રોનિક સાધનોમાં વપરાતાં ઉપકરણો તથા તેની સર્કિટ્સના વિધુતના પ્રભાવને માપવા તથા સેમીકનડકટર્સના ક્ષેત્રમાં વધુ સંશોધન માટે 17 કરોડ રૂપિયાના ખર્ચે આ પ્રયોગશાળાની સ્થાપના કરી.
- ✓ આ પ્રયોગશાળામાં મુખ્યત્વે મોબાઇલ ફોન, સ્પેસ સેટેલાઇટ્સ ક્વોન્ટમ કમ્પ્યુટર્સમાં વપરાતા ઇલેક્ટ્રોનિક સાધનોનું પરિક્ષણ કરશે.
- ✓ આ કાર્ય માટે IIT દિલ્હીએ 'કીસાઇટ ટેકનોલોજીસ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ' સાથે કરારો કર્યા છે.

❖ ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ - 2021 (46th India)

- ✓ વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠનની ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સની 14મી આવૃતિમાં અર્થવ્યવસ્થાઓને તેની નવી ક્ષમતાઓ પ્રદાન કરવા બદલ લગભગ 80 બાબતોને ધ્યાને રાખીને તૈયાર થાય છે.
- ✓ આ રિપોર્ટ WIPO- વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશનની મદદથી તૈયાર થાય છે.
- ✓ આ ઇન્ડેક્સમાં સ્વિટ્ઝરલેન્ડ, સ્વિડન, સંયુક્ત રાજ્ય અમેરિકા, બ્રિટન ટોચના સ્થાને છે.

❖ 21 સપ્ટેમ્બર: આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ

- ✓ આ દિવસની ઉજવણી દેશ-દેશ વચ્ચે તથા દેશ અને તેના નાગરિકોમાં આંતરિક શાંતિ પ્રદાન કરવાના હેતુથી ઉજવાય છે.
- ✓ આ દિવસની શરૂઆત 1981માં UN દ્વારા કરાઇ હતી.
- ✓ વર્ષ 2021ની થીમ:- Recovering better for equitable and Sustainable World (ન્યાયપૂર્ણ અને ટકાઉ વિશ્વને વધુ સારી રીતે પ્રાપ્ત કરવું)
- ✓ આ વર્ષે UNની જનરલ એસેમ્બલીએ આ દિવસને 24 કલાક અહિંસા અને યુદ્ધવિરામનું પાલન કરીએ શાંતિના આદર્શોને મજબૂત કરવા માટે સમર્પિત દિવસ જાહેર કર્યો છે.
- ✓ 1981માં સ્થાપના બાદના બે દાયકા બાદ વર્ષ માં સ્થાપના બાદના બે દાયકા બાદ વર્ષ 2001માં UN ની સામાન્ય સભાએ સર્વસંમતિથી આ દિવસને અહિંસા અને યુદ્ધ વિરામના સમયગાળા તરીકે નિયુક્ત કરવાનો જાહેર કર્યો હતો.

❖ હ્યુમન ટ્રાફિકિંગ રિપોર્ટ 2020

- ✓ NCRB (National Crime Records Bureau) એ વર્ષ 2020 માટેનો હ્યુમન ટ્રાફિકિંગ રિપોર્ટ જાહેર કર્યો.
- ✓ રિપોર્ટ અનુસાર સૌથી વધુ બાબતે દેહ વ્યાપાર, યૌન શોષણ, ગુલામી પ્રથા, બાળમજૂરીની બાબતોના કેસ જોવા મળ્યા.
- ✓ NCRBના ડિરેક્ટર રામપાલ પવારના જણાવ્યા અનુસાર માનવ તસ્કરીના 184 કેસ સાથે મહારાષ્ટ્ર અને તેલંગાણા પ્રથમ છે. જ્યારે અન્ય રાજ્યોમાં આંધ્રપ્રદેશ (171) કેરળ (166), ઝારખંડ (140), રાજસ્થાન (128) નો સમાવેશ થાય છે.

- ✓ વર્ષ 2020માં એન્ટી (હ્યુમન ટ્રાફિકિંગ યુનિય (માનવ તસ્કરી સામે રક્ષણ આપતો વિભાગ) ને 1714 જેટલા કેસો મળ્યા હતા જે 2018 અને 2019ની સરખામણીએ ઓછા હતા જે સારી બાબત છે.

❖ સ્પેસ ચેલેન્જ મિશન

- ✓ ઇસરો અને CBIએ સંયુક્ત રીતે નીતિ આયોગના 'અટલ ઇનોવેશન મિશન' ને સમગ્ર ભારતમાં લાગૂ કરવા શાળાના વિદ્યાર્થીઓ માટે 'સ્પેસ ચેલેન્જ' શરૂ કરી.
- ✓ આ અંતર્ગત વિદ્યાર્થી અને શિક્ષકોમાં અંતરિક્ષ ક્ષેત્રે નવા વિચારો વિકસાવી તેની વિશેની માહિતી આપવાનો ઉદ્દેશ્ય રહેલો છે.
- ✓ સમગ્ર કાર્યક્રમ હેઠળ ATL સ્પેસ ચેલેન્જ સ્પેસ ચેલેન્જ 2021-4 થી 10 ઓક્ટોબર દર દર્ષે વૈશ્વિક સ્તરે 'વિશ્વ અંતરિક્ષ સપ્તાહ' ઉજવશે.

------------- કરન્ટ ઇન શોર્ટ ---------

- મૂળ અમેરિકન કંપની મોટોરોલા નવી વાયરલેશ ચાર્જીંગ ટેકનોલોજી વિકસાવશે જે હેઠળ એક સાથે 4 ફોન ચાર્જ થશે.
- ફેસબુકે ગોગલ્સ બનાવતી કંપની રેયબન સાથે મળીને પોતાના સૌપ્રથમ સ્માર્ટ ગ્લાસ લોન્ચ કર્યા.
- ચીની કંપની શાઓમી Mi ના બદલે Xiaomi નામથી જ પોતાનું બ્રાન્ડિંગ કરશે.
- ફ્રાન્સના વોઇરોનમાં યોજાયેલ FZ ફોર્ઝા આલ્પ્સ જુનિયર ઇન્ટરનેશનલ સિરીઝ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ભારતના ગુજરાતના મહેસાણાના પ્લેયર તસ્નીમ મીર તથા કર્ણાટકના સનીથ દયાનંદ ચેમ્પિયન બન્યા.
- સિક્કિમ રાજ્ય સરકારે 'નીયોલિસોચિલસ' 'હેકસાગોનો લેપિસ' તરીકે ઓળખાતી 'કુપર મશીર' માછલીને રાજ્ય માછલી જાહેર કરી.
- ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ રાજકોટ ખાતે સમલૈંગિક સમુદાયોના શિક્ષણાર્થે ITI માં CCC (કોર્સ ઓન કમ્પ્યુટર કન્સેપ્ટ) શરૂ કરશે.
- અખાડા પરિષદના અધ્યક્ષ મહંત મહેન્દ્રગિરિનું શ્રીમક બાદાંરી ગાદી ખાતે નિધન થયું તેમની લાશ ફાંસો ખાધેલી હાલતમાં મળી હતી.
- અમેરિકાની યુનિર્વસિટીમાં મિકેનીકલ એન્જિનિયરિંગના પ્રો. જિઉલિન રૂઆન અને તેમની ટીમે બનાવેલ વિશ્વનું સૌથી સફેદ પેઇન્ટ (કલર) ગિનીસબુક ઓફ રેકોર્ડમાં સામેલ. આ પેઇન્ટ AC વગર પણ રૂમને ઠંડુ રાખે છે.
- અમદાવાદ કલેક્ટર સંદિપ સાંગલેએ 11 વર્ષની બ્રેઇન ટ્યુમર ગ્રસ્ત દિકરી ફ્લોરા આસોડિયાને એક દિવસ માટે અમદાવાદ કલેક્ટરની જવાબદારી સોંપી હતી. ઉપરાંત ફ્લોરાના હાથે 'વ્હાલી દિકરી યોજના' તથા 'વિધવા સહાય યોજના' અંતર્ગત ગંગાસ્વરૂપ બહેનોને પ્રમાણપત્ર અને ચેક અપાયા.

- ભારત અને નેપાળ વચ્ચે ઉત્તરાખંડમાં સંયુક્ત યુદ્ધાભ્યાસ કરવામાં આવ્યો.
- ગુજરાત વિધાનસભા કાર્યકારી અધ્યક્ષ પદેથી ડૉ. નીમાબેન આચાર્યએ રાજીનામું આપ્યું.

## 22 સપ્ટેમ્બર

❖ યુક્રેન-NATO સૈન્ય અભ્યાસ

- ✓ યુક્રેન-NATO દેશો અને અમેરિકાએ ક્રેમલિન સમર્થિત બળવાને કારણે રશિયા સાથે વધી રહેલા તણાવને ધ્યાને રાખી આ અભ્યાસ હાથ ધર્યો.
- ✓ કવાયતના વડા બ્રિગેડિયર જનરલ વ્લાદિસ્વાવ ક્લોચકોવે આ કવાયતને યુક્રેન યુરોપિયન એકીકરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું.
- ✓ યુક્રેન અને રશિયા વચ્ચે વધી રહેલા આંતરિક વિવાદ સામે યુક્રેન આ કવાયતથી પોતાની લશ્કરી તાકાત રશિયાને બતાવવા પ્રયાસો કરશે.
- ✓ NATO = North Atlantic Treaty Organization હેડક્વાર્ટર - બ્રેસેલ્સ, બેલ્જિયમ.

❖ શિક્ષણ મંત્રાલયની રાષ્ટ્રીય સંચાલન સમિતિ.

- ✓ આ સમિતિનો મુળ ઉદ્દેશ્ય રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાને વિકસિત કરવાનો છે.
- ✓ આ સમિતિ NEP 2020 અંતર્ગત ચાર રાષ્ટ્રીય અભ્યાસક્રમ વિકસાવશે. જેમાં
  શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ બાળપણની સંભાળ અને શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ પુખ્ત શિક્ષક શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમનો સમાવેશ થાય છે.
- ✓ રાષ્ટ્રીય સંચાલન સમિતિનો કાર્યકાળ ત્રણ વર્ષ નક્કી કરાયો છે.
- ✓ સમિતિના અધ્યક્ષ - કે. કસ્તુરીરંગન
- ✓ કસ્તુરી રંગન 1994 થી ૨003 સુધી ISRO સાથે જોડાયેલા હતા. ઉપરાંત તેમને પદ્મશ્રી (1982), મદ્મભૂષણ (1992) અને પદ્મ વિભૂષણ (2000) પ્રાપ્ત થયેલ છે.

❖ આંતરરાષ્ટ્રીય બ્લૂ ફ્લેગ પ્રમાણપત્ર

- ✓ ભારતના અન્ય બે સમુદ્ર કિનારા તમિલનાડુના કોવલમ અને પુડુતેરીને બ્લુ ફ્લેગ પ્રમાણપત્ર મળ્યાં.
- ✓ વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ઇકો લેબલ - બ્લૂ ફ્લેગ પ્રમાણપત્ર ડેન્માર્કનું પર્યાવરણ શિક્ષા ફાઉન્ડેશન (PEF) પ્રદાન કરે છે.
- ✓ આ પ્રમાણપત્ર પ્રાચીન દરિયા કિનારાની સ્વચ્છતા તથા તેનો સુઘડ સંચાલન માટે આપવામાં આવે છે.
- ✓ PEFએ 8 દરિયાકિનારા કે જેને અગાઉ આ પ્રમાણપત્ર આપ્યાં હતા તેને ફરીથી બીજી વખત પ્રમાણપત્ર આપ્યાં જેમાં નીચેનાનો સમાવેશ થાય છે.
  શિવરાજપુર - ગુજરાત
  ઋષિકોંડા - આંધ્રપ્રદેશ
  ઘોઘલા - દીવ
  ગોલ્ડન - ઓડિશા
  કાસરકોડ અને પદુબિદ્રી - કર્ણાટક
  રાધાનગર - અંદામાન અને નિકોબાર
  કપ્પડ - કેરળ

❖ ICC મહિલા વન ડે ખેલાડીઓનું રેન્કિંગ જાહેર થયું.

- ✓ મિતાલી રાજ - ODI (વન ડે)માં પ્રથમ ક્રમે
- ✓ સ્મૃતિ માંધાના - સાતમા ક્રમે
- ✓ એમી સેટેરથવેટ (ન્યુઝીલેન્ડ) - પાંચમા ક્રમે
- ✓ ઝુલન ગોસ્વામી - (બોલર - ભારત) ચોથા ક્રમે
- ✓ પુનમ યાદવ - (બોલર- ભારત) બીજા ક્રમે
- ✓ દીપ્તી શર્મા (ઓલ રાઉન્ડર કેટેગરીમાં-ભારત) ચોથા ક્રમે

❖ ટોરેન્ટ પાવરે CESC - પવન ઉર્જા સંયંત્રોનું અધિગ્રહણ કર્યું.

- ✓ ટોરેન્ટે CESC ની માલિકીની કંપની સૂર્ય વિદ્યુતને 790 કરોડમાં 156 મેગાવોટ પવન ઉર્જા પરિયોજનાને ખરીદી.

- ✓ સૂર્યવિધુત ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ રાજ્યોમાં ફેલાયેલ 156 MW પવન ઉર્જાનું સંચાલન કરે છે.
- ✓ ટોરેન્ટ પાવરની હાલની કૂલ સ્થાપિત ઉત્પાદન ક્ષમતા 3879 MW છે.
- ✓ CESC - Chamundeswhari Electrocity Supply Corporation Limited - RP Sanjiv Goenka ગ્રૃપ સંચાલિત જનરેશન, ટ્રાન્સમિશન અને distribution (ઉત્પાદન, ટ્રાન્સમિશન, વિતરણ) પ્રણાલી સાથે જોડાયેલ સંસ્થા છે.

❖ સોમનાથ સંસ્કુત યુનિયર્સિટીને NAAC ની ટીમે A+ રેન્ક આપ્યો.

- ✓ NAAC - Nation Assessment And Accreditation Council.
- ✓ સમગ્ર ગુજરાતમાં સોમનાથ સંસ્કૃત યુનિ. (જી. ગીરસોમનાથ) એક માત્ર યુનિ. જેને A+ રેન્ક મળ્યો.
- ✓ યુનિ.ની સ્થાપના 2006માં મુ.મંત્રી નરેન્દ્ર મોદીએ કરી હતી.
- ✓ અગાઉ આ સંસ્થાને ICCR (ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેનન્સ) માં પણ સમાવવામાં આવી હતી. જે અંતર્ગત સરકાર પોતાના ખર્ચે વિદેશી વિધાર્થીઓને અહિં શિક્ષણ આપશે
- ✓ વાઇસ ચાન્સેલર - ગોપાબંધુ મિશ્રા

❖ 22 સપ્ટેમ્બરઃ- વિશ્વ રાઇનો (ગેંડાની પ્રજાતિ) દિવસ.

- ✓ આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય ગેંડાની પાંચ પ્રજાતિઓ સુમાત્રા, ગ્રેટર એકશિંગી, બ્લેક, જવને, વ્હાઇટ ગેંડાની સુરક્ષા અને લોકોમાં જાગૃતિ કેળવવાનો છે.
- ✓ આ દિવસની ઉજવણી દક્ષિણ આફ્રિકાના વિશ્વવન્યજીવન ફંડ દ્વારા વર્ષ ની ઉજવણી દક્ષિણ આફ્રિકાના વિશ્વવન્યજીવન ફંડ દ્વારા વર્ષ 2010થી કરવામાં આવે છે.
- ✓ વર્ષ 2010ની આ દિવસની થીમઃ- કીપ ધ ફાઇવ અલાઇવ.
- ✓ ગેંડાના શિંગડાનો ઉપયોગ પરંપરાગત ચાઇનીઝ દવાઓમાં થતો હોવાને કારણે તેમનો શિકાર કરવામાં આવે છે જેથી તેઓ લુપ્ત થઇ રહ્યા છે.
- ✓ ગેંડાના શિંગડામાં કેરટિન નામનું તત્વ હોય છે.

❖ 22 સપ્ટેમ્બરઃ- વિશ્વ ગુલાબ દિવસ.

- ✓ આ દિવસની ઉજવણી કેંસરથી પિડીતોના કલ્યાણ માટે મનાવાય છે. જેનાથી કેંસર સામે લડનારાઓનાં ઉત્સાહનો અને આશાઓનો વધારો કરવાનો પ્રયાસ કરાય છે.
- ✓ આ દિવસની ઉજવણી કેનેડામાં રહેતી છોકરી મેલિંડા રોઝની યાદમાં (ઉં.21 વર્ષ) ઉજવાઇ છે.
- ✓ મેલિંડા અસ્કિન્સ ટ્યુમર નામના જીવલેણ કેન્સરથી પીડિત હતી અને ડૉક્ટર દ્વારા માત્ર બે સપ્તાહ જીવિત રહેવાના દાવા સામે તેણી છ મહિના જીવિત રહી હતી.

------------------- કરન્ટ ઇન શોર્ટ -----------------

- ✓ ગુજરાત વિધાનસભામાં કાર્યકારી અધ્યક્ષ તરીકે ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલની નિમણૂક કરવામાં આવી. ઉપરાંત ભાજપના શાસક પક્ષના દંડક તરીકે લીમખેડા (દાહોદ) બેઠકના ભૂરાભાઇ કટારાને નિયુક્ત કરાયા.
- ✓ ભારતીય સેના (એન્જિનિયરિંગ વિંગ)ના 'મેજર આઇના રાણા' બોર્ડર ઓર્ગેનાઇઝેશનની રોડ કન્સ્ટ્રક્શન કંપનીના પ્રથમ મહિલા સૈન્ય અધિકારી) ઇન્ચાર્જ નિયુક્ત થયા.
- ✓ ભારતે શ્રીલંકાને 20 અત્યાધુનિક રેલવે યાત્રી કોચ સોંપ્યા આ કોચની સપ્લાય બંને દેશો વચ્ચે થયેલા કરારો હેઠળ રેલવે ઇન્ડિયા ટેકનિકલ એન્ડ ઇકોનોમિક સર્વિસ લિમિટેડ દ્વારા કરવામાં આવી.

- ✓ ભારત દેશના સૌથી મોટા હની પ્લાન્ટ (મધ ઉત્પાદન)ને અમરેલીમાં સ્થાપવાની મંજૂરી મળી અને આ પ્લાન્ટનું વડાપ્રધાન ન.મોદીના હસ્તે ખાતમૂહુર્ત કરાયું.
- ✓ ગુજરાતી સાહિત્યકાર, કવિ, લેખક કરસનદાસ લુહારનું નિધન. તેમણે 100થી વધુ પુસ્તકો લખ્યાં છે તથા અનેક એવોર્ડથી સન્માનિત થયા છે. તેમનો જન્મ 12 ઓગસ્ટ, 1942ના ભાવનગરમાં રાણીવાડા ગામે થયો હતો.
- ✓ ફેસબૂકે પૂર્વ IAS અને ઉબેરના પબ્લિક પોલિસી વિષયક વડા રાજીવ અગ્રવાલની કંપનીના પબ્લિક પોલિસી નિયામક તરીકે નિમણૂક કરી.
- ✓ ઇ.સ. 1787માં પ્રકાશિત થયેલ અમેરિકન બંધારણની મુદ્રિત નકલ ન્યુયોર્ક સ્થિત સોથેલી નિલામી હાઉસમાં રૂ. 147 કરોડમાં વેચાશે.
- ✓ યશ બેંકે ગ્રાહકોને ક્રેડિટ કાર્ડ અપવા માટે વિજા (Viza) સાથે ભાગીદારી કરી.
- ✓ ભારતના નાગાલેન્ડ રાજ્યમાં તમામ પાર્ટીઓએ એક સાથે મળીને સરકાર ચલાવવાનો નિર્ણય કરતાં નાગાલેન્ડ હવે વિપક્ષ વગરની સરકારથી ચાલશે. નવી સરકાર UDA (United Democratic Ailiance) થી ઓળખાશે.
- ✓ ભારતીય ડિરેક્ટર પાયલ કાપડિયાના ડેબ્યુ ફીચર પ્રોજેક્ટ 'અ નાઇટ ઓફ નોઇંગ નથિંગ'ને ટોરેન્ટો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (TIFF)માં એવોર્ડ મળ્યો.

**23 સપ્ટેમ્બર**

- ❖ પર્યાવરણીય ડી.એન.એ. (eDNA)
  - ✓ નદી અને તેના વહેણમાં રહેતી જીવસૃષ્ટિ પર માનવીય પ્રવૃતિની અસરોને ધ્યાને લેવા માટે વિજ્ઞાનીઓએ eDNAની શોધ કરી.
  - ✓ eDNAની મદદથી નદીઓમાં સ્થિત જીવસૃષ્ટિની ગણતરી તથા તેમને તેમની પ્રજાતિનુસાર ગોઠવવામાં eDNA મદદરૂપ થશે.
  - ✓ કાર્બનિક પ્રદૂષકો સહિત થતી રાસાયણિક આપત્તિઓ ઉપર નજર રાખવા જીવસૃષ્ટિની ત્વચા, મળ જેવા પદાર્થોનો ઉપયોગ DNA મેળવવા માટે કરાશે.
- ❖ ગ્લોબલ સ્ટાર્ટપ ઇકોસિસ્ટમ રિપોર્ટ-2021
  - ✓ વૈશ્વિક સ્તરે સફળ સ્ટાર્ટઅપ બનાવવા માટેમા વાર્ષિક વિશ્લેષણના આધારે આ રિપોર્ટ જાહેર કરાય છે.
  - ✓ આ રિપોર્ટ અનુસાર 2021માં બેંગલુરુ શહેરના ક્રમાંકમાં ખાસ સુધારા સાથે 23મા સ્થાને આવ્યું.
  - ✓ કેલિફોર્નિયાનું સિલીકોન વેલી શહેર પ્રથમ ક્રમે.
  - ✓ આ ઉપરાંત દિલ્હી (36) અને મુંબઇનો પણ આ રિપોર્ટમાં સમાવેશ થયો છે.
- ❖ આરોગ્ય મંથન 3.0
  - ✓ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા AB PMJAY ની ત્રીજી વર્ષગાંઠ નિમિતે 'આરોગ્ય મંથન 3.0' નું ઉદ્દઘાટન કરશે.
  - ✓ AB PMJAY ની વર્ષગાંઠને 'આયુષ્યમાન ભારત દિવસ' તરીકે ઉજવાશે.

- ✓ AB PMJAY = આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના
- ✓ આ કાર્યક્રમની ઉજવણી હાઈબ્રીડ સ્વરૂપે (ઓનલાઈન + ઓફલાઈન) કરાશે.

❖ નૈસ્ડૈક પર સૂચિબધ્ધ થનાર પ્રથમ ભારતીય સ્ટાર્ટાપ 'ફ્રેશવકર્સ'

- ✓ ટેક કંપની ફ્રેશવકર્સ એક અબજ ડોલરના IPO સાથે નાસ્ડેક સ્ટોક એક્સ્જેન્જમાં પ્રવેશ કર્યો. અમેરિકન શેરબજારમાં લિસ્ટેડ થનાર તે પ્રથમ ભારતીય કંપની.
- ✓ ફ્રેશવકર્સની સ્થાપના ૨૦૧૦માં કેલિફોર્નિયા-હેડક્વાર્ટર્સ સોફ્ટવેર એઝ અ સર્વિસ(Saas) તરીકે ગિરીશ માથરૂબુથમ અને શાન કૃષ્ણસાની દ્વારા ચેન્નાઈમાં કરવામાં આવી હતી.
- ✓ ફ્રેશવકર્સ ૧૨૦થી વધુ દેશોમાં ગ્રાહકોમું નેટવર્ક ધરાવે છે.

❖ વિશ્વ પુસ્તક રાજધાની ૨૦૨૩ - અકરા (ઘાના)

- ✓ UNESCO ના નિર્દેશક આદ્રે અજોલે ૨૦૨૩ ના વર્ષ માટે અકરાને UNESCOની વિશ્વ પુસ્તક રાજધાની (WB) જાહેર કર્યું.
- ✓ UNESCO વર્લ્ડબુક કેપિટલ તરીકે જાહેર કરાયેલા શહેરના લોકો તથા તેની આસપાસના લોકોમાં પુસ્તકોમા વાંચનને પ્રોત્સાહન આપવાનું કામ એક વર્ષ માટે કરે છે.
- ✓ 2022માં ગુઆડાલજારા (મેક્સિકો) બાદ, અકરા (ઘાના) શહેરની પસંદગી યુવાનો પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરી ઘાનાની સંસ્કૃતિ અને સંપત્તિમાં યોગદાન આપવાની તેમની ક્ષમતા માટે કરવામાં આવી.
- ✓ આ WB ઉજવણીની શરૂઆત 23 એપ્રિલ, 2023 થી World Book and Copyright Day (વિશ્વ બુક અને કોપીરાઈટ દિવસ)થી થશે.

❖ 23 સપ્ટેમ્બર: International Day of a Sign Language (આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ)

- ✓ વર્લ્ડ ફેડરેશન ઓફ ધ ડેફ દ્વારા ૨૦૨૧ના આ દિવસને 'વી સાઈન ફોર હ્યુમન રાઈટસ' વિષય સાથે ઉજવવાનું નક્કી કર્યું.
- ✓ વર્લ્ડ ફેડરેશન ઓફ ધ ડેફ અનુસાર વિશ્વમાં 70 મિલિયનથી વધુ બધીર(બહેરા) લોકો છે. જેમાં થી 80% થી વધુ વસ્તી વિકાસશીલ દેશોમાં રહે છે. અને તેઓ 300 થી વધુ સાઈન લેગ્વેંજ (ઈશારાની ભાષા) નો ઉપયોગ કરે છે.
- ✓ UN જનરલ એસેમ્બલીએ બહેરા લોકોના માનવાધિકારોની અનૂભૂતિ માટે 23 સપ્ટેમ્બર આંતરાષ્ટ્રીય સાઈન લેગ્વેંજ ડે જાહેર કર્યો છે.

❖ સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર-2020

- ✓ ગુજરાતી ભાષા માટે-કાશ્યપી મહાનને અપાયો.
- ✓ લંકાપતિ રાવણની પત્ની મંદોદરીની આત્મકથા 'પંરિતય્ત લંકેશ્વરી' જે હિન્દીમાં સ્વ.મૃદુલા સિન્હાએ લખી હતી તેનું 2016 માં ગુજરાતી અનુવાદ કાશ્યપીએ કર્યું હતુ. આ અનુવાદ યુનિવર્સિટી ગ્રંથનિર્માન બોર્ડ દ્વારા પ્રકાશિત થયું હતું.

- ✓ કાશ્યપીએ અગાઉ પોલ બ્રન્ટન દ્વારા અંગ્રેજીમાં લખાયેલ પુસ્તક્નું ગુજરાતી અનુવાદ 'હિમાલય અને એક તપસ્વી' માટે 2016-17 માં ગુજરાતી સાહિત્ય પરિષદનો અનુવાદ પુરસ્કાર મેળવ્યો હતો.

❖ ભારતના સૌથી ઝડપી પર્વતારોહક: ગીતા સમોટા

- ✓ ગીતા એ માઉન્ટ એલ્બ્રસ અને કિલિમાંજરોને સર કર્યા.
- ✓ તેઓ CISF  માં અધિકારી છે. જે 2011 થી તેમાં જોડાયેલા છે. CISF=સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સ)
- ✓ માઉન્ટ એલ્બ્રસ રશિયાના યુરોપનું સૌથી ઉંચું શિખર (5642 મીટર) છે. જ્યારે કિલિમાંજરો આફ્રિકાનું સૌથી ઊંચું શિખર (5895 મીટર) છે.
- ✓ ગીતા સમોટા એ અગાઉ ઉત્તરાખંડના માઉન્ટ સતોપંથ અને નેપાળના માઉન્ટ લોબુચે પણ સર કર્યા છે.

❖ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો નવો વિકલ્પ શોધાયો.

- ✓ ભારતીય વિજ્ઞાન સંસ્થાન,બેંગલુરુ (IISC) એ સિંગલયુઝ પ્લાસ્ટિકનો નવો વિકલ્પ શોધ્યો જે પ્રદુષણ ઘટાડવામાં મદદ કરશે.
- ✓ સંશોધન મુજબ બિન-ખાધ એરંડાના તેલનો ઉપયોગ કરી પોલિમર બનાવાયુ અને તેની સેલ્યુલોજ તથા ડી-આઈસો સાયનાઈટના સંયોજન સાથે પ્રક્રિયા કરવાથી પોલિમર્સ પ્રકારની બાયોડિગ્રેડેબલ, લીક-પ્રુફ અને બિન ઝેરી પ્લાસ્ટિક જેવો ઉપયોગમાં લઈ શકાય તેવો પદાર્થ બનાવાયો.
- ✓ હાલ પ્લાસ્ટિકના અન્ય વિકલ્પો તરીકે સ્ટેઇનલેસ સ્ટીલ કાચ,પ્લેટિનમ સિલિકોન, વાંસ, માટીકામ, સિરામિક્સનો ઉપયોગ થાય છે.

--------- કરન્ટ ઇન શોર્ટ -------------

- ✓ કેન્દ્ર સરકારે કોરોના મૃતકના વારસને રૂ. 50,000 વળતર આપવાની જાહેરાત કરી. આ માટે રાજ્યો સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડમાંથી નાણાંની જોગવાઈ કરશે.
- ✓ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હી ખાતે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ રેલ કૌશલ વિકાસ યોજના શરૂ કરી.
- ✓ શક્તિપીઠ અંબાજી ખાતે કેમેરાનો પ્રયોગ કરવામાં ટૅકનોલોજીયુક્ત બોડીવોર્ન કેમેરાનો પ્રયોગ કરવામાં આવ્યો. આ કેમેરામાં હાઇરીઝોલ્યુશન યુક્ત ઓડિયો તેમજ વીડિયો ક્લાઉડબેઝ સિસ્ટમ ઉપર રેકોર્ડ થાય છે.
- ✓ IAS, TPS, IFS અધિકારીઓ હવેથી વિદેશી પ્રતિનિધિઓ તથા લગ્ન, વર્ષગાંઠ, ધાર્મિક સમારંભોમાં સગાસબંધી અને મિત્રો પાસેથી રૂા.25000 સુધીની ભેટ સ્વીકારી શકવાનો નવો ફેરફાર કેન્દ્ર કરકારે કર્યો.
- ✓ એર માર્શલ વિવેક રાજા ચૌધરી વાયુસેનાના નવા અધ્યક્ષ બનશે. હાલના અધ્યક્ષ આર.કે.એસ. ભદોરીયા.
- ✓ નાસ્કોમ ફાઉન્ડેશન અને વીઝા સંયુક્તરૂપે પાંચ રાજ્યો મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, પશ્ચિમ બંગાળમાં ડિજિટલ સાક્ષરતા માટે મહિલા ઉધમીઓને શિક્ષણ આપશે.
- ✓ IIT ગુવાહાટી સ્વદેશી ટેકનિક વિકસિત કરવા તથા પાણીની નીચે સંશોધન કરવા CICPS - ઇંટેલિજેંટ સાઇબર ફિજિકલ સિસ્ટમ માટે કેન્દ્ર સ્થાપશે.

- ✓ IAFA - ઇન્ટરનેશનલ એટોમિક એટર્ની એજન્સીના 65મા નિયમિત સત્રના અધ્યક્ષ તરીકે કુવૈતના રાજદૂત એચ. ઇ. સાદિક એમ. મરાફીની પસંદગી કરાઇ.
- ✓ વૈશ્વિક ભૂખમરા સામે લડવા માટે USના રાષ્ટ્રપતિ જો બાઇડેન અમેરિકા તથા સમગ્ર વિશ્વ માટે 10 બિલિયન ડૉલર આપવાની જાહેરાત કરી.
- ✓ રનિંદર સિંહ ભારતીય રાષ્ટ્રીય રાઇફલ સંઘના અધ્યક્ષ નિયુક્ત થયા.

## 24 સપ્ટેમ્બર

❖ ADB એ શહેરી પૂરતી સ્થિતિને પહોંચી વળવા 251 મિલિયન ડૉલરની મંજૂરી આપી.

- ✓ ADB (એશિયન ડેવલપમેન્ટ બેંક) એ ભારતના ચેન્નઇ કાંસસ્થલિયાર નદી બસીનને શહેરી પૂરની સ્થિતિ સામે સુરક્ષા આપવા આ ગ્રાન્ટ ફાળવી.
- ✓ ચેન્નાઇના ઝડપી શહેરીકરણના કારણે નદી બેસીન વિસ્તાર પાણીના પૂરના કારણે પ્રભાવિત થાય છે અને અર્થતંત્ર અને આજીવિકાને નુકસાન થાય છે.
- ✓ ADBના વરિષ્ટ શહેરી વિકાસ નિષ્ણાંત અકીરા મત્સુનાગાએ આ પ્રોજેક્ટ અંતર્ગત અસરગ્રસ્ત સમુદાયોની આબોહવા અને આપત્તિ સ્થિતિસ્થાપકતામાં સુધારો કરવા માટેના પગલાં લેવા સબંધી બાબતોનો આ સહાયમાં ઉલ્લેખ કર્યો છે.
- ✓ પ્રોજેક્ટ હેઠળ 588 કિમી નવા વરસાદી પાણીના નાળાનું નિર્માણ કરવામાં આવશે, ઉપરાંત 175 કિમીના વરસાદી પાણીના ગટરનું પનર્વસન કરાશે. સાથે સાથે અંબાટતુર, અરિયલ્લુર, કડપ્પક્કમ અને કોરાટ્ટુર વિસ્તામાં 11 kmના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા ઉભી કરાશે.
- ✓ વિશેષતઃ આ ગ્રાન્ટમાંથી રસ્તાની બંન્ને બાજુ ગટર બનાવાશે જે પાણીનો નિકાલ કરવામાં મદદરૂપ થશે.

❖ NSDC અને વાઇજલીવાઇજ સાથે ભાગીદારી કરાઇ.

- ✓ NSDC (Cnational skill Development Corporation) અને વાઇજલીવાઇજએ ભારતીય યુવાનોમાં કૌશલ્યમાં વિકાસ કરવા તથા સક્ષમ બનાવવા A1 (આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સ) અંતર્ગત તાલીમ આપશે.
- ✓ Wiselywise (સિંગાપોર)એ તેના Wise Central A1 Education પ્લેટફોર્મને NSDCના elearning પોર્ટલ, eskill India સાથે સંકલન કર્યું છે.
- ✓ આ ભાગીદારી અંતર્ગત હિંદી, મરાઠી, સહિત અનેક પ્રાદેશિક ભાષાઓમાં મફત A1 અભ્યાસક્રમોની વ્યવસ્થા કરશે.
- ✓ Wiselywise (સિંગાપોર)ના સ્થાપક અને CEO - ચંદ્ર કુમાર.

❖ કનેક્ટિંગ ઓલ ઇન્ડિયન વર્કશોપ.

- ✓ ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયએ ભારતને વિશ્વના સૌથી મોટા કનેક્ટેડ દેશોમાંથી એક બનાવવા માટે 'કનેક્ટિંગ ઓલ ઇન્ડિયન્સ' વર્કશોપનું આયોજન કર્યું.
- ✓ આ વર્કશોપમાં દેશના સૌથી મોટા ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર JIO. Aritel, meatyના અધિકારીઓ અને સંચાર મંત્રાલયને ટેલિકોમ્યુનિકેશન વિભાગ સહિતના જાહેર અને ખાનગી હિસ્સેદારોને આમંત્રિત કરાયા હતા.
- ✓ સમગ્ર કાર્યક્રમના અધ્યક્ષ - રાજ્યમંત્રીશ્રી રાજીવ ચંદ્ર શેખર.

- ✓ કાર્યક્રમ હેઠળ વિશ્વના સૌથી મોટા ફાઇબર આધારિત ગ્રામીણ બ્રોડબેન્ડ કનેક્ટિવિટિ પ્રોજેક્ટ ભારતનેટ વિશેની માહિતી પણખ અપાઇ હતી અને આવનારા સમયમાં ભારતનેટને વિસ્તારિત કરવા અંગેના વિચારો પણ વ્યક્ત કરાયા હતા.

❖ કેન્દ્ર સરકાર 200 ડ્રોનની ખરીદી કરશે.

- ✓ કેન્દ્ર સરકાર સ્વામિત્વ યોજના હેઠળ જમીન માપણી કરવા માટે 200 ડ્રોનની ખરીદી કરશે.
- ✓ સરકારનો ઉદ્દેશ્ય 2024 સુધીમાં દેશના 6.62 લાખ ગામોનો સર્વે અને માપણી પૂર્ણ કરવાનો છે.
- ✓ સ્વામિત્વ - સર્વે ઓફ વિલેજ ફોર મેપિંગ વિથ ઇમ્પ્રોવાઇડ ટેકનોલોજી ઇન વિલેજ એરિયા - પંચાયતી રાજ મંત્રાલયની યોજના છે.
- ✓ ડ્રોનની ખરીદી માટે DSI - ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીએ બિડ ડોક્યુમેન્ટ બહાર પાડ્યું.
- ✓ આ ડ્રોન વ્યાવસાયિક સર્વે ગ્રેડ UAV/ડ્રોન આધારિત સિસ્ટમ ગ્લોબલ નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ, ઇનર્શિયલ મેઝરમેન્ટ યુનિટ (IMU), જેવી એસેરિઝ અને સોફ્ટવેર સાથે સજ્જ હશે.
- ✓ ડ્રોન આધારિત માપણીની શરૂઆત પાયલોટ પ્રોજેક્ટ આધારિત પંચાયતી રાજ દિવસ - 24 એપ્રિલે ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન, આંધ્રપ્રદેશમાં શરૂ થઇ હતી.

❖ ત્રિપુરા અગર નીતિ - 2021

- ✓ ત્રિપુરાના મુખ્યમંત્રી બિપ્લવ દેવે રાજ્યની અર્થવ્યવસ્થામાં બદલાવ લાવવા આ યોજના શરૂ કરી.
- ✓ આ નીતિ હેઠળ 2025 સુધીમાં અગરના વૃક્ષોનું વૃક્ષારોપણ બમણું કરવાનો ઉદ્દેશ્ય છે. જેની અંદાજીત 2000 કરોડ રૂપિયાની આવકની સંભાવના છે.
- ✓ અગર એ એક સુગંધિત વૃક્ષ છે જેનું વૈજ્ઞાનિક નામ'એક્વિલરિયા મૈલાકેસિસ' છે.

❖ BPCL અને SBI સંયુક્ત રીતે ક્રેડિટ કાર્ડ લોન્ચ કરશે.

- ✓ BPCL (ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ) અને SBIએ BPCL-SBI કાર્ડને બ્રાંડેડ રૂપે કોન્ટેકલેસ ક્રેડિટ કાર્ડ સ્વરૂપે લોન્ચ કરવાનો નિર્ણય કર્યો.
- ✓ આ કાર્ડનો ઉપયોગ ગ્રાહકો ઇંધણ ખરીદીના લાભો માટે તથા કરિયાણા, ડિપાર્ટમેન્ટ સ્ટોર, ફિલ્મોની બીલની ચૂકવણી માટે પણ કરી શકશે.
- ✓ વિશેષ લાભ સ્વરૂપે BPCL-SBI કાર્ડના વપરાશકર્તાને BPCL પેટ્રોલ પંપ પર ઇંધણની ખરીદી પર ખર્ચવામાં આવતા પ્રત્યેક 100 રૂપિયા પર 13X (13 ગણા) પુરસ્કાર પોઇન્ટ ઉપરાંત દર 4000 રૂપિયાના ટ્રાન્ઝેક્શન પર 1% ઇંધણ સરચાર્જ માફી મળશે.
- ✓ આ કાર્ડનો ઉપયોગ કરનારને જોઇનિંગ ફીની ચુકવણી પર રૂ.500ની કિંમતના 2000 એક્ટિવેશન બોનસ પોઇન્ટ મળશે.

❖ પીપાવાવ પોર્ટ દેશનું પ્રથમ હાઇરાઇઝ રેલ ઇલેક્ટ્રીફિકેશન ધરાવતું પોર્ટ.

- ✓ ભાવનગર જિલ્લાના પીપાવાવ પોર્ટ ખાતેથી પ્રથમ ઇલેક્ટ્રીક ટ્રેન રાજસ્થાનના જોધપુરના ભગતની કોઠી જવા પ્રસ્થાન કરાવવામાં આવી.
- ✓ ઇલેક્ટ્રી ફિકેશનથી ઇંધણની બચત તથા ટ્રેનના રૂટની સંખ્યામાં વધારો કરી શકાય છે.
- ✓ પીપાવાવ બંદરનું નામ સંત પીપા ભગતના નામ પરથી રખાયું છે. જેની સ્થાપના વર્ષ 1996માં થઇ અને વર્ષ 1998માં ભારતના પ્રથમ ખાનગી બંદર તરીકે જાહેર કરાયું.

❖ Zee એન્ટરટેઇનમેન્ટ અને સોની એન્ટરટેઇનમેન્ટ ટેલિવિઝન મર્જ થઇ.

- ✓ મર્જ થયેલી નવી કંપનીમાં સોનીએ 52.93% અને ઝીએ 47.07%નો હિસ્સો દર્શાવ્યો છે.
- ✓ મર્જ થયેલી કંપનીમાં MD અને CEO પુનિત ગોયેન્કા બનશે.

- ✓ આ મર્જર બાદ જાપાનીઝ કંપની સોની કોર્પની પેટા કંપની સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઇન્ડિયા - ઝીમાં સૌથી વધુ શેર ધરાવતી કંપની બની.

-------- કરન્ટ ઇન શોર્ટ -------------

- ✓ ગુજરાતના નર્મદા કેવડીયામાં SOU ખાતેના ઝૂમાં બિહારથી 'ઇલેક્શન' નામના માદા ગેંડાનું આગમન થયું અને સાથે જ જૂનાગઢ સક્કરબાગ ઝૂમાંથી 6 સિંહણોને બિહાર મોકલવામાં આવી.
- ✓ નવું સિમ કાર્ડ લેવા માટે જે તે કંપનીમાં ઓનલાઇન ફોર્મ ભરી આપ્યા બાદ કંપની ગ્રાહકને ઘરે સિમ કાર્ડ પહોંચાડવાની સુવિધા આપશે તેવી જાહેરાત દૂરસંચાર વિભાગ (DOT - Department of Telecom nation) દ્વારા કરવામાં આવી.
- ✓ # પલટ દે અભિયાન હેઠળ થમ્સ અપ બોલર મહંમદ સિરાજની જીવન યાત્રાને પોતાની જાહેરાતમાં સમાવેશ કરશે.
- ✓ મણિપુરની 'હાથી મિર્ચ' અને 'તામેંગલોંગ સંતરા'ને GI ટેગ મળ્યો.
- ✓ IIT દિલ્હીએ પાણીના ટીપામાંથી વીજળી ઉત્પન્ન કરવાની ટેકનોલોજી વિકસાવી.
- ✓ કેરળની રાજધાની તિરુવનંતપુરમાં આવેલા પ્રસિધ્ધ શ્રી પદ્મનાભ સ્વામી મંદિરના સંચાલનને લઇ ચાલી રહેલા રાજ પરિવાર અને મંદિર ટ્રસ્ટના વિવાદમાં સુપ્રિમ કોટ 3 માસમાં છેલ્લા ૨૫ વર્ષના હિસાબો રજૂ કરવા આદેશો કર્યા.
- ✓ આસામ સરકારે ગેરકાયદેસર શિકાર બાદ જપ્ત કરાયેલાં 2500 ગેંડાના શિંગડાને જાહેરમાં સળગાવીને સંદેશ આપ્યો કે હકિકતમાં તેની કોઈ જ કિંમત નથી માટે ગેંડાનો શિકાર યોગ્ય નથી.
- ✓ લંડનની મેરિલબોન ક્રિકેટ ક્લબે ક્રિકેટના નિયમોમાં ફેરફાર મુજબ હવે બેટસમેનને 'બેટર' કે 'બેટૃર્સ' થી ઓળખાવાશે. બેટૃસમેન એ જાતિવાચક શબ્દ હોવાથી મહિલા ક્રિકેટરોને અન્યાય થવાનો સંદેશ મળે છે.
- ✓ IPL માં રમનાર ખેલાડીની માહિતી બહાર જવી ન જોઈએ તેવા નિયમ સામે ઓલરાઉન્ડર દીપક હુડાએ સોશિયલ  મિડિયામાં હેલ્મેટ પહેરતો ફોટો મેચ શરૂ થવાના પાંચ કલાક અગાઉ શેર કરતાં આ બાબતે એન્ટી કરપ્શન બ્યુરો તપાસ કરશે.
- ✓ રાજસ્થાન રાજ્યપાલ કલરાજ મિશ્રાએ ડ્રિપ સિંચાઈ સિસ્ટમ,વર્મી કમ્પોસ્ટ ઉત્પાદન ક્ષેત્રો તથા ગાય અને અન્ય દુધાળા પશુઓ માટેના ભોજન બનવતી અજોલા કંપનીનું ઉદઘાટન કર્યું.
- ✓ પશુપાલન અને ડેરી વિભાગ, ભારત સરકાર તથા બિલ એન્ડ મલિંડા ગેટ્સ ફાઉન્ડેશન વચ્ચે પશુધન ક્ષેત્રે સુધારા લાવવા કરારો થયા.
- ✓ જાપાની ઉમેનો સુમિયામા અને કૌમે કોડમાં 107 વર્ષ અને 300 દિવસની વિશ્વની સૌથી વયોવૃદ્ધ જોડિયા બહેનો.
- ✓ અસમમાં ચાના ઉત્પાદનને વેગ આપવા રાજ્ય સરકાર કામરૂમ જિલ્લાના ચાયગાઁવ ખાતે 'ચા પાર્ક' સ્થાપિત કરશે.

- ✓ CBSC ધો. 10, 12 ની બોર્ડની પરીક્ષાના પરિણામોનો રેકોર્ડ 'એકેડેમિક ડોક્યુમેન્ટ' નામે પ્રસારિત કરશે જેનો ઉપયોગ વિધ્યાર્થીઓ આગળના શિક્ષણ માટે ડિજીટલી શિક્ષણ સંસ્થાઓમાં તથા નોકરી મેળવવા કરી શકશે.
- ✓ કચ્છના મુંદ્રા બંદરેથી DRI(Directorate of Revenue Intelligence) ની ટીમે 15 હજાર કરોડનું હેરોઈન (ડ્રગ્સ) ઇન્ટર સિડની નામના વહાણમાંથી ઝડપી પાડ્યું.
- ✓ અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયાની પાર્ટનશિપથી બનેલા AUKUS ગૃપમાં ભારત અને જાપાનને સામેલ કરવાનો અમેરિકાએ ઇન્કાર કર્યો.
- ✓ યુરોપિયન યુનિયને પ્રસ્તાવિત નિયમમાં સ્માર્ટફોન અને અન્ય નાના ઇલેક્ટ્રોનિક ઉપકરણો માટે USB-C ચાર્જર પોર્ટ ફરજિયાત કર્યું. જેનો હેતુ યુઝર્સને નવા ઉપકરણોની ખરીદીમાં હાલના જ ચાર્જરનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવાનો છે.

**25 સપ્ટેમ્બર**

- ❖ અટલ ઇનોવેશન મિશન (AIM)
  - ✓ વિવેકાનંદ ગ્લોબલ યુનિવર્સિટી જયપુર, રાજસ્થાનમાં ભારતનું પ્રથમ અટલ સામુદાયિક ઇનોવેશન મિશનના કેન્દ્રનું ઉદ્ઘાટન કરાયું.
  - ✓ આ સેન્ટરની સ્થાપના નીતિ આયોગ ભારત સરકાર દ્વારા કરવામાં આવી છે.
  - ✓ અ કેન્દ્રની સ્થાપનાનો હેતુ નવીનત્તમ વિચારોનો ટેકો આપી તેને સમાજની આવતીકાલને બહેતર બનાવવામાં ઉપયોગમાં લેવાનો છે.
  - ✓ આ કેન્દ્રના ઉદ્ઘાટનમાં પ્રથમ પેનલમાં ચર્ચાના વિષય સ્ટાર્ટઅપ્સ માટે ભંડોળની તકો અને ઇકોસિસ્ટમ પર ચર્ચાઓ થઇ હતી.
- ❖ ક્વાડ દેશો વૈશ્વિક સ્તરે 120 કરોડ કોવિડ-19 રસીના ડોઝ દાનમાં આપશે.
  - ✓ યુનાઇટેડ સ્ટેટ્સ, ભારત, જાપાન, અને ઓસ્ટ્રેલિયાએ સંયુક્ત રીતે આ ડોઝ આપવાનું વચન આપ્યું.
  - ✓ ઇન્ડો-પેસિફિકમાં આરોગ્ય-સલામતીના પ્રયાસો માટે સંકલનનું નિર્માણ કરવાનું ચાલુ રાખી વર્ષ 2022માં સંયુક્ત રીતે ઓછામાં ઓછા એક રોગચાળાની તૈયારીઓ માટે કવાયત હાથ ધરશે.
  - ✓ ઉપરાંત જાપાન 3.3 બિલિયન ડૉલરની ક્ષમતા સાથે સુરક્ષિત, અસરકારક, ગુણવત્તાયુક્ત રસીઓ પ્રાદેશિક દેશો સુધી પહોંચાડવા કટ્રિબદ્ધ બનશે.
  - ✓ ભારતના વિદેશ સચિવના જણાવ્યાનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ બેઠકમાં Covid-19 રસીના પ્રમાણપત્રને તમામ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોમાં માન્યતા આપવાનો પ્રસ્તાવ મૂક્યો.
- ❖ INTAS ફાર્માસ્યૂટિકલે એજાડાઇન-0 બ્રાન્ડ નામની એજેસિટિડાઇન લોન્ચ કરી.
  - ✓ INTAS એ એઝાડિન-ઓ, બ્રાન્ડની એક્યુટ મવિલોઇડ લ્યુકેમિયા (બ્લડ કેંસરના એક પ્રકાર) માટે ઓરલ પ્રકારની થેરાપિ એજેસિટિડાઇન લોન્ચ કરી જે ભારતીય બજારમાં પ્રથમ છે.
  - ✓ આ પદ્ધતિ અંદાજે 10 માસ સુધી કેન્સરની થેરાપીમાં ઉપયોગ કર્યાથી તેમાં રાહત મેળવી શકાય છે.
  - ✓ આ પ્રકારની સારવારથી દર્દીઓના અસ્તિત્વ અને જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે.
- ❖ ઉચ્ચ ઊર્જા વિસ્ફોટક (High energy explosive) માં વપરાતા રસાયણો શોધવા સેન્સર

- ✓ ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના અહેવાલ મુજબ આ સેન્સરની મદદથી વિસ્ફોટકોમાં વપરાતા Nitro - aromatic રસાયણોની પરખ કરી શકાશે.
- ✓ ઇન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ સ્ટડી ઇન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુવાહાટીના વિજ્ઞાનીઓએ બે કાર્બનિક પોલિમરો એક બાદ એક મિશ્ર કરીને પોલિમર ડિરેક્ટર વિકસિત કર્યાં છે.
- ✓ નાઇટ્રોએરોમેટિક કેમિકલ્સ સામાન્ય રીતે પારખી શકાતા નથી અગાઉના અભ્યાસો મુજબ તેઓ મોટેભાગે ફોટો-લ્યુનેસ આધારિત હોય છે. એટલે પ્રકાશના સંપર્કમાં આવતાં વિસ્ફોટ થાય છે. આ પ્રકારની ગતિવિધિ સામે સુરક્ષા મેળવવા સેન્સર વિકસાવવામાં આવ્યુ છે.

❖ ભારત અને ભૂટાને સંયુક્ત રીતે ઉપગ્રહ વિકસાવવા કરારો કર્યા.

- ✓ આ કરાર ISROના વૈજ્ઞાનિક સચિવ આર. ઉમામહેશ્વરન અને સૂચના પ્રોદ્યોગિકી અને દૂરસંચાર વિભાગ, ભૂટાન દ્વારા કરાયા.
- ✓ આ કરારો સમયે ભૂતાનમાં ભારતના રાજદૂત રૂચીશ બંકોજ અને ભારતમાં ભૂતાનના રાજદૂત મેજર જનરલ વેટ્સોપ નામગીયલ હાજર રહ્યા હતા.

❖ DFC અને USAID વચ્ચે 55 મિલિયન અમેરિકન ડૉલર કરારો થયા.

- ✓ DFC - ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન
- ✓ USAID - US એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ
- ✓ આ કાર્ય હેઠળ ખેત ઉત્પાદન સંગઠનો અને ખેત તકનિકી કંપનીઓ પર મહામારીથી આવેલ આર્થિક અસરને દૂર કરવા પ્રયત્નો કરાશે.
- ✓ આ માટે ખેત ઉત્પાદન સંસ્થાઓને અવંતિસ ફાયનાન્સ, માનવીય તથા સમુન્નતિ ફાયનાન્સ દ્વારા લોન ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ✓ આ કાર્યક્રમ હેઠળ આઠ વર્ષમાં 2 લાખ ખેડૂતો સુધી પહોંચવાનો ઉદ્દેશય છે.
- ✓ ભારતમાં USAIDના સપોર્ટ ડિરેક્ટર - વીરન કેરિટી
- ✓ US - DFC એ US સરકારની ડેવલપમેન્ટ બેન્ક છે જે ખાનગી ક્ષેત્રે ભાગીદારી કરી નાણાકીય સહાયો પૂરી પાડે છે.

❖ 25 સપ્ટેમ્બર: World Pharmacists Day.

- ✓ આ દિવસની ઉજવણી ફાર્માસિસ્ટોની મહત્વપૂર્ણ ભૂમિકાઓને જાણવા માટે ઉજવાય છે.
- ✓ વર્ષ 2021 વિષય :- 'ફાર્મસી: ઓલ્વેઝ ટ્રસ્ટેડ ફોર યોર હેલ્થ'
- ✓ FIP -ઇન્ટરનેશનલ ફાર્માસ્યુટિકલ ફેડરેશને 2009માં વિશ્વ ફાર્માસિસ્ટ દિવસની શરૂઆત કરી હતી.
- ✓ FIP - ફાર્માસિસ્ટ અને ફાર્મા ક્ષેત્રના વિજ્ઞાનીઓના રાષ્ટ્રીય સંઘનું વૈશ્વિક સંગઠન છે.

❖ 25 સપ્ટેમ્બર: અંત્યોદય દિવસ.

- ✓ 25 સપ્ટેમ્બર પંડિત દીનદયાલ ઉપાધ્યાય જન્મજયંતિને અંત્યોદય દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ પંડિત દીનદયાલ એક રાષ્ટ્રવાદી નેતા હતા જેઓએ ગરીબ અને દલીતોના હિતો માટે કામ કર્યું હતું.
- ✓ અંત્યોદય શબ્દનો અર્થ - ઉત્થાન.
- ✓ આ દિવસ ઉજવવાની શરૂઆત વર્ષ 2017થી થઇ.
- ✓ 2021ની થીમ - સમાજના ગરીબ અને નબળા લોકોનો વિકાસ.

❖ એર ગન શરણાગતિ અભિયાન

- ✓ નિવૃત વનકર્મીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ પશૂ-પક્ષીનો શિકાર અટકાવવા આ અભિયાન શરૂ કર્યું.

- ✓ આ અભિયાનની શરૂઆત અરૂણાચલ પ્રદેશ સરકારે કરી છે ને આવનારા સમયમાં સમગ્ર દેશમાં લાગુ કરાશે.
- ✓ એરગન માટે લાયસન્સ જરૂરી ન હોવાથી શિકાર માટે તેનો ઉપયોગ થાય છે.
- ✓ કેન્દ્રીય વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન રાજ્યમંત્રી- અશ્વિનીકુમાર ચૌબે.

---------- કરન્ટ ઇન શોર્ટ ----------

- ✓ ગુજરાત વિધાનસભા અધ્યક્ષ તરીકે ડૉ. નીમાબહેન આચાર્યની વરણી. રાજ્યનાં પ્રથમ મહિલા અધ્યક્ષ. ભાજપ દ્વારા કચ્છ જિલ્લાની ભૂજ બેઠક પરથી ધારાસભ્ય.
- ✓ અમેરિકા મુલાકાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી 5 CEO ને મળ્યા. જેમાં એડોબના શાંતનુ નારાયણ, જનરલ એટોમિક્સના વિવેક લાલ, ક્વાલકોમના ક્રિસ્ટ્રીયાનો ઇ. એમોન, ફસ્ટ સોલરના માર્ક વિડમાર અને બ્લેકસ્ટોટના સ્ટિફન એ વાર્જમાનનનો 'વિલાર્ડ ઇન્ટરકોન્ટિનેન્ટલ' હોટલમાં રોકાશે.
- ✓ વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, દહેજની ફેક્ટરીઓમાંથી નિકળતા 2, 40, 40-B જેવા ફીનોક્ષી રસાયણના કારણે 10 વર્ષથી જમીન અને પાકોને નુકશાન થયું હોવાના અહેવાલ.
- ✓ ભારતના લેજન્ડરી ક્યુઇસ્ટ પંકજન અડવાણીએ દુબઇમાં રમાયેલી સિક્સ રેડ સ્નૂકરનં 24મું વર્લ્ડ કપ ટાઇટલ જીત્યું.
- ✓ અભિનેતા નવાજુદ્દીન સિદ્દીકી અને વીર દાસને 'આર્યા' માટે 2021નો આંતરરાષ્ટ્રીય એમી પુરસ્કાર એનાયત કરાયો.
- ✓ ફહદ ફાસિલની મલયાલમ ફીચર ફિલ્મ 'જોજી' (Joji) ને સ્વીડીશ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલમાં 'સર્વ શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મ' નો પુરસ્કાર મળ્યો.
- ✓ અવીક સરકાર PTI (પ્રેસ ટ્રસ્ટ ઇન્ડિયા) ના અધ્યક્ષ નિયુક્ત થયા.

## 26 સપ્ટેમ્બર

- ❖ ડિજિટલ ક્વોલિટી ઓફ ઇન્ડેક્સમાં ભારત 59મા સ્થાને.
  - ✓ ડિજિટલ ક્વોલિટી ઓફ લાઇફ ઇન્ડેક્સ 2021 બ્રિટિશના વર્જિન આઇલેન્ડ સ્થિત સાયબર સિક્યુરિટી કંપની 'સર્ફશાર્ક' દ્વારા તૈયાર કરાયો.
  - ✓ સતત બીજા વર્ષે આ યાદીમાં ડેન્માર્ક પ્રથમ ક્રમાંકે અને ત્યારબાદ દક્ષિણ કોરિયા અને ફિનલેન્ડનો સમાવેશ થાય છે.
  - ✓ 5 મૂળભૂત ડિજિટલ સેવાઓના સમૂહના આધારે મૂલ્યાંકન થતા આ ઇન્ડેક્સમાં ઇગવર્નન્સમાં ભારતનો 33મો અને ઇન્ટરનેટ પરવડે તેવી શ્રેણીમાં 47મો ક્રમ છે.
  - ✓ 5 મૂળભૂત ડિજિટલ સેવાઓમાં ઇન્ટરનેટની ગુણવત્તા, ઇન્ટરનેટની કિંમત, ઇલેક્ટ્રોનિક ઇન્ફ્રાસ્ટ્રકચર, ઇલેક્ટ્રોનિક્સ સુરક્ષા, ઇલેક્ટ્રોનિક સરકારનો સમાવેશ થાય છે.
  - ✓ આ અહેવાલ મુજબ ભારતમાં મોબાઇલ ફોન પર ઇન્ટરનેટની ઝડપ 12.33mbps સાથે સૌથી ધીમી અને ઇન્ટરનેટનો ઉપયોગ કરનાર વ્યક્તિઓની સંખ્યામાં દેશ 95મા ક્રમે છે.
- ❖ સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ ખાધ કાર્યક્રમ (WFP) ને ICRISAT સાથે ભાગીદારી કરી.

- ✓ ICRISAT - ઇન્ટરનેશનલ ક્રોપ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ ફોર ધ સેમી અરિડ ટોપિક્સ.
- ✓ આ ભાગીદારી અંતર્ગત ભારતમાં ખોરાક, પોષણ સુરક્ષા અને તેની સાથે જોડાયેલી બાબતો માટે કાર્યક્રમો હાથ ધરાશે.
- ✓ સમગ્ર કાર્યક્રમનો ઉદ્દેશ્ય માત્ર ભારત જ નહિ પરંતુ પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે સબંધિત પોલિસી પોજિશન્સ માટે વિચારો અને માળખા બનાવવાનું છે.
- ✓ આ ભાગીદારીનો એક મહત્વપૂર્ણ ભાગ ભારતમાં રાજ્ય સ્તરે નબળાઇના વિશ્લેષણ પર કેન્દ્રિત રહેશે અને સારી ખાધ પ્રણાલીના અભિગમને વિકસાવવા તરફ નિર્દેશિત કરવામાં આવશે.

❖ ARAI એ ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ સાથે કરારો કર્યા.
- ✓ ARAI - ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઇન્ડિયા.
- ✓ ARAI અને ભારત ઇલેક્ટ્રોનિક્સ લિ. (BHEL) સાથે મળીને વાહનો માટે સ્વદેશી ચાર્જર વિકસિત કરશે.
- ✓ આ ચાર્જરની કિંમત રૂ. 50,000 - 60,000 આસપાસ નક્કી કરાય છે.
- ✓ ARAI ના ડિરેક્ટર - રેજી મથાઇ

❖ ઉત્તર અમેરિકાના ન્યુ મેક્સિકોમાંથી સૌથી જૂના માનવ પગનાં નિશાનો મળી આવ્યાં.
- ✓ આ અવશેષો દર્શાવે છે કે લગભગ 23,000 વર્ષો પહેલાં માનવ ઉત્તરી અમેરિકામાં હોવાનું જણાય છે.
- ✓ આ અગાઉ, પગનાં નિશાન 2009માં વ્હાઇટ સૈન્ડ્સ નેશનલ પાર્કમાં એક સૂકાઇ ગયેલ ઝરણાંમાંથી મળ્યાં છે.

❖ OP જિંદલ ગ્લોબલ યૂનિવર્સિટીએ સોલી જે સોરાબજી એડોમેંટ એવોર્ડની ઘોષણા કરી.
- ✓ આ પુરસ્કાર વિધાર્થીઓના માનવાધિકાર કાનૂન અને સિદ્ધાંત ક્ષેત્રે કામ કરનારને પ્રતિવર્ષ આપવામાં આવશે.
- ✓ આ પુરસ્કાર દર વર્ષે 9 માર્ચે સોરાબજી જયંતીના અવસરે અપાશે.
- ✓ સોલી સોરાબજી વાણી અને અભિવ્યક્તિની આઝાદીના લડવૈયા હતા અને તેમણે ભારતના સર્વોચ્ચ અદાવતમાં કેશવાનંદ ભારતી અને એસઆર બોમ્બાઇ કેસમાં તથા આવા ઘણાં જ કેસોમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનો બચાવ કર્યો હતો.
- ✓ આ એવોર્ડ અને સાથે આપવામાં આવતી શિષ્યવૃતિની સ્થાપના વરિષ્ટ વકીલ સાત્વિક વર્મા દ્વારા કરવામાં આવેલ છે જે આવનારા 20 વર્ષ માટે આપવામાં આવશે.

❖ 26 સપ્ટેમ્બરઃ- International Day for the Total Elimination of Nuclear Weapons (પરમાણુ શસ્ત્રની સંપૂર્ણ નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ)
- ✓ વર્ષ 2031માં સંયુક્ત રાષ્ટ્ર સંઘે આ દિવસ ઉજવવાનું નક્કી કર્યું હતું.
- ✓ UN - United Nation વર્ષ 1946થી પરમાણુ શસ્ત્રોની નાબૂદી માટે પ્રયત્ન કરતું આવ્યુ છે.
- ✓ આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ પરમાણુ શસ્ત્રો દ્વારા માનવજીવનને થતા વ્યાપક નુકશાન અંગે જાગૃતિ લાવવાનો છે.

❖ અરૂણાચલ પ્રદેશ ખાતે પરશુરામ કુંડનો શિલાન્યાસ થયો.
- ✓ કેન્દ્રીય પર્યટન મંત્રી જી કિશન રેડ્ડીએ અરૂણાચલના લોહિત જિલ્લામાં પરશુરામ કુંડનો શિલાન્યાસ કર્યો.
- ✓ આ કુંડ PRASHAO (પ્રસાદી) (Pilgrimage Rejuvenation and Spiritual, Heritage Augmentative Drive) યોજના હેઠળ બનાવાશે.
- ✓ કુંડ લોહિતનદી પાસે આવેલ છે જ્યારે દર વર્ષે મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે પવિત્ર સ્નાનનો મહિમા છે.

- ✓ પ્રસાદ યોજના 2014-15માં પ્રવાસન મંત્રાલય દ્વારા શરૂ કરાઇ હતી જે સંપૂર્ણ નાણાકિય સહાય આપતી યોજના છે.
- ✓ અરૂણાચલ પ્રદેશના CM - પ્રેમા ખાંડુ.

❖ કોરોના બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સૌથી લાંબી વિદેશ યાત્રા.

- ✓ વડાપ્રધાન આ વિદેશયાત્રા દરમિયાન અમેરિકાની મુલાકાતે ગયા.
- ✓ આ મુલાકાત ભારતના ચીન સાથેના તણાવભર્યા સબંધો અને અફઘાનિસ્તાનમાં તાલિબાની રાજ પછી બદલાયેલા આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વિશેષ મહત્વની છે.
- ✓ આ મુલાકાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત 13 કલાકની મુસાફરી કરીને સીધા અમેરિકા પહોંચનાર પ્રથમ વડાપ્રધાન બન્યા.
- ✓ એરક્રાફ્ટ એરઇન્ડિયાના વન પ્લેસ વિમાન કે જે વચ્ચે ફ્યુઅલ ભરાવ્યા વિના લાંબી યાત્રા કરવા સક્ષમ છે અને ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાનની વિદેશ મુલાકાત માટે ઉપયોગમાં લેવામાં 2020ના ઓક્ટોબર મહિનાથી શરૂ કર્યુ, તેમાં વડાપ્રધાન મોદીએ આ યાત્રા દરમિયાન મુસાફરી કરી.

---------------- કરન્ટ ઇન શોર્ટ -------------

- ✓ વિનીતા એરોમોબોલિટી તમિલનાડુના ચેન્નાઇ સ્થિત સ્ટાર્ટઅપની યુવા ટીમે એશિયાની પ્રથમ હાઇબ્રીડ ફ્લાઇંગ કારના કોન્સેપ્ટ આધારિત મોડલ વિકસાવ્યું.
- ✓ પેલેસ્ટાઇનમાં સક્રિય હમાસ ઉગ્રવાદીઓના રોકેટ હુમલાથી ઇઝરાયેલની સુરક્ષાવાળી 'આયરન ડોમ સિસ્ટમ' હવે અમેરિકા પોતાની સેનામાં સામેલ કરશે.
- ✓ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) તથા કોરોનાની નેશનલ ટાસ્કફોર્સ દ્વારા 'આઇવરમેકિટન' અને 'હાઇડ્રોક્સિક્લોક્વિન' (HCQ)ને કોરોનાની સારવારમાંથી હટાવવામાં આવી.
- ✓ ફ્રાન્સનાં છેલ્લાં રાણી એન્ટોઇનેટ્ટેના તેમના પતિ કિંગ લુઇસ 14માએ ભેટ આપેલ બ્રેસલેટ ક્રિસ્ટીંસ ઓક્શન હાઉસ 30 કરોડ રૂ.ની બેઝ પ્રાઇઝ સાથે હરાજી કરશે.
- ✓ ગૂગલે એન્ડ્રોઇડ ફોનમાં બે નવા ફીચર 'પ્રોજેક્ટ એક્ટિવેટ' અને 'કેમેરા સ્વિચ' ઉમેર્યાં. જેનાથી મૂક-બધિર કે હાથ વિનાના લોકો ચહેરાના હાવભાવથી ફોન ઓપરેટ કરી શકશે.
- ✓ અમેરિકાની સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સી (CIA)એ હવાના સિન્ડ્રોમના કેસમાં વધારાને ગંભીરતાથી ન લેવા બદલ વિયેના સ્ટેશન પ્રમુખને બરતરફ કર્યા.
- ✓ રોહિત શર્મા IPL ના ઇતિહાસમાં કોઇ 1 (એક) ટીમ સામે 1000 રન બનાવનાર પ્રથમ ખેલાડી બન્યા.
- ✓ કાવેરી બમજઇને 'The Three Khans : and the emergence of new Indian' પુસ્તક લખ્યું.
- ✓ બંગાળની ખાડીમાં ચક્રવાત 'ગુલાબ' સક્રિય થયું. આ ચક્રવાત ગોપાલપુરથી લગભગ 500km દક્ષિણ પૂર્વમાં રચાયું. અને તૌકતે તથા યાસ બાદ 2021નું ત્રીજું ચક્રવાત છે. (ભારતમાં)
- ✓ કેરળની બે બહેનો ટેરેસા અને અગ્નેસે 193 દેશના રાષ્ટ્રગીત ગાઇ રેકોર્ડ બનાવ્યો. બંનેએ ઓસ્ટ્રેલિયાના બ્રિસબેનમાં સેન્ટ જોન્સ કેથેડ્રૂલમાં આ પ્રસ્તુતિ આપી હતી અને 'ઓસ્ટ્રેલિયન બુક ઓફ રેકોર્ડસ'માં સ્થાન મેળવ્યું.
- ✓ અમેરિકન એન્જિનિયરોએ સૌથી નાની ઉડતી ઇલેક્ટ્રોનિક માઇક્રો ચિપ બનાવી છે. ઇલિનોઇસની નોર્થ વેસ્ટર્ન યુનિ.એ આ 'માઇક્રો ફ્લાયર' તૈયાર કરી આ ચિપની મદદથી વાયુ પ્રદૂષણ, હવામાં સંક્રમણ વાઇરસ શોધવામાં ઉપયોગ થશે.

- ✓ બિહારના નાલંદાની જુવેનાઇલ કોર્ટના ચીફ જજ માનવેન્દ્ર મિશ્રએ એક ચુકાદામાં બાળકને મીઠાઇ ચોરીના આરોપમાંથી મુક્ત કર્યો આ ઘટનાને ભગવાન કૃષ્ણની માખણચોરીની બાળલીલા સાથે સરખાવી બાળકો પ્રત્યે સહિષ્ણુ અને સહનશીલ બનવા માટેની સલાહ આપી.
- ✓ સના રામચંદ ગુલવાની પાકિસ્તાનના પ્રથમ હિંદૂ મહિલા સિવિલ સેવક બન્યા.
- ✓ અફઘાનિસ્તાનમાં IPLના પ્રસારણ પર પ્રતિબંધ લગાવાયો.

**27 સપ્ટેમ્બર**

❖ ચેન્નઇ મધ્યસ્થ રેલવે સ્ટેશન સંપૂર્ણ સૌર ઉર્જાથી ચાલતું પ્રથમ રેલવે સ્ટેશન બન્યુ.
- ✓ આ રેલવે સ્ટેશનનું નામ ડૉ. એમ. જી. રામચન્દ્રન (DRM) અથવા ચેન્નલઇ સેન્ટ્રલ રેલવે સ્ટેશન છે જે દક્ષિણ-મધ્યભારત રેલવે અંતર્ગત કાર્યરત છે.
- ✓ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કરેલા ટિવટ અનુસાર અહીં 1.5 mw (મેગાવોટ)ની સોલાર પાવર ક્ષમતા સ્થાપિત કરવામાં આવ્યું.
- ✓ ચેન્નઇ રેલવે સ્ટેશને 'એનર્જી ન્યુટ્રલ' રેલવે સ્ટેશનના ખ્યાલ અંતર્ગત ભારતીય રેલવેને 'નેટ શૂન્ય કાર્બન ઉત્સર્જન' તરફ આગળ વધારવાનું ઉદાહરણ પુરૂ પાડ્યુ છે.
- ✓ ભારત વર્ષ 2030 સુધીમાં વિશ્વના સૌથી મોટા નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જન ધરાવતા ગ્રીન રેલવે નેટવર્ક સ્ટેશનો સ્થાપવાનો ઉદ્દેશય ધરાવે છે.

❖ HAL અને એલાયન્સ એર વચ્ચે વિમાનો સ્થાપિત કરવા કરાર
- ✓ HAL - હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ.
- ✓ આ કરારો અરૂણાચલ પ્રદેશમાં સિવિલ ડી-228 'એરક્રાફ્ટને સ્થાપિત કરવા માટે કરાયા છે.
- ✓ HAL - 00-228 એક બહુમુખી વિમાન છે જે ઉત્તર-પૂર્વના વિસ્તારોમાં સરળતાથી ટુંકા વિસ્તારમાં ટેક-ઓફ અને લેન્ડિંગની સુવિધા પૂરી પાડે છે. વિશેષત: તે અર્ધ તૈયાર રનવે પર પણ ટેક-ઓફ તથા લેન્ડિંગ કરી શકે છે.
- ✓ HAL -228 એ 19 સીટનું મલ્ટિરોલ યુટીલિટી એરક્રાફ્ટ છે. જે વિવિધ પ્રવૃતિઓ જેવી કે VIP ટ્રોન્સપોર્ટ, પેસેન્જર ટ્રાન્સપોર્ટ, એર એમ્બ્યુલન્સ, ફલાઇટ ઇન્સ્પેક્શન રોલ્સ, પેરા જમ્પિંગ, ફોટોગ્રાફી, એરિયલ સર્વેલન્સ (વાતાવરણીય દેખરેખ) જેવી બાબતો પૂરી પાડે છે.
- ✓ અરૂણાચલ પ્રદેશ: CM - પેમા ખાંડુ, ડે. CM - ચૌના મેઇન.

❖ રાજસ્થાની મહેંદીને મળ્યો GI ટેગ.
- ✓ રાજસ્થાનની 'સોજત મહેંદી' માત્ર વરસાદના પાણી અધારિત કરવામાં આવે છે. જેથી તેની ગુણવત્તા વિશેષ રીતે વધારી શકાય.
- ✓ GI ટેગનો ઉપયોગ નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં ઉત્પન્ન થતી ખેતપેદાશ, પ્રાકૃતિક પેદાશોને આપવામાં આવે છે. એકવાર GI ટેગ મળેલ વસ્તુના નામનો કે વસ્તુને વેચવા માટે ખાનગી વ્યક્તિ ઉપયોગ કરી શકતો નથી.
- ✓ GI ટેગ એક સમયે 10 વર્ષ માન્ય રહે છે. ત્યારબાદ તેને રિન્યૂ પણ કરી શકાય છે.

❖ 27 સપ્ટેમ્બર:- World Tourism Day (વિશ્વ પ્રવાસન દિવસ)
- ✓ વર્ષ 1980તી UN- યુનાઇટેડ નેશન દ્વારા 27સપ્ટેમ્બરને વિશ્વ પ્રવાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

- ✓ આ દિવસની ઉજવણીનો હેતુ વિશ્વમાં પ્રવાસન સ્થળો થકી સાંસ્કૃતિક વારસાને લોકો સુધી પહોંચાડી તેમાંથી જે - તે સ્થાનિક પ્રદેશને આર્થિક લાભ પ્રદાન કરવાનો છે.
- ✓ વર્ષ 2021ની થીમ : Tourism for Inclisive Growth.
- ✓ વર્ષ 2021નો યજમાન દેશ : Republic of Cote d'Ivoire (પશ્ચિમના આફ્રિકાના દક્ષિણે આવેલો દેશ)
- ✓ વર્ષ 2019માં ભારત યજમાન હતો.

❖ QUAD (ક્વાડ સંમેલન) :-

- ✓ QUAD = Quadrilateral Sacristy Dialogue.
- ✓ QUAD દેશો - United States4 India, Japan, Australia.
- ✓ QUAD દેશો વચ્ચે થતા યુદ્ધઅભ્યાસો 'મલાબાર સમુદ્રી' યુદ્ધઅભ્યાસ તરીકે ઓળખાય છે.
- ✓ તાજેતરમાં વોશિંગ્ટન ડી.સી. ખાતે QUAD શિખર સંમેલનનું આયોજન થયું હતું.
- ✓ આ સંમેલનમાં ભારતના વડા નરેન્દ્ર મોદી, ઓસ્ટ્રેલિયાના વડા સ્કોટ મોરિસન, જાપાનના વડા યોશિહીદે સુગા હાજર રહ્યા અને 'ક્વાડ ફેલોશિપ યોજના' લોન્ચ કરી.
- ✓ આ યોજના હેઠળ અમેરિકા STEM યુનિવર્સિટીમાં ડાયરેક્ટ ડીગ્રી માસ્ટર ડીગ્રી મેળવવા માટે દર વર્ષે 100 વિધાર્થીઓને સ્પોન્સર કરશે.
- ✓ જાપાન બેન્ક ફોર ઇન્ટરનેશનલ કોઓપરેશનના માધ્યમથી ભારતમાં લગભગ 100 મિલિયન ડૉલરનું રોકાણ સ્વાસ્થ્ય ક્ષેત્રમાં કરી રસી અને દવાઓ ક્ષેત્રે નવા સંશોધનો કરાશે.
- ✓ આ બેઠકમાં QUAD દેશોએ વિશ્વને 1.2 અરબ રસીના ડોઝ પૂરા પાડવાનો સંકલ્પ લીધો છે.

❖ ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે શરૂ થશે IBX

- ✓ IBX = International Bullion Exchange.
- ✓ IFSCA = International Finance System Code Authority.
- ✓ ગાંધીનગર ખાતે 1 ઓક્ટોબર, IFSCAની સ્થાપનાદીન નિમિત્તે IBX શરૂ થશે.
- ✓ ભારતના આયાતી સોનાના આંતરરાષ્ટ્રીય ભાવો IBX દ્વારા નક્કી થશે. જેનાથી સોનાની આયાતી કિંમત નક્કી કરાશે.
- ✓ વૈશ્વિક લેવલે IBX સોનાના ભાવો પર નજર રાખવાનું કામ કરે છે.
- ✓ IBXની સ્થાપના બાદ 5 ગ્રામથ 1kg સુધીના સોનાનું ટ્રેડિંગ કરી શકાશે. અને આ ટ્રેડિંગ એક્સેંજનું સંચાલન IIBHL (India International Bullion Holding) દ્વારા થશે.

❖ FSL યુનિ.માં 'ફોરેન્સિક જસ્ટિસ અને પોલિસી કોર્સ' શરૂ થશે.

- ✓ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે આ કોર્સ શરૂ થશે.
- ✓ આ પ્રકારની સ્કૂલિંગ સિસ્ટમ શરૂ કરવાનો ઉદ્દેશ્ય કાયદાકીય ચૂકાદામાં પૂરાવાના અભાવે થતા વિલંબમાં ઘટાડો કરવાનો છે.
- ✓ અહીં ડેટા સાયન્સ એન્ડ લો- નામનો અભ્યાસક્રમ શરૂ કરાશે. જે એલએલબી - એલએલએમ કરેલા વ્યક્તિઓ કરી શકશે.
- ✓ કેન્દ્રીય કાયદા મંત્રી - કિરજ રિજ્જુ
  રાજ્ય કાયદા મંત્રી (ગુજરાત) - રાજેન્દ્ર ત્રિવેદી

---------- કરન્ટ ઇન શોર્ટ -------------

- ✓ વોટ્સએપ એ તેના બીટા વર્ઝનમાં ફોટા સ્ટિકરમાં ફેરવવાની સવિધા શરૂ કરી.

- ✓ ઉત્તરપ્રદેશ રાજ્ય સરકારે ઇલેક્ટ્રોનિક પાર્ક સ્થાપિત કરવાની જાહેરાત કરી.
- ✓ હાલમાં સ્થાપિત સૌર ઊર્જા ક્ષમતામાં રાજસ્થાન ટોચ પરનું રાજ્ય.
- ✓ વડાપ્રધાન મોદીએ ત્રણ દીવસીય અમેરીકી પ્રવાસમાં 65 કલાકમાં 20 બેઠકોમાં હાજરી આપી.
- ✓ અમેરિકાએ મ્યાનમારના 7 લાખ રોહિંગ્યા શરણાર્થીઓની મદદ કરવા માટે 180 મિલિયન અમેરિકી ડૉલરની સહાય કરવાની જાહેરાત કરી.
- ✓ વિશ્વના સૌથી મોટા વિડીયો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ યુટ્યુબ પર હવે યુઝર્સ અન્ય ભાષામાં થયેલી કમેન્ટને ટ્રાન્સલેશન બટનનો ઉપયોગ કરીને વાંચી શકશે.
- ✓ એમેઝોન ઇન્ડિયાએ તેના વોઇસ શોપિંગ ફીચરમાં હિંદી ભાષાનો સમાવેશ કર્યો જેનાથી ગ્રાહક હિંદીમાં બોલીને સર્ચ કરી શકશે. અમેઝોન અન્ય મરાઠી, બંગાળી, અંગ્રેજી, કન્નડ, તમિલ, તેલુગુ, મલયાલમ ભાષા ચોઇસ શોપિંગ ફીચરમાં ધરાવે છે.
- ✓ સ્માર્ટફોનથી દૂર થવાથી પેદા થતો કાલ્પનિક ભય 'નોમોફોબિયા'(નો-મોબાઇલ - ફોબિયા).
- ✓ ભારતીય મહિલા ફાસ્ટ બોલર ઝૂલન ગોસ્વામી 600 વિકેટ પૂરી કરનાર વિશ્વની પ્રથમ મહિલા બોલર બની.

## 28 સપ્ટેમ્બર

❖ મહિલાઓને ડેરી ક્ષેત્રે પ્રશિક્ષણ આપવા માટે NCWએ કાર્યક્રમ લોન્ચ કર્યો

- ✓ NCW = National Commission for Women
- ✓ આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ડેરી ઉત્પાદનથી ગ્રામીણ મહિલાઓને આર્થિક રૂપે સ્વતંત્ર તથા સક્ષમ બનાવવાનો છે.
- ✓ આ કાર્યક્રમ હરિયાણાના હિસાર ખાતે મહિલા સ્વ સહાય ગૃપ માટે વેલ્યુ એડેડ ડેયરી પ્રોડક્ટસના રૂપે આયોજિત કરાયો હતો.
- ✓ આ તાલીમ આપવા માટે NCW અને ભારતભરની કૃષિ યુનિવર્સિટી સંયુક્ત રીતે પ્રયાસ કરશે.
- ✓ NCW ચેરપર્સન - રેખા શર્મા

❖ દેખો મેરી દિલ્હી મોબાઇલ એપ.

- ✓ દિલ્હી CM અરવિંદ મેજરીવાલ દેખો મેરી દિલ્હી એપ્લીકેશન લોન્ચ કરી.
- ✓ આ એપ અંતર્ગત દિલ્હીના તમામ ઐતિહાસિક અને પ્રસિદ્ધ સ્થળોની જાણકારી આપવામાં આવશે. જેનાથી આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને દિલ્હી વિષયક માહિતી મેળવવામાં સરળતા રહેશે.
- ✓ આ એપ આસપાસના 5 kmના વિસ્તારમાં આવેલ સ્થળોની માહિતી આપશે તથા આવનાર મુસાફર/ પ્રવાસી ટિકિટની ઓનલાઇન ખરીદી પણ આ એપની મદદથી કરી શકશે.

❖ ભારત અને ઓમાનની નેવી વચ્ચે કરારો થયા.

- ✓ રોયલ નેવિ ઓમાનના કમાંડર-રિયર એડમિરલ સૈફ બિન નાસિર બિન મોહસેન અલ-રહબી તથા ભારતીય નૌસેનાની ચીફ-એડમીરલ કરમવીર સિંશ વચ્ચે આ કરારો હસ્તાક્ષર કરાયા.
- ✓ આ કરારો વ્હાઇટ શિપિંગ ઇન્ફોર્મેશન એક્સચેન્જની સમજૂતી માટે કરાયા છે.
- ✓ આ સમજૂતીથી ઓમાન મારફતે ભારત વેપારી શિપિંગ ટ્રાફિક પરની માહિતીની આપ-લે સરળતાથી કરી શકશે અને તેનાથી સામુહિક સુરક્ષાઅને સલામતીમાં વધારો થશે.

❖ વડાપ્રધાન ખાસ લક્ષણો ધરાવતી 35 પ્રકારની વનસ્પતિ / પાકોની જાતો સમર્પિત કરશે.

- ✓ આબોહવા સબંધિત તકનીકો અપનાવવાની જનજાગૃતિ લાવવા પ્રધાનમંત્રી ICAR (Indian Council of Agricultural Reserch) સંસ્થાઓમાં આયોજિત પાન ઇન્ડિયા કાર્યક્રમમાં 35 પ્રકારના પાકોની જાતો સમર્પિત કરશે.
- ✓ આ સાથે જ વડાપ્રધાન રાયપુરના નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ બાયોટિક સ્ટ્રેસ મેનેજમેન્ટના વનનિર્મિત કેમ્પસનું પણ ઉદ્ઘાટન કરશે.
- ✓ નવી વિકસિત પાકોની જાત પ્રાણીઓ અને મનુષ્યની સ્વાસ્થ્ય પર થતી અસરો ઘટાડે છે.
- ✓ આ પ્રસંગે પ્રધાનમંત્રી રાજ્ય અને કેન્દ્રની યુનિવર્સિટીના કેમ્પસને વધુ હરિયાળા અને સ્વચ્છ બનાવવા બદલ ગ્રીન કેમ્પસ એવોર્ડસ પણ એનાયત કરશે.

❖ રાષ્ટ્રીય સેવા યોજના પુરસ્કાર.

- ✓ ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે વર્ષ 2019-20ના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) પુરસ્કરો એનાયત કર્યા.
- ✓ કોલેજો / યુનિવર્સિટીઓ, NSS અધિકારીઓ, NSS સ્વયંમ સેવકો દ્વારા કરવામાં આવેલ સ્વૈચ્છિક સેવાઓના પ્રદાન બદલ આ પુરસ્કાર અપાય છે.
- ✓ 3 અલગ અલગ વિભાગોમાં મળી 42 એવોર્ડ અપાયા.
- ✓ NSS (National Service Scheme) ના વિચાર અને અભિગમો મહાત્મા ગાંધીની વિચાર શરણી સાથે મળતા આવતા હોવાથી યુવા બાબતો અને રમર મંત્રાલયે વર્ષ 1969 માં મહાત્મા ગાંધીજીની યાદમાં આ પુરસ્કારો શરૂ કર્યા હતા.

❖ MDD બાયોસ્ફિયર.

- ✓ MDD - Mura (મુરા) Drava (દ્રવા) Danube (ડેન્યૂબ)
- ✓ UNESCO એ વિશ્વનું પ્રથમ, પાંચ દેશો - ઓસ્ટ્રેલિયા, સ્લોવેનિયા, ક્રોયેરિયા, હંગેરી અને સર્બિયામાં ફેલાયેલ બાયોસ્ફિયર રિઝર્વ MDD ને જાહેર કર્યું.
- ✓ મુરા, દ્રુવા અને ડેન્યૂબ એ નદીઓ છે અને MDD બાયોસ્ફિયર 700 કિમીનો વિસ્તાર કવર કરે છે.
- ✓ આ ભાગમાં યુરોપની વિવિધ પ્રજાતિઓ સાથેનો ધનિક પ્રદેશ છે. તથા વાર્ષિક આશરે 2,50,000થી વધુ જળચરો અહીં સ્થળાંતરિત થાય છે.
- ✓ હાલ ભારતમાં 18 બાયોસ્ફિયર રિઝર્વ છે જેમાંથી 12ને UNESCO એ 'મેન એન્ડ બયોસ્ફિયર' રિઝર્વની યાદીમાં મૂક્યા છે.

❖ 28 સપ્ટેમ્બર:- World Rabis Day. વિશ્વ હડકવા દિવસ

- ✓ દિવસની ઉજવણીનો મૂળ હેતુ હડકવા સંબંધિત માહિતીથી લોકોને માહિતગાર કરવાનો છે.
- ✓ વર્ષ 2007 થી Global Alliance for Rabies Control Rizal દ્વારા આ દિવસ ઉજવાય છે.
- ✓ રેબિઝ એક પ્રજાતિમાંથી બીજી પ્રજાતિમાં ફેલાતી વાઇરસ જન્ય બિમારી છે.
- ✓ લૂઇસા પાશ્વર હડકવાની રસીના શોધક છે તથા તેમના નિર્વાણદિન 28 સપ્ટેમ્બરને વિશ્વ હડકવા દિવસ તરીકે ઉજવાય છે.

❖ બિઝનેસ લીડર ઓફ ધ યર એવોર્ડ ડૉ. આર. એસ. સોઢીને અપાયો.

- ✓ આર. એસ. સોઢી અમૂલના મેનેજિંગ ડિરેક્ટર છે જેમને International Adevertising Association of India (IAA) દ્વારા આ એવોર્ડ અપાયો છે.
- ✓ AMUL V Ananad Milk Union Limited.
- ✓ ડૉ. સોઢીએ તેમના છ વર્ષના ડિરેક્ટર કાર્યકાળમાં અમૂલનું ટર્ન ઓવર 50,000 કરોડ કરીને મેળવેલી સિદ્ધી આ એવોર્ડ માટે મુખ્ય જવાબદાર પાસુ છે.

- ✓ વિશેષ ડૉ. સોઢીને ઇન્ટરનેશનલ હોસ્પિટાલિટી કાઉન્સીલ લંડન તથા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ હોટેલ મેનેજમેન્ટ દ્વારા લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ પણ અપાયો છે.
- ✓ અમૂલની સ્થાપના - ત્રિભુવનદાસ પટેલે ગુજરાતના આણંદ ખાતે વર્ષ 1946 માં ગુજરાત કો.ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડના નામે કરી હતી.

❖ Bijoya Sanskrutik Mahotsav - કોલકત્તા.

- ✓ આ આયોજન ભારતીય સેના દ્વારા કરવામાં આવ્યુ. જે ત્રણ દિવસ માટે છે.
- ✓ ભારત -પાક યુદ્ધ 1971ની સુવર્ણજયંતીના ભાગ રૂપે આ મહોત્સવનું આયોજન કરાયુ હતું.
- ✓ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન આર્મી કમાન્ડર લે.જનરલ મનોજ પાંડેએ કર્યું.
- ✓ ભારત અને પાક. વચ્ચે થયેલા આ યુદ્ધનો અંત બાંગ્લાદેશની રચનાથી આવ્યો અને અગત્યની ઘટના એ હતી કે આ યુદ્ધમાં ભારતીય સેનાના ત્રણેય દળો (હવા, જમીન, નૌકા) એ ભાગ ભજવ્યો હતો.

❖ ડાર્ક એનર્જી.

- ✓ સંશોધકોની ટીમે પ્રથમ વખત ડાર્ક એનર્જી શોધી કાઢી XENONIT નામનો આ પ્રયોગ, વિશ્વનો સૌથી સંવેદનશીલ ડાર્ક મેટર પ્રયોગ, ઇટાલીની INFN લેબોરેટરીના ભૂગર્ભ ભાગમાં હાથ ધરાયો હતો.
- ✓ ડાર્ક એનર્જીએ ઉર્જાનું રહસ્યમય સ્વરૂપ છે જે બ્રહ્માણનોલ લગભગ 68% ભાગ બનાવે છે.
- ✓ આ પ્રયોગનો હેતુ લિક્વિડ ઝેનોન ટાર્ગેટ ચેમ્બરમાં પરમાણુ રિકોઇલ દ્વારા દુર્લભ પ્રતિક્રિયાઓથી સુક્ષ્મ કણો શોધવાનો છે.
- ✓ ડાર્ક મેટર આકાશગંગાઓને એકસાથે આકર્ષે છે જ્યારે ડાર્ક એનર્જી આપણા બ્રહાંડના વિસ્તરણનું કારણ બને છે.
- ✓ અહિં ડાર્ક શબ્દ અજ્ઞાત વસ્તુઓને દર્શાવવા માટે વપરાય છે.
- ✓ ડાર્ક એનર્જી બ્રહાંડમાં રહેલી કોઇ ખાલી અવકાશીય જગ્યા સ્વરૂપ ધારવામાં આવે છે પરંતુ હકીકતે આવી કોઇ જગ્યાનું અસ્તિત્વ ન હોવાને કારણે વિજ્ઞાનીઓ માટે સૈધ્ધાંતિક રીતે ડાર્ક એનર્જી એ ખૂબ ગહન રહસ્ય છે.

------------ કરન્ટ ઇન શોર્ટ -------------

- ✓ સરદાર ભગતસિંહના જન્મ દિવસના અવસરે દિલ્હીની શાળાઓમાં દેશભક્તિ અભ્યાસક્રમની શરૂઆત કરવામાં આવી.
- ✓ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એન. વી. રમન્નાએ સુપ્રીમ કોર્ટમાં મહિલાઓને 50% અનામત આપવાની માંગને સમર્થન આપ્યું.
- ✓ માર્સ ઓરબીટ મિશન એટલે કે મંગળયાન જે 6 મહિના માટે મંગળ પર મોકલાયું હતુ તેણે મંગળની ભ્રમણ કક્ષામાં 7 વર્ષ પૂર્ણ કર્યા.
- ✓ કમલા હેરિસને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના દાદા પી. વી. ગોપાલનની સહીવાળા નોટિફિકેશન તથા ગુલાબી મીનાકારી (વારાણસીની પ્રખ્યાત) યુક્ત ચેસ ગિફ્ટ આપી.
- ✓ ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન સ્કોટ મોરિસનને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મીનાકારીથી બનાવાયેલ એક જહાજની પ્રતિકૃતિ તથા જાપાનના વડાપ્રધાન જોશીહીદે સુમાનને ચંદાનના લાકડામાંથી બનાવાયેલી બુદ્ધની પ્રતિમા ભેટ આપી.
- ✓ આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્રીય સંઘે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પરના એક ખાડા (ક્રેટરી)નું નામ આર્કટિક સંશોધક ‘મેથ્યુ હેન્સન’ પરથી રાખ્યું. હેન્સન અમેરિકન સંશોધક હતા જેઓ 1909માં આર્કટિકના સૌથી દૂરના ઉત્તરબિંદુ પર પહોંચ્યા હતા. વર્ષ 2020માં Columbus GPS Block III ઉપગ્રહને મેથ્યુ હેન્સન નામ અપાયું હતું.

- ✓ 1997માં સંર્ગેઇ બ્રિન અને લૈરી દ્વારા સ્થાપિત ગૂગલે તેનો 23મો જન્મદિવસ ઉજવ્યો. હાલના ગૂગલના CEO સુંદર પીચાઇ.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન યોજના લોન્ચ કરી જે હેઠળ નાગરિકને 14 ડિજિટ ધરાવતું યુનિક હેલ્થ ID કાર્ડ અપાશે.
- ✓ કેરળ હાઇકોર્ટે ઓનલાઇન રમી ગેમ પર મૂકાયેલ રાજ્ય સરકારના પ્રતિબંધને ગેરબંધારણીય ગણાવ્યો જસ્ટિસ ટી.આર. રવિની બેન્ચના ચુકાદા મુજબ બંધારણની કલમ 19(1) (G) વેપાર અને વાણિજ્યનો અધિકાર આ પ્રતિબંધને ગેરબંધારણીય બનાવે છે. જ્યારે કેરળ સરકારે કેરળ ગેમિંગ અધિનિયમ, 1960 હેઠળ આ પ્રતિબંધ મૂક્યો હતો.
- ✓ સૂમો રેસલિંગમાં સૌથી વધુ 1187 જીત મેળવનાર મોંગોલિયા (ટોક્યો) ના સૂમો રેસલ હાકુહો શો એ 36 વર્ષની વયે રેસલિંગમાંથી સંન્યાસ લીધો. હાકુઓએ 2001માં ડેબ્યુ (શરૂઆત) કરી હતી.
- ✓ ઇંગ્લેન્ડના ઓલરાઉન્ડર મોઇન અલીએ (2014માં ડેબ્યુ) ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લીધો તેઓએ ટેસ્ટ ક્રિકેટમાં 2914 રનની સાથે 195 વિકેટ લીધી છે.
- ✓ પાકિસ્તાનના અશાંત પ્રાંત બલેચિસ્તાનના તટીય શહેર ગ્વાદરમાં આવેલ પાક.ના સ્થાપક મોહમ્મદ અલી ઝીણાની પ્રતિમાને આતંકી સંગઠન બલોચ રિપબ્લિકન આર્મી (BLA) એ બોમ્બથી ઉડાવી.

## 29 સપ્ટેમ્બર

- ❖ CAG રિપોર્ટ અને ગુજરાતનું દેવું.
  - ✓ CAGના રિપોર્ટ અનુસાર ગુજરાતનું દેવું GDPના લગભગ 19% છે જે અંદાજિત રૂ.3,15,455 કરોડ થાય છે.
  - ✓ CAGના આ રિપોર્ટમાં એમ પણ કહેવાયુ છે કે 14મા નાણાપંચની ભલામણ અનુસાર 25.76%ની મર્યાદામાં રાજ્યનું દેવું માત્ર 18.96% રહ્યું છે.
  - ✓ CAG - Comptroller & Auditor Genral of India.
  - ✓ ભારતના બંધારણમાં ભાગ-5માં અનુ.148માં CAGની જોગવાઇ છે.
  - ✓ અનુચ્છેદ -151 મુજબ રાજ્યપાલ રાજ્યની વિધાનસભામાં રાજ્યકક્ષાનો CAG રિપોર્ટ રજૂ કરાવશે.
- ❖ રિલાયન્સ દ્વારા વુમન કનેક્ટ ચેલેન્જ હેઠળ દશ સંસ્થાઓને અનુદાન માટે પસંદ કરાશે.
  - ✓ રિલાયન્સ ફાઉન્ડેશન અને યુએસ એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAIA) દ્વારા દશ સંસ્થાઓને અનુદાન અપાશે.
  - ✓ આ અનુદાનતી 17 રાજ્યોમાં 3 લાખથી વધુ મહિલાઓ અને છોકરીઓને ડિજિટલ ટેકનોલોજી ક્ષેત્રે આર્થિક સશક્ત બનાવાશે.
  - ✓ વુમન કનેક્ટ ચેલેન્જ વર્ષ 2020, ઓગસ્ટમાં શરૂ કરવામાં આવી હતી જે અંતર્ગત પસંદ થનાર સંસ્થાઓને 75 લાખથી 1 કરોડનું અનુદાન અપાય છે.
  - ✓ આ ચેલેન્જ હેઠળ 2019માં ભારતમાં મહિલાઓ મોબાઇલ ઇન્ટરનેટના ઉપયોગ સાથે 2020માં વધીને 53% થયો માલિકીની દ્રષ્ટિએ 79% પુરૂષોની સરખામણીએ 67% મહિલાઓ મોબાઇલ ધરાવે છે.
- ❖ AIIMS - ભુવનેશ્વરને ICMR દ્વારા અનુદાન મળ્યું.
  - ✓ આ અનુદાન (રૂ. 47 લાખ) બ્રેઇન બાયો-બેંક સ્થાપિત કરવા માટે અપાશે.
  - ✓ બ્રેઇન બેંક - ભારતના પુર્વીય વિસ્તારની પ્રથમ આ પ્રકારની બેંક હશે.
  - ✓ આ બેંકના મૃત વ્યક્તિઓના માસ્તિષ્કના નમૂનાઓ સંગ્રહ કરી તે ક્ષેત્રના સંશોધનો કરાશે.

- ✓ આ અનુદાનની યોજનાનો સમયગાળો 3 વર્ષનો રહેશે.
- ✓ ICMR - Indian Council of Medical Research.
- ✓ ભુવનેશ્વર - ઓડિશાનું પાટનગર છે તથા ખોધા જિલ્લાનું મુખ્ય મથક છે.
- ✓ ઓડિશા - CM - નવિન પટનાયક રાજ્યપાલ - ગણેશલાલ

❖ S & G સમુહ દ્વારા 11 અફઘાન મહિલાઓને માનવાધિકાર પુરસ્કાર અપાશે.
- ✓ S & G સમુહ - સોશિયલ એન્ડ ડેમોક્રેટિક ગૃપે યૂરોપીયન સાંસદમાં 2021ના સખારોવ પુરસ્કાર માટે મહિલાઓની પસંદગી કરાઇ છે.
- ✓ પસંદગી પામેલ મહિલાઓ કાર્યકર્તા, પત્રકાર તથા શિક્ષણક્ષેત્રે મહિલાઓના અધિકારો માટે અફઘાનમાં લડત આપનારી છે.
- ✓ વિચારોની સ્વતંત્રતા માટે સખારોવ પુરસ્કાર યૂરોપીયન સંઘ દ્વારા અપાતો માનવાધિકાર કાર્યક્ષેત્રનો સર્વોચ્ચ પુરસ્કાર છે.
- ✓ 1988માં નેલ્સન મંડેલા અને એનાટોલી માર્ચેન્કોને પ્રથમ વખત સખારોવ પુરસ્કાર અપાયો હતો.

❖ દિનેશ શાહરાને લાઇફટાઇમ અચીવમેન્ટ ઓવોર્ડ 2021.
- ✓ ખાધતેલ ઉધોગમાં આપવામાં આવેલા યોગદાન બદલ દિનેશ શાહરાને ગ્લોબલ ઇન્ડીયા લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ અપાયો.
- ✓ મધ્યપ્રદેશને ભારત સોયાબાઉલ (Soya Bowl of India) માં પરિવર્તિત કરવામાં તેમનો ફાળો મહત્વનો છે.
- ✓ શહેરાએ ન્યુટ્રેલા, મહાકોષ સનરિચ અને રૂચી ગોલ્ડ જેવી ઘરેલુ બ્રાન્ડિસ રજૂ કરી છે. - પીળી ક્રાંતિ - તેલિબિયાં ક્ષેત્રે ક્રાંતિ.

❖ 2030 સુધી કૂતરાથી થતા હડકવાને અટકાવવા / બંધ કરવાના એક્શન પ્લાન.
- ✓ વિશ્વ હડકવા દિવસ નિમિત્તે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી મનસુખ માંડવિયા અને કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉધોગ મંત્રીશ્રી પુરૂષોતમ રૂપાલાએ NAPRE કાર્યક્રમ લોન્ચ કર્યો.
- ✓ NAPRE - National Action plan for dog mediated Rabbis Elimination.
- ✓ હડકવા 100% જીવલેણ છે પરંતુ રસીકરણથી તે 100% મટાડી પણ શકાય છે. વિશ્વમાં હડકવાથી થતા મૃત્યુમાં 33% હિસ્સો ભારતનો છે.

❖ અમેરિકન એરલાઇન્સ અને ઇંડિગોએ 'કોડરોર' પર હસ્તાક્ષર કર્યા.
- ✓ આ હસ્તાક્ષરના આધારે ઇન્ડિગો 29 સ્થાનિક માર્ગોને US એરલાઇન્સ સાથે જોડાશે.
- ✓ કોડરોર એ બે અથવા વધારે એરલાઇન્સ વચ્ચેની વેપાર વ્યવસ્થા છે, જે એરલાઇન્સના તેના પાર્ટનર સાથેના જોડાણથી મુસાફરો એક યા બીજામાં મુસાફરીની સવલતો પૂરી પાડે છે.

❖ કૃલપ્રીત યાદવની નવી બુક :- 'ધ બેટલ ઓફ રેજાંગ લો'
- ✓ કુલપ્રીત યાદવ પૂર્વ નૌસેના અધિકારી તથા લેખક છે.
- ✓ આ પુસ્તક 120 ભારતીય સૈનિકો આધારિત છે જે 1962ના ભારત-ચીન યુદ્ધ દરમિયાન ચીનના 5000ના સૈન્ય સામે લડી લદાખ વિસ્તારને ચીનના કબજે થતાં બચાવ્યુ હતું.
- ✓ આ લડતમાં 13 કુમાઉ બટાલિયનની 'ચાર્લી કંપની'એ ચીન સામે લડત આપી હતી.
- ✓ યાદવે રોમાંસ, જાસુસી, સાચા અપરાધ સબંધિત અનેક પુસ્તકો લખ્યાં છે. તેમને ગુડગાંવ સાહિત્ય મહોત્સવ (2018) માં 'મર્ડર ઇન પહરગંજ' માટે શ્રેષ્ઠ સાહિત્ય લેખકનો એવોર્ડ મળ્યો હતો.

❖ જુડીમા રાઇસ વાઇનને GI ટેગ મળ્યું.

- ✓ જુડીમાં રાઇસ વાઇન આસામનું એક પીણું છે જેણે GI ટેગ મળ્યો.
- ✓ આ વાઇન આસામના દિમાસા આદિજાતિ દ્વારા બનાવવામાં આવે છે.
- ✓ આ વાઇન લાંબો સમય સુધી સાચવી શકાય છે. તથા તેને બનાવવા માટે એક અઠવાડિયા જેવો સમય લાગે છે.
- ✓ 2018માં YADEM - Youth Association for Development and Empowerment દ્વારા GI Tag માટે માન્યતા આપવાની અરજી દાખલ કરી હતી.

❖ 29 સપ્ટેમ્બર :- World Heart Day.

- ✓ 1999માં વિશ્વ હ્રદય સંસ્થા દ્વારા આ ઉજવણી કરવા માટે સપ્ટેમ્બર મહિનનો છેલ્લો રવિવાર નક્કી કરાયો હતો.
- ✓ સપ્ટેમ્બર, 2000માં સ્થાપિત વિશ્વ હ્રદય ફેડરેશન દ્વારા આ દિવસની ઉજવણી વર્ષ 2012થી 29 સપ્ટેમ્બરે કરવાનો નિર્ણય કરાયો.
- ✓ હ્રદય અંગે સબંધિત લોકોને માહિતગાર કરવા આ દિવસ ઉજવાય છે. અહેવાલ મુજબ વર્ષે 18.6 મિલિયન લોકો હ્રદય રોગથી મૃત્યુ પામે છે.
- ✓ વર્ષ 2021ની થીમ : 'યુઝ હાર્ટ ટૂ કનેક્ટ'

------------ કરન્ટ ઇન શોર્ટ ------------

- ✓ બ્રિટનની રોયલ ટંકશાળે પ્રથમ વખત લક્ષ્મીદેવી સ્વરૂપમાં ગોલ્ડબાર લોન્ચ કર્યો. રાયલ મિન્ટના ડિઝાઇન ઇમાનોબેલે લક્ષ્મીદેવીની મૂર્તિની ડિઝાઇન તૈયાર કરી છે.
- ✓ વાર્ષિક 5.88% ના દર સાથે ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવા માટે NPCI (નેશનલ પેમેન્ટ્સ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા) અને ફેડરલ બેંકે કરાર કર્યો.
- ✓ કેન્દ્ર સરકારે તાજેતરમાં ચાલુ વિદેશ વેપાર નીતિ 2015-20ને માર્ચ 2022 સુધી વધારવાનો નિર્ણય કર્યો.

**30 સપ્ટેમ્બર**

❖ AU-SFB અને NABARD વચ્ચે કરારો થયા.

- ✓ AU-SFB અને AU Small Finance Bank
- ✓ NABARD = National Bank for Agriculture and Raral Development.
- ✓ બંને વચ્ચેના કરારો રાજસ્થાનમાં ખેડૂતો, ખેડૂત ઉત્પાદક મંડળીઓ, સ્વસહાય જૂથો, ગ્રામીણ કારીગરો, કૃષિ પ્રારંભિક ઉધોગો માટે લોકોને લાભ પ્રદાન કરવા થયા છે.
- ✓ AU બેંક આ કરાર હેઠળ કૃષિ ક્ષેત્રની લોન માટે ખેડૂતોને ફાયદા કારક રહે તેવી સ્કિમોનું નિરૂપણ કરશે.

❖ ચીન 2028માં ચંદ્રયાન લોન્ચ કરશે.

- ✓ ચીન આ કાર્યક્રમ હેઠળ હેવી ડ્યુટી રોકેટ લોન્ચ કરશે જે ચંદ્ર પર ક્રૂ સ્પસક્રાફ્ટ મોકલવામાં ઉપયોગી થશે.
- ✓ ચીનની એરોસ્પેસ સાયન્સ એન્ડ ટેક.ના ડે. ડિઝાઇનર લિંગુ બિંગના જણાવ્યાનુસાર હેવી-લિફ્ટ લોન્ચ વ્હિકલ 15થી 20 ટનનું સ્પેસક્રાફ્ટ ચંદ્રપર જવા સક્ષમ હશે.
- ✓ અવકાશી ટેકનોલોજી માટે ચીનની સરખામણીમાં અમેરિકા વધુ પાવરધું હોવાથી 2024 સુધીમાં અમેરિકા ચંદ્ર સુધી અવકાશયાત્રીઓને મોકલવાની તૈયારી કરી રહ્યું છે.

❖ વીજ મંત્રાલયે 'વિવાદ નિવારણ તંત્ર'ની મંજુરી આપી.

- ✓ વીજ મંત્રાલયે આ માટે IE (Independent Enginery) 'સ્વતંત્ર એન્જિનિયરો'ની નિમણૂક હાઇડ્રોપાવર જનરેશન એકમો માટે ફરજિયાત બનાવી.
- ✓ IE જે તે વિભાગના જાણકાર તથા કાયદાકીય બાબતો સાથે જોડાયેલ હશે જે હાઇડ્રોપાવર ક્ષેત્રના રોકાણકારોને જરૂરી માહિતી પ્રદાન કરશે તથા તેમની તકરારોનું નિવારણ કરશે.
- ✓ સમગ્ર નિવારણ તંત્ર અંતર્ગત IEના અધ્યક્ષ સ્થાને પાંચ વર્ષની અવધિ માટે કમિટિની રચના કરાશે. આ કમિટિમાં સભ્યોની નિમણુંક વીજ મંત્રાલયના નિર્ણયને આધિન રહેશે.

❖ 30 સપ્ટેમ્બર :- International Translation Day (આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ)
- ✓ 2021ની  થીમ - યુનાઇટેડ ઇન ટ્રાન્સલેશન.
- ✓ સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભા દ્વારા 2017ના રોજ ઠરાવ પસાર કરી આ દિવસ ઉજવવાની શરૂઆત કરી.
- ✓ બાઇબલના અનુવાદક સેન્ટ જેરોમને 'અનુવાદના આશ્રયદાતા' (Translator) તરીકે ઓળખવામાં આવે છે. તેમનું મૃત્યુ 30 સપ્ટેમ્બરને અનુવાદ દિવસ ઉજવવાનું નક્કી કરાયું.

❖ મિડ ડે મીલ યોજના હવેથી PM પોશન યોજના.
- ✓ કેન્દ્રીય મંત્રીમંડળે મધ્યાહ્ન ભોજન યોજના (મીડ ડે મીલ)નું નામ બદલીને PM પોષણ યોજના કર્યું.
- ✓ PM પોષણ અભિયાન હવેથી પ્રી- પ્રાઇમરી ના વિદ્યાર્થીઓને પણ મધ્યાહ્ન ભોજનનો લાભ પ્રદાન કરશે.
- ✓ આ પોષણ યોજના કેન્દ્ર અને રાજ્ય સરકાર સંયુક્ત રીતે 2021-22 થી 2025-26 એમ પાંચ વર્ષ લાગુ કરશે.
- ✓ મધ્યાહ્ન ભોજન યોજના વર્ષ 1995માં  P.V. Narshimha Rao (વડાપ્રધાન) ના સમયમાં શરૂ થઇ હતી.

❖ વડાપ્રધાન મોદી દ્વારા 'ઇન્સ્ટિટ્યુટ ઓફ પેટ્રોકેમિકલ્સ ટેકનોલોજી'નું ઉદ્ઘાટન
- ✓ વડાપ્રધાન મોદીએ જયપુર (રાજસ્થાન) ખાતે (IPET Central Institute of Petrochemicals Engineering and technology) નું ઉદ્ઘાટન કરાયું.
- ✓ હાલ ભારત પોતાની પેટ્રોકેમિકલ ક્ષમતા વધારવા માટેના પ્રયત્નો કરે છે. વર્ષ 2025 સુધીમાં તેલ શુદ્ધિકરણ ક્ષમતા 400 mtpa (million Tonner pay annum) કરવાનો લક્ષ્યાંક ભારત દેશ ધરાવે છે.
- ✓ વડાપ્રધાને આ સાથે રાજસ્થાનના બાસવાડા, સિરોહી, હનુમાનજઢ અને દૌસા ખાતે મેડિકલ કોલેજોનો શિલાન્યાસ પણ કર્યો.

❖ નાગાલેન્ડની નાગા કાકડીને GI ટેગ મળ્યો.
- ✓ નાગા કાકડી તેની લીલાશ તથા મીઠાશ માટે જાણીતી છે.
- ✓ આ કાકડીમાં કેલરીનું પ્રમાણ ઓછું અને પોટોશિયમ (K)નું પ્રમાણ વધુ જોવા મળે છે.
- ✓ નાગાલેન્ડના ખેડૂતો ઝૂમ ખેતી પદ્ધતિ દ્વારા ખરીફ ઋતુ (એપ્રીલ-મે)માં કાકડીનું ઉત્પાદન કરે છે.
- ✓ નાગાલેન્ડની અન્ય કિંગ ચીલી અને નાગા ટ્રી ટોમેટો ને પણ અગાઉ GI ટેગ મળ્યો છે.

❖ અમેરિકાની હાઇપરસોનિક મિસાઇલ 'Mach-5'.
- ✓ અમેરિકાએ અવાજ કરતાં પાંચ ગણી વધુ ઝડપ ધરાવતી Mach-5નું સફળ પરિક્ષણ કર્યું.
- ✓ DARPA (Détente Advanced Reserch Projects Agency)એ હાઇપર સોનિક એર-બ્રીથિંગ વેપન કન્સેપ્ટ (HAW)ની મદદથી પરીક્ષણ કર્યું.
- ✓ આ મિસાઇલ એરોસ્પેસ અને ડિફેન્સ જાયન્ટ્સ રેથિયોન ટેકનોલોજીસ દ્વારા વિકસાવવામાં આવી છે.

❖ ભારતનો પ્રથમ સાઉન્ડપ્રુફ હાઇવે.
- ✓ કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ મધ્યપ્રદેશના સવની જિલ્લામાં પ્રથમ સાઉન્ડપ્રુફનું ઉદ્ઘાટન કર્યું જેની લંબાઇ 24 km છે.

- ✓ આ હાઇવેની બંને બાજુએ સ્ટીલની બનેલી દિવાલો આવેલી છે. જે વાહનોના અવાજને રસ્તાની બહાર જતા અટકાવશે.
- ✓ આ હાઇવે પેંચ ટાઇગર રિઝર્વ માંથી પસાર થતો હોવાથી પ્રાણીઓને ખલેલ ન પહોંચે તે માટે સાઉન્ડ પ્રૂફ બનાવાયો છે. સાથે સાથે વાહનોના લાઇટની અસર પ્રાણીઓને ન થાય તે માટે હેડલાઇટ રિડ્યુસર પણ લગાવાયા છે.

❖ સ્વિટ્ઝરલેન્ડે સમલૈંગિક લગ્નને કાયદેસર માન્યતા પ્રદાન કરી.

- ✓ સ્વટ્ઝરલેન્ડે આ કાયદાની અમલવારી માટે લોકમતનો ઉપયોગ કર્યો હતો.
- ✓ આ કાયદા થકી સમલૈંગિક યુગલો બાળકોને દત્તક લઇ શકશે તથા શુક્રાણુ બેંકમાં (Sperm bank) નોંધણી પણ કરાવી શકશે.
- ✓ સમલૈંગિક લગ્ન કરનારને પણ આ કાયદા હેઠળ વિષમલૈંગિક લગ્ન કરનાર જેવા જ સંસ્થાકીય અને કાનૂની અધિકારો અપાશે.
- ✓ મતદાનમાં 64% લોકોએ આ કાયદાના પક્ષમાં મત આપ્યો.
- ✓ ઇટાલી પશ્ચિમ યુરોપનો એકમાત્ર દેશ છે જે સમલિંગી યુગલોના લગ્નને મંજૂરી આપતો નથી.

--------------- કરન્ટ ઇન શોર્ટ --------------

- ✓ હરિયાણાના કર્નાલ ખાતે આયોજિત ઓલ ઇન્ડિયા સિવિલ સર્વિસ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં દશક્રોઇ તાલુકાની ગેરતપુર પ્રાથમિક શાળાના શિક્ષિકા દર્શના પટેલે ડિસ્ક થ્રોમાં સિલ્વર મેડલ મેળવ્યો.
- ✓ RBIએ વોર્ડની રચનાના નિયમોના ઉલ્લંઘન બદલ RBL બેંકને 2 કરોડનો દંડ ફટકાર્યો.
- ✓ 13 વર્ષથી નાના બાળકો માટે ઇન્સ્ટ્રાગ્રામ કિડ્સ શરૂ કરવાની જાહેરાત કરનાર ફેસબુકે હાલ મૃલત્વી રાખ્યું.
- ✓ સોનમર્ગ - કાશ્મીરથી લદ્દાખ વચ્ચે બનતી દૂનિયાની સૌથી ઊંચી (11,578 ફૂટ) અને લાંબી (19.5 km) ઝોઝિલા ટનલનું પરિવહન મંત્રી નિતિન ગડકરીએ નિરીક્ષણ કર્યું. ટનલ 2023 સુધીમાં પૂર્ણ થશે.
- ✓ ચીન દ્વારા 13મા ઇન્ટરનેશનલ એર શોની ઉજવણીના ભાગરૂપે સીએચ-6 નામક ડબલ એન્જિન ધરાવતા 4500 kmની મારક ક્ષમતાવાળા, પ્રતિ કલાક 700 kmની ઝડપના ડ્રોનની ઝલક બતાવી.
- ✓ હરિયાણા સરકારે બાજરાને 'ભાવાંતર ભરપાઇ યોજના'માં સામેલ કરી MSP હેઠળ લિસ્ટેડ કર્યો.




12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
**Quality એટલે Crack GPSC**

**ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી**

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ કલાસ કરવાની જરૂર જ નથી.

YouTube /Crack GPSC

### એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, કલાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

**કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...**

**ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી**

76000 51070

ક્રેક GPSC